# પ્રભાત

તંત્રી : આશિષ કોઠારી • Dt. : 20-07-2026 • Monday • Samvat : 2082 • Ashadha Sud-06 • Vol : 97 • No. : 197 • Page : 08 • Price : 2.00 • Prabhat-Ahmedabad * RNI No. 1815/57


### ચોમાસું સત્ર પહેલા ૪૦ પાર્ટીઓની સર્વપક્ષીય બેઠક

# આજથી સંસદના ચોમાસું સત્રનો પ્રારંભ : તોફાની બનવાની શક્યતા

નવી દિલ્હી, તા.૧૯

આવતીકાલથી શરૂ થઈ રહેલા સંસદના ચોમાસુ સત્ર પહેલા આજે સર્વપક્ષીય બેઠક યોજાઈ હતી, જેમાં મોટો વિવાદ ઉભો થયો છે. બેઠકમાં કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, ટીએમસી, ડીએમકે સહિત ૪૦ પક્ષોના નેતાઓ સામેલ થયા હતા. આ બેઠકમાં તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના ૨૦ બળવાખોર સાંસદોને સામેલ કરતા વિપક્ષોએ વાંધો ઉઠાવ્યો હતો. આ મામલે વિપક્ષના નેતાઓ વોકઆઉટ કરી ગયા છે.

## વંદે માતરમનું બિલ રજૂ કરાશે

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સોમવારે સંસદના ચોમાસા સત્ર દરમિયાન રાજ્યસભામાં વંદે માતરમ બિલ રજૂ કરશે. પ્રસ્તાવિત કાયદાનો ઉદ્દેશ્ય રાષ્ટ્રગીત, વંદે માતરમને હાલમાં રાષ્ટ્રગીત, જન ગણ મન જેવો જ કાનૂની અને ન્યાયિક રક્ષણ આપવાનો છે. જો આ બિલ લાગુ કરવામાં આવે તો, રાષ્ટ્રીય સન્માનના અપમાન નિવારણ કાયદામાં સુધારો કરીને વંદે માતરમનું અપમાન સજાપાત્ર ગુનો બનાવશે અને તેને કાનૂની રક્ષણની દ્રષ્ટિએ રાષ્ટ્રગીતની સમકક્ષ બનાવશે.

પ્રસ્તાવિત કાયદા હેઠળ, જે કોઈ પણ રાષ્ટ્રગીતનું ઈરાદાપૂર્વક અપમાન કરે છે અથવા તેના ગાવામાં અવરોધ ઉભો કરે છે તેને ત્રણ વર્ષ સુધીની જેલ, દંડ અથવા બંનેનો સામનો કરવો પડી શકે છે. હાલમાં, રાષ્ટ્રીય સન્માનના અપમાન નિવારણ અધિનિયમ રાષ્ટ્રગીતનું સન્માન ફરજિયાત કરે છે, જેના કારણે લોકોને તેના ગાન દરમિયાન ઉભા રહેવાની જરૂર પડે છે અને અનાદર અથવા અવરોધ ઉભો થાય તેવા કાર્યો પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

પ્રસ્તાવિત ફેરફારનો હેતુ વંદે માતરમ જેવું જ કાનૂની રક્ષણ પૂરું પાડવાનો છે, જેને રાષ્ટ્રગીત તરીકે માન્યતા આપવામાં આવી હોવા છતાં હજુ સુધી સમાન કાનૂની રક્ષણ મળ્યું નથી. પ્રસ્તાવિત કાયદા અનુસાર, જો બિલ સંસદના બંને ગૃહો દ્વારા પસાર થાય છે, તો વંદે માતરમનું અપમાન કરવું એક ફોજદારી ગુનો બનશે, જેનાથી રાષ્ટ્રગીતને અન્ય રાષ્ટ્રીય પ્રતીકો, જેમ કે રાષ્ટ્રગીત, રાષ્ટ્રધ્વજ અને બંધારણ જેવા જ કાનૂની દાયરામાં લાવવામાં આવશે.

સુધારેલા બિલમાં ખાસ કરીને ત્રણ વર્ષ સુધીની જેલ અને દંડની જોગવાઈ છે જો કોઈ રાષ્ટ્રગીત ગાવામાં અથવા તેના ગાનમાં રોકાયેલા કોઈપણ મેળાવડાને ઈરાદાપૂર્વક અટકાવે છે અથવા અવરોધે છે. આ કાનૂની પગલું કેન્દ્રીય ગૃહ મંત્રાલયના ૯ જુલાઈના



રોજ તમામ રાજ્યોને આપેલા નિર્દેશને અનુસરે છે, જેમાં ફરજિયાત છે કે જ્યારે પણ સરકારી કાર્યક્રમો દરમિયાન જન ગણ મન ગાવામાં આવે છે, ત્યારે તેની સામે વંદે માતરમ વગાડવામાં આવે. આ પ્રસ્તાવિત સુધારા પર સંસદના ચાલુ ચોમાસા સત્રમાં ચર્ચા થવાની અપેક્ષા છે.

કેન્દ્રીય સંસદીય કાર્યમંત્રી કિરેન રિજિજૂએ રવિવારે કહ્યું કે, સરકાર વિરોધ પક્ષની વાત સાંભળવા તૈયાર છે. તેમણે આશા વ્યક્ત કરી કે રાષ્ટ્રીય રાજધાનીમાં બોલાવવામાં આવેલી તમામ પક્ષોના ફ્લોર લીડર્સની બેઠકમાં વિરોધ પક્ષ પણ સકારાત્મક વલણ અપનાવશે. સર્વપક્ષીય બેઠક પહેલાં પત્રકારો સાથે વાત કરતાં રિજિજૂએ જણાવ્યું કે, સત્ર દરમિયાન સંસદનું કામકાજ સરળતાથી ચાલે તે માટે સરકારે ફ્લોર લીડર્સની બેઠક બોલાવી છે. બેઠકમાં તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના બાગી સાંસદોને આમંત્રિત કરવા અંગે પણ તેમણે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે, નિયમો મુજબ જૂથના સાંસદોને બેઠકમાં સ્થાન આપવામાં આવ્યું છે.

રિજિજૂએ કહ્યું કે, "સંસદનું ચોમાસુ સત્ર ૨૦ જુલાઈથી શરૂ થઈ રહ્યું છે. સરકારે આજે તમામ પક્ષોના ફ્લોર લીડર્સની બેઠક બોલાવી છે. અમે તમામ રાજકીય પક્ષોને અપીલ કરીએ છીએ કે તેઓ આ ચોમાસુ સત્રને સરળતાથી ચલાવવામાં સહયોગ આપે. સંસદ સૌની છે. સરકાર જે વિધેયક અને અન્ય વિધાનકારી કામકાજ રજૂ કરવા માગે છે, તેમાં સત્તાપક્ષ અને વિરોધ પક્ષ બંનેના સભ્યો રચનાત્મક રીતે ભાગ લેશે તેવી મને આશા છે. સંસદ જેટલી સારી રીતે કામ કરશે, તેટલો દેશને લાભ થશે."

કિરેન રિજિજૂએ તમામ પક્ષોને અર્થપૂર્ણ સત્ર માટે સાથે મળીને કામ કરવાની અપીલ પણ કરી છે. તેમણે વધુમાં કહ્યું કે, "હું ફરી એકવાર તમામ પક્ષોના નેતાઓને અપીલ કરું છું કે તેઓ સંસદનું કામકાજ સરળતાથી ચાલે તે સુનિશ્ચિત કરે અને તેમાં પોતાનો ફાળો આપે. અમે વિરોધ પક્ષની વાત સાંભળીશું અને આશા રાખીએ છીએ કે તેઓ પણ અમારી વાત સાંભળશે."

રક્ષામંત્રી રાજનાથ સિંહ, સ્વાસ્થ્યમંત્રી જે.પી. નડ્ડા, સંસદીય કાર્યમંત્રી કિરેન રિજિજૂ અને કાયદા રાજ્યમંત્રી અર્જુન રામ મેઘવાલ સહિત અનેક વરિષ્ઠ મંત્રીઓ સંસદ એનેક્સીમાં યોજાયેલી સર્વપક્ષીય બેઠકમાં હાજરી આપી રહ્યા છે. આ બેઠકમાં ભાગ લેવા પહોંચેલા વિરોધ પક્ષના સાંસદોનો મિજાજ જોકે ખાસ સારો જોવા મળ્યો નહોતો. રાજ્યસભાના સાંસદ જહોન બ્રિટાસે સ્પીકરની કચેરીની કામગીરીની ટીકા કરતાં આરોપ લગાવ્યો કે હવે તે સ્વતંત્ર રીતે કામ કરતી નથી. સર્વપક્ષીય ફ્લોર લીડર્સની બેઠક પહેલાં બ્રિટાસે કહ્યું કે, "સ્પીકર હવે સત્તાધારી પક્ષ માટે કબજો, વિલય અને ટેકઓવરનું સાધન બની ગયા છે. સંસદના સ્વતંત્ર સંરક્ષક અથવા કાયદાના રક્ષક જેવી કોઈ વ્યવસ્થા હવે રહી નથી. સ્પીકર સત્તાધારી પક્ષના હાથની કઠપૂતળી બની ગયા છે."

વિપક્ષોએ આક્ષેપ કર્યો છે કે, લોકસભા સ્પીકર ઓમ બિરલાએ હજુ સુધી ટીએમસીના બળવાખોર જૂથને માન્યતા આપી નથી, છતાં કેન્દ્ર સરકારે તેમના ૨૦ બળવાખોર સાંસદોને બેઠકમાં કેમ બોલાવ્યા?

### અમિત શાહે કરી સમીક્ષા

# જમ્મુ-કાશ્મીરમાં ભારે વરસાદના કારણે તબાહીઃ પૂર-ભૂસ્ખલનથી ૧૧ લોકોના મોત

જમ્મુ, તા.૧૯

જમ્મુ-કાશ્મીરમાં છેલ્લા કેટલાય દિવસથી સતત વરસી રહેલા મુશળધાર વરસાદે ભારે વિનાશ વેર્યો છે. ખાસ કરીને પૂંછ અને રાજૌરી જિલ્લામાં સ્થિતિ એટલી ગંભીર બની ગઈ છે કે પૂર જેવી સ્થિતિ, ભૂસ્ખલન અને મકાનો પડી જવાની ઘટનાઓમાં અત્યાર સુધીમાં ૧૧ લોકોના જીવ ગયા છે, જ્યારે ૬ લોકો હજુ લાપતા છે. સેંકડો લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે અને હજુ પણ બચાવ કામગીરી ચાલુ છે. હવામાન વિભાગે ૨૩ જુલાઈ સુધી ભારે વરસાદની આગાહી કર્યા પછી વહીવટી તંત્રએ સાવધાનીના ભાગરૂપે અમરનાથ યાત્રા, માતા વૈષ્ણો દેવી યાત્રા અને શિવખોરી યાત્રાને અસ્થાયી રૂપે સ્થગિત કરી દીધી છે. પુંછ અને રાજૌરીમાં વરસાદે જે તબાહી મચાવી છે તેનું વર્ણન કરવું મુશ્કેલ છે. રાજૌરીના બેલા કોલોની વિસ્તારમાં અચાનક વાદળ ફાટવાથી અને પૂર આવવાથી ગાડીઓ પાણીમાં તણાઈ ગઈ છે. મકાનો અને ખેતીની જમીનને ભારે નુકસાન થયું છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે, "જો વરસાદ આ જ રીતે ચાલુ રહ્યો તો વધુ મોટી આફત આવશે." અધિકારીઓએ તાત્કાલિક બચાવ ટીમો તૈનાત કરી છે. એનડીઆરએફ, પોલીસ અને સ્થાનિક વહીવટી તંત્રની ટીમો ફસાયેલા લોકો સુધી પહોંચવા અને રાહત સામગ્રી પહોંચાડવામાં લાગી ગઈ છે.

હવામાન વિભાગે ૨૩ જુલાઈ સુધી ભારે વરસાદની આગાહી કરી છે, તેથી સરકારે સાવધાનીના ભાગરૂપે મોટો નિર્ણય લીધો છે. અમરનાથ યાત્રા, માતા વૈષ્ણો દેવી યાત્રા અને શિવખોરી યાત્રા અસ્થાયી રૂપે સ્થગિત કરી દેવામાં આવી છે. હજારો યાત્રાળુઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ પગલું ભરવામાં આવ્યું છે. આ ઉપરાંત નદીઓ અને નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સતર્ક રહેવાની અપીલ કરવામાં આવી છે.

જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે હજુ પણ ટ્રાફિક માટે ખુલ્લો છે. બાંદીપોરા-ગુરેઝ, કુપવાડા-કરનાહ અને મુગલ રોડ પણ ખુલ્લા છે. પરંતુ ખરાબ હવામાનને કારણે સોનમર્ગ-લેહ રોડને બંધ કરી દેવામાં આવ્યો છે. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે અનંતનાગ, પહલગામ, કુલગામ, શોપિયાં, ગુલમર્ગ, સોનમર્ગ-ઝોજિલા જેવા વિસ્તારોમાં ભૂસ્ખલન, કાદવ ધસી પડવો અને અચાનક પૂર આવવાનું જોખમ છે. નદીઓમાં પાણીનું સ્તર વધી રહ્યું છે, તેથી નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની શક્યતા છે.

### ખડગે અને રાહુલ ગાંધીનો મોદીને પત્ર

# રામ મંદિર મામલે નિષ્પક્ષ તપાસની માંગ

નવી દિલ્હી, તા.૧૯

અયોધ્યાના રામ મંદિરમાં ભક્તો દ્વારા ચડાવવામાં આવેલા દાન અને ચઢાવાની ચોરીનો મામલો હવે દેશભરમાં એક મોટા રાજકીય વિવાદમાં ફેરવાઈ ગયો છે. લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી અને કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ સંયુક્ત રીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એક કડક પત્ર લખ્યો છે. આ પત્રમાં તેમણે રામ મંદિર દાન ચોરી કેસમાં તાત્કાલિક અસરથી એક સ્વતંત્ર અને વ્યાપક તપાસની માંગ કરી છે. તેમણે જણાવ્યું છે કે આ કૌભાંડના કારણે દેશના લાખો રામભક્તોની આસ્થાને ઠેસ પહોંચી છે અને તેઓ વિશ્વાસઘાત અનુભવી રહ્યા છે.

કોંગ્રેસના બંને દિગ્ગજ નેતાઓએ શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના વહીવટ પર આકરા સવાલો ઉઠાવ્યા છે. પત્રમાં લખવામાં આવ્યું છે કે, "સુપ્રીમ કોર્ટના આદેશ બાદ સંસદમાં વડાપ્રધાન દ્વારા આ ટ્રસ્ટની રચનાની જાહેરાત કરવામાં આવી હતી, પરંતુ તેના તમામ સભ્યોની નિમણૂક માત્ર કેન્દ્ર સરકાર દ્વારા જ કરવામાં આવી છે." તેમણે આરોપ લગાવ્યો કે ટ્રસ્ટના સભ્યો રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) અને વિશ્વ હિન્દુ પરિષદ (VHP) સાથે જોડાયેલા છે. આ ઉપરાંત, પત્રમાં ટ્રસ્ટના ભૂતપૂર્વ જનરલ સેક્રેટરીને વડાપ્રધાનના નજીકના સહયોગી ગણાવીને તેમની સામે પણ નિશાન સાધવામાં આવ્યું છે. કોંગ્રેસી નેતાઓએ પત્રમાં સવાલ ઉઠાવતા કહ્યું કે, "આવડા મોટા ગુના સામે વડાપ્રધાનનું મૌન અસ્વીકાર્ય છે. દેશના લાખો લોકોએ પોતાની મહેનતની કમાણી શ્રદ્ધાપૂર્વક મંદિરમાં દાન કરી છે, જેમાં કરોડો રૂપિયાની ચોરી થઈ હોવાની આશંકા છે. આ મામલામાં જવાબદારી નક્કી કરવી એ સરકારની ફરજ છે." આ વિવાદ ત્યારે સામે આવ્યો જ્યારે વ્હીસલબ્લોઅર્સે (માહિતી લીક કરનારાઓએ) ખુલાસો કર્યો કે રામ મંદિરમાંથી અંદાજે ૭ કરોડ રૂપિયાની રોકડ અને દાગીનાની ઉચાપત કરવામાં આવી છે. આ મામલો બહાર આવતા જ ઉત્તર પ્રદેશ સરકારે ટ્રસ્ટના ખાતાઓ અને દાન ગણતરી રૂમની તપાસ માટે એક સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) ની રચના કરી છે, જ્યારે સુપ્રીમ કોર્ટે પણ આ તપાસનો સ્ટેટસ રિપોર્ટ માંગ્યો છે. પોલીસે અત્યાર સુધીમાં આ કેસમાં કટોકટીની કડીઓ મેળવીને ૮ લોકોની ધરપકડ કરી છે. જેમાં મંદિરના કર્મચારીઓ, બેંકના સ્ટાફ અને ટ્રસ્ટના અધિકારીઓના નજીકના સહયોગીઓ સામેલ છે.

### તેહરાનમાં બેનર લગાવીને જાહેર કર્યો ઈરાદો

# ઈરાનના નિશાના ઉપર ટ્રમ્પ પરિવાર

તેહરાન, તા.૧૯

અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી એકવાર યુદ્ધ ભડક્યું છે. અમેરિકાની સેના સતત ઈરાનના વિવિધ શહેરો અને ઠેકાણાઓ પર બોમ્બમારો કરી રહી છે. તો બીજી તરફ ઈરાન પણ પલટવાર કરવામાં પાછળ નથી. ઈરાન પણ ખાડી દેશોમાં આવેલા અમેરિકાના સૈન્ય મથકોને નિશાન બનાવી રહ્યું છે. પોતાના સુપ્રીમ લીડર આયતુલ્લાહ ખામેનેઈ અને રક્ષા મંત્રીના મોતનો ગુસ્સો પણ તેમાં સ્પષ્ટ જોવા મળી રહ્યો છે. પોતાના આ જ ગુસ્સાને વ્યક્ત કરવા માટે શનિવારે તેહરાનમાં એક બેનર લગાવવામાં આવ્યું હતું, જેમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના આખા પરિવારની તસવીરો અમેરિકી ધ્વજમાં લપેટેલા કફનની ઉપર જોવા મળી રહી હતા.

સોશિયલ મીડિયા પર આ બેનરની તસવીરો વાયરલ થઈ ગઈ છે. બેનરના બેકગ્રાઉન્ડમાં વ્હાઈટ હાઉસને સળગતી હાલતમાં દર્શાવવામાં આવ્યું હતું. તો ટ્રમ્પ, તેમની બીજી પત્ની મેલાનિયા ટ્રમ્પ અને પાંચેય બાળકો ઈવાન્કા, ડોન જુનિયર, એરિક, ટિફની અને બેરોન ટ્રમ્પના ફોટા તે કફનની ઉપર દેખાડવામાં આવ્યા હતા. બેનર પર ફારસી ભાષામાં ખૂનનો બદલો ખૂન એવો નારો લખ્યો હતો.

અમેરિકા સાથે ચાલી રહેલા સંઘર્ષમાં આ બીજી વખત બન્યું છે, જ્યારે ઈરાને કોઈ બેનર દ્વારા અમેરિકાના રાષ્ટ્રપતિને ધમકી આપી હોય. આ પહેલા પણ ઈરાને તેહરાનના ઈક્લિલાબ સ્ક્વેર પર એક બેનર લગાવ્યું હતું, જેમાં અમેરિકાના રાષ્ટ્રપતિને એક શબપેટીમાં સૂતેલા દર્શાવવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, ઈરાન પોતાના ગુસ્સાને વ્યક્ત કરવા માટે લાંબા સમયથી બેનર રણનીતિનો ઉપયોગ કરતું આવ્યું છે. અમેરિકા સાથે યુદ્ધ શરૂ થયા પછી તેહરાનના વિવિધ વિસ્તારોમાં ઈસ્લામિક ક્રાંતિ સાથે જોડાયેલા મોટા-મોટા બેનરો લગાવી રાખ્યા છે, જેથી લોકોને પ્રેરણા મળે અને તેઓ આ યુદ્ધમાં પોતાનો જીવ કુરબાન કરવા માટે આગળ આવે.

# જોર્ડનમાં ૨ અમેરિકન સૈનિકોના મોત ઉપર ભડક્યું અમેરિકા

જોર્ડન, તા.૧૯

અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ સતત વધી રહ્યો છે. અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ (ઝઈદ્ભર્ઝસ) એ જણાવ્યું કે શનિવારે સાંજે ૬ કલાક (ઈસ્ટર્ન ટાઈમ) રાષ્ટ્રપતિના નિર્દેશ પર અમેરિકી સેનાએ ઈરાન વિરુદ્ધ નવા હવાઈ હુમલા શરૂ કર્યા છે. આ હુમલાનો ઉદ્દેશ્ય હોર્મુઝમાં વ્યાવસાયિક જહાજો માટે ખતરો પેદા કરનારી ઈરાની ક્ષમતાઓને નબળી પાડવાનો અને જોર્ડનમાં અમેરિકી સૈનિકો પર હુમલો કરનારી ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સની કાર્યવાહીનો જવાબ આપવાનો છે.

જોર્ડનમાં ૧૭ જુલાઈએ ઈરાની બેલિસ્ટિક મિસાઈલ અને ડ્રોન હુમલા દરમિયાન બે અમેરિકી સૈનિકોના મોત થયા. તો એક અન્ય સૈનિક લાપતા છે. સૈનિકોની ઓળખ હાલ જાહેર કરવામાં આવી નથી. સેનાએ કહ્યું કે પરિવારજનોને સત્તાવાર સૂચના આપવાના ૨૪ કલાક બાદ તેના નામ જાહેર કરવામાં આવશે.

અમેરિકી સેનાએ જણાવ્યું કે હુમલા બાદ ચાર સૈનિકોને સારવાર માટે જોર્ડનની હોસ્પિટલમાં દાખલ કરાવવામાં આવ્યા છે.

# શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની બેઠક ૨૨ જુલાઈએ મળશે

અયોધ્યા, તા. ૧૯

ઉત્તરપ્રદેશના અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે ૨૨ જુલાઈના રોજ સાંજે ૪ વાગ્યે અયોધ્યામાં ટ્રસ્ટીઓની એક બેઠક બોલાવી છે. આ બેઠકના એજન્ડા અનુસાર, ટ્રસ્ટીઓ SITના અંતિમ અહેવાલ પર (જો ત્યાં સુધીમાં મળી જશે તો) ચર્ચા કરશે, અને વિવિધ સમિતિઓની પુનઃરચના કરશે, તેમજ ટ્રસ્ટની અગાઉની બેઠકોની કાર્યવાહીને મંજૂરી આપશે. રામ મંદિરના ચઢાવામાં (દાનમાં) ચોરીનો મામલો સામે આવ્યા બાદ, દેશભરમાં ભારે હોબાળો થયો હતો, અને ટ્રસ્ટને લઈને સવાલો ઉભા થયા હતા. આ ઘટના બાદ યોજાયેલી ટ્રસ્ટની બેઠકમાં જનરલ સેક્રેટરી ચંપત રાય અને ટ્રસ્ટી અનિલ મિશ્રાના રાજીનામાનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

અયોધ્યા સ્થિત રામ મંદિરમાં રામલલાના દર્શન માટે વિશ્વભરમાંથી શ્રદ્ધાળુઓ આવે છે, અને અહીં દરરોજ ભારે દાન-દક્ષિણા આવે છે. આવી સ્થિતિમાં તાજેતરમાં જ એ માહિતી સામે આવી હતી કે, રામ મંદિરના ચઢાવામાં ચોરી કરવામાં આવી રહી હતી. જ્યારે આ મામલાએ જોર પકડ્યું ત્યારે, એસઆઈટી (SIT) ની રચના કરવામાં આવી અને તપાસ સોંપવામાં આવી હતી. તપાસમાં અનેક ચોંકાવનારી બાબતો સામે આવી અને ઘણા લોકોની ધરપકડ કરવામાં આવી હતી. મંદિરમાં ચઢાવાની ચોરી કરનારા લોકો મંદિરમાં જ પોતાની સેવાઓ આપી રહ્યા હતા. આ મામલામાં ટ્રસ્ટના સભ્યો પર પણ બેદરકારીના આક્ષેપો થયા હતા, અને ટ્રસ્ટના જનરલ સેક્રેટરી ચંપત રાય અને ટ્રસ્ટી અનિલ મિશ્રાને રાજીનામું આપવું પડ્યું હતું. ત્યારબાદ રામ મંદિરના સંચાલનને સુધારવા માટે ઘણા ફેરફારો કરવામાં આવ્યા હતા, અને ટ્રસ્ટના મહત્વના હોદ્દાઓ પર બદલાવ કરવામાં આવ્યા હતા. રામ મંદિર ટ્રસ્ટ માટે નવા સીઈઓ (CEO)ની નિમણૂક અંગે અરજીઓ મંગાવવામાં આવી છે, જેનો સ્પષ્ટ અર્થ છે કે, ટૂંક સમયમાં જ મંદિરના સંચાલનની કમાન કોઈ વ્યક્તિને સીઈઓ બનાવીને સોંપવામાં આવશે.

### કેબિનેટની મહોર; વિધાનસભામાં રજૂ કરાશે બિલ

# મધ્ય પ્રદેશમાં લાગુ થશે યુનિફોર્મ સિવિલ કોડ

ભોપાલ, તા.૧૯

મધ્ય પ્રદેશમાં એક દેશ, એક કાયદોની દિશામાં રવિવારે એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવની અધ્યક્ષતામાં ભોપાલના બહારના વિસ્તાર જગદીશપુરમાં મંત્રી પરિષદની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સમાન નાગરિકસંહિતા (UCC) અધિનિયમ ૨૦૨૬ના મુસદ્દાને સર્વસંમતિથી મંજૂરી આપવામાં આવી છે. કેબિનેટમાંથી લીલી ઝંડી મળ્યા બાદ હવે આ વિધેયકને આવતીકાલે એટલે કે, ૨૦ જુલાઈથી શરૂ થઈ રહેલા મધ્ય પ્રદેશ વિધાનસભાના ચોમાસુ સત્રમાં રજૂ કરવામાં આવશે.

કેબિનેટ બેઠક બાદ આ નિર્ણયની જાહેરાત કરતા મુખ્યમંત્રી મોહન યાદવે જણાવ્યું કે, તમામ મંત્રીઓએ પ્રસ્તાવિત કાયદાનું જોરદાર સમર્થન કર્યું છે. તેમણે કહ્યું, આજે મધ્ય પ્રદેશ કેબિનેટે પૂરા દિલથી અને સર્વસંમતિથી સમાન નાગરિક સંહિતા વિધેયક, ૨૦૨૬ને મંજૂરી આપી દીધી છે. હું મારા તમામ કેબિનેટ સહયોગીઓ અને રાજ્યની જનતાને અભિનંદન આપું છું. આ વિધેયક હવે ૨૦ જુલાઈથી શરૂ થનારા વિધાનસભા સત્ર દરમિયાન પટલ પર રાખવા માટે તૈયાર છે. તેમણે આગળ કહ્યું કે, સરકાર સમાનતાને ભારતીય સભ્યતાનો મૂળ સિદ્ધાંત માને છે, અને આ જ દ્રષ્ટિકોણને ધ્યાનમાં રાખીને આ કાયદાનો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો છે.

કેબિનેટની મંજૂરી મળ્યા બાદ, રાજ્ય સરકાર સોમવારથી શરૂ થઈ રહેલા મધ્ય પ્રદેશ વિધાનસભાના ચોમાસુ સત્રમાં UCC વિધેયક રજૂ કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. ગૃહમાં રજૂ થયા બાદ, કાયદો બનતા પહેલા આ વિધેયક પર વિગતવાર ચર્ચા અને આગળની કાયદાકીય પ્રક્રિયાઓ પૂર્ણ કરવામાં આવશે. પ્રસ્તાવિત કાયદાનો હેતુ નાગરિક બાબતો માટે એક સમાન કાનૂની માળખું બનાવવાનો છે, જે આ કોડના દાયરામાં આવતી બાબતોમાં અલગ-અલગ સમુદાયો માટેના અલગ-અલગ પર્સનલ કાયદાઓનું સ્થાન લેશે.

સમાન નાગરિકસંહિતા (UCC) વિધેયકનો હેતુ લગ્ન, છૂટાછેડા, વારસો, દત્તક લેવા અને ઉત્તરાધિકાર જેવી બાબતોમાં ધર્મથી પર જઈને તમામ નાગરિકો માટે એક સમાન નાગરિક કાયદો લાગુ કરવાનો છે.

### સફદરજંગ હોસ્પિટલે જાહેર કર્યું હેલ્થ બુલેટિન

# અનશનને કારણે સોનમ વાંગચુકના બ્લડ પેરામીટર્સમાં કેટલાક ફેરફાર થયા

નવી દિલ્હી, તા.૧૯

લદ્દાખની માંગોને લઈને લાંબા સમયથી ચર્ચામાં રહેનાત એક્ટિવિસ્ટ સોનમ વાંગચુકના સ્વાસ્થ્યને લઈને મોટા અપડેટ સામે આવ્યા છે. દિલ્હીની વર્ધમાન મહાવીર મેડિકલ કોલેજ અને સફદરજંગ હોસ્પિટલ તરફથી તેમના સ્વાસ્થ્યને લઈને હેલ્થ બુલેટિન જાહેર કરવામાં આવ્યું છે. કહેવામાં આવ્યું છે કે લાંબા સમય સુધી અનશન પર રહેવાને કારણે તેમના શરીર પર તેની અસર પડી છે. જોકે તેમના મુખ્ય પેરામીટર્સ સ્થિર છે, પરંતુ ડોક્ટરોની ટીમ કોઈ જોખમ લેવા ઈચ્છતા નથી.

હોસ્પિટલ મેનેજમેન્ટ તરફથી જારી જાણકારી પ્રમાણે તેમને દરેક જરૂરી ડોક્ટરની સહાયતા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. ડોક્ટરોનું કહેવું છે કે લાંબા સમય સુધી ઉપવાસ કે અનશન પર રહેવાને કારણે તેમના શરીરના અંગો અને આંતરિક સિસ્ટમ પર વધુ અસર પડી છે. આ કારણે તેમને તત્કાલ ડોક્ટરની દેખરેખમાં લાવવામાં આવ્યા, જેથી કોઈ મોટી મુશ્કેલીથી બચી શકાય.

સોનમ વાંગચુકના સ્વાસ્થ્ય અંગે હોસ્પિટલે જણાવ્યું કે તેમના વાઈટલ પેરામીટર્સ એટલે કે બ્લડ પ્રેશર અને પલ્સ જેવી વસ્તુ કંટ્રોલમાં અને સ્થિર છે. પરંતુ આ સાથે ડોક્ટરોએ સ્પષ્ટ કર્યું કે તેમના બ્લડ પેરામીટર્સમાં થોડો ઉતાર-ચઢાવ જોવા મળ્યો છે. લાંબા સમય સુધી ભૂખ્યા રહેવાને કારણે શરીરમાં થનાર ફેરફારોને જોતા તેમને ખાસ મેડિકલ કેરમાં રાખવામાં આવ્યા છે. ડોક્ટરોનું કહેવું છે કે આવા સમયે દર્દીઓ પર સતત નજર રાખવાની જરૂર હોય છે. સોનમ વાંગચુકની સારવાર માટે ડોક્ટરોની એક મોટી અને અનુભવી ટીમ કામ કરી રહી છે.




# જર્મનીમાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા પાંચ વર્ષમાં બમણી

અમેરિકા, બ્રિટન, કેનેડા અને ઓસ્ટ્રેલિયા હજુ પણ ભારતીય વિદ્યાર્થીઓ માટે વિદેશમાં ઉચ્ચ શિક્ષણના મુખ્ય કેન્દ્રો છે. જોકે, વધતી ટ્યુશન ફી, જીવનનિર્વાહનો ખર્ચ અને કડક બનતા વિઝા નિયમોને કારણે હવે ભારતીય વિદ્યાર્થીઓ આયર્લેન્ડ, ફ્રાન્સ, નેધરલેન્ડ્સ અને ખાસ કરીને જર્મની જેવા ઉભરતા શિક્ષણ કેન્દ્રો તરફ વધુ વળી રહ્યા છે.

વર્ષ ૨૦૨૦માં જર્મનીમાં ૨૮,૯૦૫ ભારતીય વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા, જે સંખ્યા ૨૦૨૪-૨૫ના શૈક્ષણિક વર્ષમાં વધીને ૫૯,૪૧૯ પર પહોંચી છે. એટલે કે માત્ર પાંચ વર્ષમાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા બમણી થઈ છે. આ સાથે ભારતે ચીનને પાછળ રાખીને જર્મનીમાં સૌથી વધુ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ ધરાવતો દેશ બનવાનો રેકોર્ડ નોંધાવ્યો છે, જ્યારે તુર્કી આ યાદીમાં ત્રીજા સ્થાને છે.

ઓક્સિલો ફિનસર્વના ચીફ બિઝનેસ ઓફિસરઃ ગ્લોબલએડ, શ્વેતા ગુરુએ જણાવ્યું હતું કે, 'જર્મનીની ઈન્સ્ટિટ્યૂટ ફોર એમ્પ્લોયમેન્ટ રિસર્ચના અંદાજ મુજબ વર્ષ ૨૦૩૫ સુધીમાં દેશમાં આશરે ૭૦ લાખ કુશળ વ્યાવસાયિકોની જરૂર પડશે. આ માંગ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે લાંબા ગાળાની કારકિર્દીની અસાધારણ તકો ઊભી કરી રહી છે.'



શ્વેતા ગુરુ, ઓક્સિલો

ભારતીય વિદ્યાર્થીઓ માટે જર્મનીનું સૌથી મોટું આકર્ષણ ઓછી કિંમતમાં ઉચ્ચ ગુણવત્તાનું શિક્ષણ છે. વર્ષ ૨૦૨૫માં લીપ સ્કોલર દ્વારા ત્રણ મિલિયનથી વધુ વિદ્યાર્થીઓ વચ્ચે કરવામાં આવેલા સર્વે મુજબ લગભગ ૭૫ ટકા વિદ્યાર્થીઓએ અભ્યાસનો ખર્ચ અને પરવડે તેવી ફી ને વિદેશમાં અભ્યાસ માટેનું સૌથી મહત્વપૂર્ણ પરિબળ ગણાવ્યું હતું. ત્યારબાદ ૭૦ ટકા વિદ્યાર્થીઓએ સ્કોલરશિપ અને ૫૮ ટકા વિદ્યાર્થીઓએ કારકિર્દીની તકોને પ્રાથમિકતા આપી હતી. નોંધપાત્ર બાબત એ છે કે યુનિવર્સિટીની રેંકિંગ વિદ્યાર્થીઓના નિર્ણયને પ્રભાવિત કરતા ટોચના પાંચ પરિબળોમાં પણ સામેલ નહોતી.

જર્મનીની જાહેર યુનિવર્સિટીઓમાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ પાસેથી પણ ટ્યુશન ફી લેવામાં આવતી નથી. વિદ્યાર્થીઓને માત્ર •150 થી •350 (આશરે ?૧૬,૦૦૦ થી ?૩૮,૦૦૦) જેટલી સેમેસ્ટર ફી ચૂકવવાની હોય છે, જેમાં મોટાભાગે સ્થાનિક જાહેર પરિવહનની સુવિધાનો પણ સમાવેશ થાય છે.

અગાઉ ભાષા જર્મનીમાં અભ્યાસ માટેનો મુખ્ય પડકાર માનવામાં આવતી હતી, પરંતુ હવે તે સ્થિતિ બદલાઈ ગઈ છે. હાલમાં દેશમાં ૨,૪૦૦થી વધુ ડિગ્રી કોર્સ સંપૂર્ણપણે અંગ્રેજી માધ્યમમાં ઉપલબ્ધ છે, જેમાં મોટી સંખ્યામાં માસ્ટર્સ કાર્યક્રમોનો પણ સમાવેશ થાય છે.

જર્મનીમાં અભ્યાસ દરમિયાન સૌથી મોટો ખર્ચ જીવનનિર્વાહનો હોય છે. વિદ્યાર્થીઓએ જર્મની પહોંચતા પહેલાં એક વર્ષના જીવનનિર્વાહ માટેનો ખર્ચ બ્લોક્ડ એકાઉન્ટમાં જમા કરાવવો ફરજિયાત હોય છે. વર્ષ ૨૦૨૬ માટે આ રકમ આશરે •11,904 (લગભગ ?૧૨.૯ લાખ) છે, જે વિદ્યાર્થીને જર્મની પહોંચ્યા બાદ દર મહિને સમાન હપ્તામાં આપવામાં આવે છે.

જર્મનીમાં બે વર્ષના માસ્ટર્સ અભ્યાસક્રમનો કુલ ખર્ચ, જેમાં જીવનનિર્વાહનો ખર્ચ પણ સામેલ છે, સામાન્ય રીતે ?૨૨ લાખથી ?૨૮ લાખ જેટલો થાય છે. જ્યારે આ જ અભ્યાસક્રમ માટે બ્રિટન અથવા અમેરિકા જેવા દેશોમાં વિદ્યાર્થીઓને ?૪૫ લાખથી ?૭૦ લાખ અથવા તેથી વધુ ખર્ચ કરવો પડી શકે છે.

જર્મનીમાં એન્જિનિયરિંગ અને આઈટી ક્ષેત્રના નવા સ્નાતકોને સામાન્ય રીતે દર વર્ષે •45,000થી •65,000 (લગભગ ?૪૯ લાખથી ?૭૦ લાખ) સુધીનું પ્રારંભિક વેતન મળતું હોય છે. ઉપરાંત, જે આંતરરાષ્ટ્રીય વ્યાવસાયિકો •45,300 (આશરે ?૪૯ લાખ) અથવા તેથી વધુ વાર્ષિક આવક મેળવે છે તેઓ EU Blue Card માટે પાત્ર બની શકે છે, જે ઝડપી વર્ક પરમિટ તેમજ આગળ જતાં કાયમી નિવાસ મેળવવાનો માર્ગ સરળ બનાવે છે.

શ્વેતા ગુરુએ વધુમાં જણાવ્યું હતું કે,'ભારતીય પરિવારો માટે જર્મનીએ વિદેશમાં અભ્યાસનું સમગ્ર ગણિત બદલી નાખ્યું છે. અહીં વિદ્યાર્થીઓને અભ્યાસ પૂર્ણ થયા બાદ યુરોપની સૌથી મોટી અર્થવ્યવસ્થામાં નોકરી શોધવા માટે ૧૮ મહિનાનો સમય મળે છે. ખાસ કરીને એન્જિનિયરિંગ, આઈટી અને ડેટા સાયન્સ જેવા ક્ષેત્રોના વિદ્યાર્થીઓ માટે શિક્ષણથી કારકિર્દી સુધીનો સ્પષ્ટ અને મજબૂત માર્ગ ઉપલબ્ધ બને છે.'

જર્મની વિશ્વના સૌથી સુરક્ષિત અને સ્થિર દેશોમાંનો એક છે. ઓછા ગુનાખોરી દર, ફરજિયાત આરોગ્ય વીમા, મજબૂત જાહેર સેવાઓ અને ઉચ્ચ જીવનધોરણને કારણે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે તે વિશ્વસનીય અને અનુકૂળ અભ્યાસસ્થળ તરીકે ઉભરી આવ્યું છે. ઓછો અભ્યાસ ખર્ચ, વિશ્વસ્તરીય શિક્ષણ, અંગ્રેજી માધ્યમના અભ્યાસક્રમો, અભ્યાસ પછી ૧૮ મહિનાની નોકરી શોધવાની તક અને મજબૂત રોજગાર બજારને કારણે જર્મની હવે ભારતીય વિદ્યાર્થીઓ માટે માત્ર વૈકલ્પિક નહીં, પરંતુ સ્માર્ટ વૈશ્વિક સ્ટડી ડેસ્ટિનેશન્સમાં ઝડપથી સ્થાન બનાવી રહ્યું છે.

# વધતા ડિજિટલ પ્રભાવ વચ્ચે બાળકોની વાંચન સંસ્કૃતિ માટે અમદાવાદ એક ઉભરતું કેન્દ્ર બની રહ્યું છે

બાળકોમાં ડિજિટલ માધ્યમોનો વધતો ઉપયોગ અને ઝડપભરી જીવનશૈલી વચ્ચે અમદાવાદના માતા-પિતા બાળકોમાં વાંચનની આદત વિકસાવવાના એવા વ્યવહારુ ઉપાયો શોધી રહ્યા છે, જે તેમના રોજિંદા પાલનપોષણની જવાબદારીઓમાં વધુ ભાર ઉમેરે નહીં. બાળકોની ઉંમરને અનુરૂપ પુસ્તકો પસંદ કરવાથી લઈને ખર્ચ, સંગ્રહ અને બાળકોની વધતી ઉંમર સાથે સતત નવા પુસ્તકોની જરૂરિયાત સુધી, પરિવારો હવે બાળકોને પુસ્તકો સાથે જોડાયેલા રાખવા માટે વધુ અનુકૂળ અને ટકાઉ વિકલ્પો અપનાવી રહ્યા છે.

આ બદલાતા વલણને કારણે ક્યુરેટેડ રીડિંગ મોડલ્સ પ્રત્યે રસ વધી રહ્યો છે, જેમાં માતા-પિતાને પુસ્તકો પસંદ કરવા માટે કલાકો ખર્ચવા પડતા નથી કે વારંવાર નવા પુસ્તકો ખરીદવાની જરૂર રહેતી નથી. સબસ્ક્રિપ્શન આધારિત બુક રીડિંગ સેવાઓ પરિવારોને વિવિધ પ્રકારના પુસ્તકો સુધી સરળ પહોંચ આપવાની સાથે વાંચનને બાળકોના દૈનિક જીવનનો વધુ નિયમિત ભાગ બનાવવામાં મદદરૂપ બની રહી છે.



આ પરિવર્તનનો અનુભવ કરી રહેલા પ્લેટફોર્મ્સમાંનું એક છે નીઓન, જે બાળકો માટેની એપ આધારિત બુક રેન્ટલ સેવા છે અને ટેક્નોલોજીને ઍક્સેસ આધારિત મોડલ સાથે જોડે છે. આ પ્લેટફોર્મ પર માતા-પિતા પોતાના બાળકની ઉંમર અને રસને અનુરૂપ ક્યુરેટેડ પુસ્તક સંગ્રહમાંથી પસંદગી કરી શકે છે, ઘર સુધી પુસ્તકોની ડિલિવરી મેળવી શકે છે અને સમયાંતરે પોતાના વાંચનના વિકલ્પોને બદલવાની સુવિધા પણ મેળવી શકે છે. હાલમાં ગુજરાતમાં આશરે ૫૦૦ પરિવારોને સેવા આપતી નીઓન માટે અમદાવાદ એક મહત્વપૂર્ણ બજાર તરીકે ઉભરી આવ્યું છે, જ્યાં તેનું વિસ્તરણ મુખ્યત્વે માતા-પિતાની ઓર્ગેનિક ભલામણો દ્વારા થયું છે.

નીઓનના સહ-સ્થાપક ક્રાંતિ ગડાએ જણાવ્યું હતું કે, "અમારા માટે અમદાવાદ ખરેખર એક સુખદ આશ્ચર્ય રહ્યું છે. માતા-પિતાની ઓર્ગેનિક ભલામણો દ્વારા પરિવારો નીઓન સુધી પહોંચી રહ્યા છે, તે દર્શાવે છે કે બાળકોમાં વાંચનની આદત વિકસાવવા માટે સરળ અને અર્થપૂર્ણ વિકલ્પોની વાસ્તવિક જરૂરિયાત છે. આજની વ્યસ્ત જીવનશૈલીમાં માતા-પિતા એવા ઉકેલો શોધી રહ્યા છે, જે તેમનો સમય બચાવે, વધુ સારી પસંદગી ઉપલબ્ધ કરાવે અને ગુણવત્તાયુક્ત પુસ્તકોને વધુ સરળતાથી ઉપલબ્ધ બનાવે, તે પણ તેમના પર વધારાનો બોજ મૂક્યા વગર."

ડિજિટલ પ્લેટફોર્મ્સના વધતા પ્રભાવને કારણે પરિવારો બાળકોના શિક્ષણ અને મનોરંજન તરફ કેવી રીતે આગળ વધે છે તેમાં પણ પરિવર્તન આવ્યું છે. ટેક્નોલોજી સાથે સ્પર્ધા કરવાને બદલે, નવી પેઢીના એપ આધારિત મોડલ્સ ડિજિટલ સુવિધાનો ઉપયોગ કરીને ઑફલાઈન વાંચનનો અનુભવ વધુ સરળ બનાવી રહ્યા છે. માતા-પિતા ડિજિટલ માધ્યમથી પુસ્તકો શોધી શકે છે, પોતાની પસંદગીઓ સંચાલિત કરી શકે છે અને ડિલિવરી ટ્રેક કરી શકે છે, જ્યારે બાળકો સ્ક્રીનથી દૂર રહીને પ્રિન્ટેડ પુસ્તકો સાથે જોડાયેલા રહે છે.

અમદાવાદનું મજબૂત શૈક્ષણિક વાતાવરણ પણ વાંચન આધારિત પહેલોને પ્રોત્સાહન આપી રહ્યું છે. શાળાઓ અને માતા-પિતા હવે વાંચન યાદીઓ, ઉંમર આધારિત ભલામણો અને વિવિધ રીડિંગ ચેલેન્જ જેવી વ્યવસ્થિત પહેલો અપનાવી રહ્યા છે, જે બાળકોમાં લાંબા ગાળાની વાંચનની આદત વિકસાવવામાં મદદરૂપ બને છે.

શહેરની બહુભાષી સંસ્કૃતિ પણ બાળકોના વાંચનની પસંદગીઓને પ્રભાવિત કરી રહી છે. પરિવારો અંગ્રેજી, ગુજરાતી અને દ્વિભાષી પુસ્તકો શોધી રહ્યા છે, જેથી બાળકો પોતાની ભાષા સાથે જોડાયેલી વાર્તાઓનો આનંદ માણી શકે. આ વધતી માંગને ધ્યાનમાં રાખીને નીઓન સ્થાનિક પ્રકાશકો અને લેખકો સાથે મળીને ગુજરાતી બાળપુસ્તકોનો સંગ્રહ વિસ્તારી રહ્યું છે. તાજેતરમાં જ પ્લેટફોર્મે આરજે ધ્વનિતનાં બાળકો માટેના ૧૦ પુસ્તકો પોતાના સંગ્રહમાં ઉમેર્યા છે, જેથી પરિવારોને પોતાની ભાષા અને સંસ્કૃતિ સાથે જોડાયેલી વધુ સ્થાનિક વાર્તાઓ ઉપલબ્ધ થઈ શકે.

સુવિધા ઉપરાંત, ક્યુરેટેડ બુક ઍક્સેસ સતત નવા પુસ્તકો ખરીદવાના વિકલ્પ કરતાં વધુ ટકાઉ મોડલ તરીકે પણ ઉભરી રહી છે. બાળકોની રસ-રુચિ અને વાંચન ક્ષમતા ઝડપથી બદલાતી હોવાથી પુસ્તકોને નિયમિત રીતે બદલવાની સુવિધા પરિવારોને વધુ વૈવિધ્યપૂર્ણ વાંચન અનુભવ આપવાની સાથે ઘરમાં અનાવશ્યક પુસ્તકોના સંગ્રહને પણ ઘટાડે છે.

અમદાવાદમાં જોવા મળતો આ સકારાત્મક પ્રતિસાદ આધુનિક પેરેન્ટિંગમાં આવી રહેલા મોટા પરિવર્તનને દર્શાવે છે, જેમાં પરિવારો એવી વ્યવહારુ અને અનુકૂળ સેવાઓ અપનાવી રહ્યા છે, જે આધુનિક જીવનશૈલી સાથે સુસંગત હોવા છતાં બાળકોના વાંચન જેવી અર્થપૂર્ણ બાળપણની આદતોને જાળવી રાખવામાં મદદ કરે છે.

ક્યુરેટેડ પુસ્તક સંગ્રહ, વ્યક્તિગત ભલામણો, વાંચન પડકારો અને સમુદાય આધારિત પહેલો દ્વારા નીઓન એક આધુનિક રીડિંગ ઈકોસિસ્ટમનું નિર્માણ કરી રહ્યું છે, જે સુવિધા, સરળ ઉપલબ્ધતા અને પ્રિન્ટેડ પુસ્તકોના શાશ્વત મૂલ્યને એકસાથે જોડે છે.

# પુનઃનિર્માણ મૂલ્ય અને બજાર મૂલ્ય વચ્ચેનો તફાવતઃ ઈન્શ્યોરન્સ વિશે ઘરમાલિકોની સામાન્ય ગેરસમજો

ઘર એ દરેક વ્યક્તિ માટે એક સુરક્ષિત આશ્રયસ્થાન હોય છે. આજના અનિશ્ચિત સમયમાં તમારા ઘરની યોગ્ય સુરક્ષા કરવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. કુદરતી આફતો અને ચોરી, આતંકવાદ, રમખાણો જેવી અણધારી ઘટનાઓ સામે તમારા ઘરને સુરક્ષિત રાખવા માટે હોમ ઈન્શ્યોરન્સ પૉલિસી લેવી એક ઉત્તમ વિકલ્પ છે.

હોમ/પ્રોપર્ટી ઈન્શ્યોરન્સ ખરીદતી વખતે, પુનઃનિર્માણ મૂલ્ય અને બજાર મૂલ્ય અંગે ગેરસમજ થવી એ સૌથી સામાન્ય ભૂલોમાંની એક છે. ઘણા લોકો આ બંને શબ્દોનો સમાનાર્થી તરીકે અથવા એકબીજાના વિકલ્પ તરીકે ઉપયોગ કરે છે, જેના પરિણામે ખાસ કરીને ક્લેઈમના સમયે ગેરસમજ અને અવ્યવસ્થા સર્જાય છે. તેથી, આ બે શબ્દો વચ્ચેનો તફાવત જાણવો મહત્વપૂર્ણ છે.

બજાર મૂલ્ય એટલે છે?

બજાર મૂલ્ય એ બજારમાં વેચાણ કરવામાં આવે તો કોઈ પ્રોપર્ટીને બદલે મળી શકે તેવી અંદાજિત કિંમત દર્શાવે છે. ઈન્શ્યોરન્સ પ્રપોઝલની સ્વીકૃતિ સમયે, સ્થાન અને માંગ, તુલનાત્મક પ્રોપર્ટી વેચાણ, બજારનું વલણ, પ્રોપર્ટીની સ્થિતિ અને આવક થવાની ક્ષમતા જેવા પરિબળો બજાર મૂલ્ય નક્કી કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. આપેલ તારીખે પ્રોપર્ટીનું મૂલ્ય એ ખરીદી, વેચાણ, ધિરાણ અને રોકાણના નિર્ણયોમાં મહત્વનું પરિબળ છે, કારણ કે તે પડોશના વિસ્તારની લોકપ્રિયતા અને બજારમાં ચાલી રહેલી વધઘટના આધારે ખરીદદાર આજે કેટલી કિંમત ચૂકવવા તૈયાર છે તે દર્શાવે છે.

બજાર મૂલ્યને ધ્યાનમાં રાખીને વીમા રકમ (સમ ઈન્શ્યોર્ડ) નક્કી કરવામાં આવે ત્યારે, તેની ગણતરી બાંધકામના ચોરસ ફૂટમાં દર્શાવેલા વિસ્તારને સરકાર દ્વારા નિર્ધારિત રેડી રેકનર દર સાથે ગુણાકાર કરીને અથવા મંજૂર મૂલ્યાંકનકારના મૂલ્યાંકન રિપોર્ટના આધારે કરવામાં આવે છે..

જો કે, ક્લેઈમ સેટલ કરતી વખતે, ઈન્શ્યોરન્સ કંપની પ્રોપર્ટીના ઘસારાને ધ્યાનમાં લે છે. તેથી, કુલ નુકસાનના ક્લેઈમના કિસ્સામાં બજાર મૂલ્ય આદર્શ રીતે લાભદાયક હોવું જોઈએ.

પુનઃનિર્માણ મૂલ્ય શું છે?



ગુરદીપસિંહબત્રા
હેડ - કોમર્શિયલયુડબ્લ્યુ, રિસ્કએન્જિનિયરિંગઅને ગ્લોબલ એકાઉન્ટ, બજાજ જનરલ ઈન્શ્યોરન્સ લિમિટેડ

બીજી તરફ, પુનઃનિર્માણ મૂલ્ય એ દર્શાવે છે કે પ્રોપર્ટી સંપૂર્ણપણે નષ્ટ થઈ જાય તો તેને પાયાથી ફરીથી બાંધવા અથવા પુનઃનિર્માણ કરવા માટે કેટલી રકમ જરૂરી છે, તેનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે ઈન્શ્યોરન્સની રકમ વાસ્તવિક પુનઃનિર્માણ મૂલ્યને યોગ્ય રીતે દર્શાવે. જ્યાં બજાર મૂલ્ય માંગ અને વેચાણ કિંમતને ધ્યાનમાં લે છે, ત્યાં પુનઃનિર્માણ મૂલ્ય ઘરને તેની અગાઉની સમાન સ્થિતિમાં ફરીથી તૈયાર કરવાના ખર્ચ પર કેન્દ્રિત રહે છે. તેની ગણતરીમાં બાંધકામની સામગ્રી, શ્રમ, આર્કિટેક્ટ અને સર્વેયરની પ્રોફેશનલ ફી તેમજ કાટમાળ હટાવવાનો ખર્ચ સામેલ કરવામાં આવે છે. તેમાં પૉલિસી હેઠળ પસંદ કરાયેલા ઍડ-ઑન કવરેજના આધારે બાંધકામ તોડવા અને કાટમાળ દૂર કરવા, વર્તમાન બાંધકામ પદ્ધતિઓ અને સ્થાનિક બાંધકામના નિયમોનું પાલન કરવા માટેના ખર્ચને પણ ધ્યાનમાં લેવામાં આવે છે.

ક્લેઈમના કિસ્સામાં પુનઃનિર્માણ મૂલ્ય માટે પ્રોપર્ટીના ઘસારાને ધ્યાનમાં લેવામાં આવતો નથી. ઈન્શ્યોરન્સ કંપનીને સચોટ પુનઃનિર્માણ મૂલ્ય પ્રદાન કરવાથી, તે પ્રીમિયમની ગણતરી માટેનો આધાર બને છે અને તે ખાતરી આપે છે કે નુકસાન પછી પ્રોપર્ટીને તેના સંપૂર્ણ પુનઃનિર્માણ મૂલ્ય મુજબ ફરીથી બાંધવા માટે પૂરતું ઈન્શ્યોરન્સ કવર ઉપલબ્ધ છે, જે પ્રોપર્ટીના માલિકોના હિતનું રક્ષણ કરે છે. ઉદાહરણ તરીકે, વાવાઝોડાના કારણે ઘરની બારીઓને નુકસાન થાય, તો ઈન્શ્યોરન્સ ધારક તેને તેની મૂળ સ્થિતિમાં પુનઃસ્થાપિત કરાવી શકશે.

દક્ષિણ મુંબઈ, દક્ષિણ દિલ્હી વગેરે જેવા ઊંચી કિંમત ધરાવતા વિસ્તારોમાં કેટલીકવાર પુનઃનિર્માણ મૂલ્ય, બજાર મૂલ્ય કરતાં ઓછું હોય છે, કારણ કે ત્યાં રિયલ એસ્ટેટની કિંમત ઊંચી હોય છે, પરંતુ પુનઃનિર્માણ માટેની સામગ્રીનો ખર્ચ પ્રમાણમાં ઓછો હોય છે. આંશિક નુકસાનના ક્લેઈમના કિસ્સામાં પુનઃનિર્માણ મૂલ્ય પર આધારિત પૉલિસીઓ લાભદાયક છે.

આખરે, હોમ ઈન્શ્યોરન્સ પૉલિસી પસંદ કરતા પહેલાં, બજાર મૂલ્ય અથવા પુનઃનિર્માણ મૂલ્યના આધારે વીમાકૃત રકમની ગણતરી કરવામાં આવે છે કે નહીં તે વધુ સારી રીતે સમજવા માટે પૉલિસી નિયમાવલી વાંચવી મહત્વપૂર્ણ છે, જેથી ક્લેઈમના સમય દરમિયાન મૂંઝવણ ઊભી ન થાય. જો કે, બજાર મૂલ્ય અને પુનઃનિર્માણ મૂલ્ય એ બંને પ્રોપર્ટી મૂલ્યાંકનમાં મહત્વપૂર્ણ માપદંડ છે, તેમ છતાં બંનેનાં હેતુ એકબીજાથી ઘણાં અલગ છે. બજાર મૂલ્ય એ દર્શાવે છે કે વર્તમાન રિયલ એસ્ટેટ બજારમાં તમારી પ્રોપર્ટી માટે ખરીદદાર કેટલી કિંમત ચૂકવી શકે, જ્યારે ક્લેઈમના સમયે પ્રોપર્ટીના ઘસારાને ધ્યાનમાં લેવામાં આવે છે. બીજી તરફ, પુનઃનિર્માણ સુનિશ્ચિત કરે છે કે નુકસાન પછી તમારા ઘરને તેની મૂળ સ્થિતિમાં ફરીથી બનાવી શકાય છે, જેમાં સામગ્રી, શ્રમ, પ્રોફેશનલ ફી અને નિયમોનું પાલન સામેલ છે. અપૂરતું ઈન્શ્યોરન્સ કવર ટાળવા અને તમારી પૉલિસી પર્યાપ્ત સુરક્ષા પ્રદાન કરે તેની ખાતરી કરવા માટે આ તફાવતને સમજવું મહત્વપૂર્ણ છે.

# હવે વિદેશી બ્રાન્ડ્સને ટક્કર આપશે શ્રીજી રેમેડીઝનું ૧૦૦% આયુર્વેદિક 'સ્વદેશી હર્બલ ઈન્હેલર'

અમદાવાદ,

આયુર્વેદિક અને હર્બલ ઉત્પાદનોના ક્ષેત્રમાં વર્ષ ૧૯૯૩ થી નામ ધરાવતી અમદાવાદની અગ્રણી કંપની શ્રીજી રેમેડીઝ દ્વારા ગ્રાહકોની રોજિંદી સ્વાસ્થ્ય સમસ્યાઓના નિવારણ માટે તેમનું મુખ્ય ઉત્પાદન 'સ્વદેશી હર્બલ ઈનહેલર' સમગ્ર ભારતમાં મોટા પાયે ઉપલબ્ધ કરાવવાની ઘોષણા કરવામાં આવી છે. શુદ્ધ અને પ્રમાણિત આયુર્વેદિક ઉત્પાદનો આપવાના ઉદ્દેશ સાથે કાર્યરત શ્રીજી રેમેડીઝ, રસાયણયુક્ત ઉત્પાદનોના આ જમાનામાં લોકોને પ્રકૃતિની નજીક લાવવા માટે કટિબદ્ધ છે. હાલમાં વૈશ્વિક અને ભારતીય સ્વાસ્થ્ય બજારમાં બીમાર પડતાં પહેલાં સાવચેતી રાખવા અને કુદરતી ઉત્પાદનો તરફ ગ્રાહકોનો ઝુકાવ ઝડપથી વધી રહ્યો છે, ત્યારે કંપનીનું આ કુદરતી ઈનહેલર બજારમાં ઉપલબ્ધ રસાયણ આધારિત અન્ય ઈનહેલર્સ માટે એક શ્રેષ્ઠ અને તંદુરસ્ત વિકલ્પ સાબિત થશે.




બજારમાં મળતા સામાન્ય રસાયણ આધારિત ઈનહેલર્સમાં કૃત્રિમ કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સનો ઉપયોગ થાય છે, જેના વારંવારના વપરાશથી નાકની અંદરની ત્વચા સુકાઈ જાય છે અને તેની આદત પડી જવાની શક્યતા રહે છે. તેની સામે 'સ્વદેશી હર્બલ ઈનહેલર' સંપૂર્ણપણે જુદું પડે છે, કારણ કે તે ૧૦૦% કુદરતી ઘટકો જેવા કે કપૂર, અજમો, ફુદીનો અને નીલગિરી જેવી શુદ્ધ જડીબુટ્ટીઓમાંથી બનેલું છે. આ ઉત્પાદન વાપરવામાં એકદમ સુરક્ષિત છે, તેની કોઈ આદત પડતી નથી અને તે કોઈ પણ આડઅસર વગર કુદરતી રીતે શ્વસનતંત્રને સાફ કરીને તાજગી પ્રદાન કરે છે. શ્રીજી રેમેડીઝ મુખ્યત્વે દર્દ નિવારણ સંભાળ, શ્વસન સુખાકારી, વાળની સંભાળ અને રોજિંદી સ્વાસ્થ્ય જરૂરિયાતોની શ્રેણીમાં શ્રેષ્ઠ ઉત્પાદનો પ્રદાન કરે છે, જેમાં હર્બલ ઈનહેલર ઉપરાંત આયુર્વેદિક પેઈન રિલીફ ઓઈલ (ઘાસ તેલ) અને બામ જેવા ગ્રાહક ઉપયોગી ઉત્પાદનો સામેલ છે.

આ પ્રસંગે ડૉ. સમીપ શાહ, આયુર્વેદ એક્સપર્ટ , શ્રીજી રેમેડીઝ એ જણાવ્યું હતું કે, અમારો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રાહકોને રસાયણયુક્ત દવાઓ અને તેની આડઅસરોથી બચાવીને આયુર્વેદની શક્તિ સાથે જોડવાનો છે. 'સ્વદેશી હર્બલ ઈનહેલર' એ માત્ર એક ઉત્પાદન નથી, પરંતુ શ્વસનની તકલીફો સામે પ્રકૃતિનું એક સુરક્ષિત રક્ષણ છે. ગ્રાહકો તરફથી મળેલા અદભૂત પ્રતિસાદને કારણે જ અમે હવે આ શુદ્ધ કુદરતી સારવારને ડિજિટલ અને પરંપરાગત માધ્યમો દ્વારા દેશના ખૂણે-ખૂણે પહોંચાડવા જઈ રહ્યા છીએ."

કંપનીનું અત્યાધુનિક અને સંપૂર્ણ સ્વચ્છ મેન્યુફેક્ચરિંગ યુનિટ નરોડા, અમદાવાદ ખાતે આવેલું છે, જે આયુર્વેદિક દવાઓના પ્રોસેસિંગ માટેના તમામ આધુનિક મશીનોથી સજ્જ છે. ઉત્પાદનની સર્વોચ્ચ ગુણવત્તા સુનિશ્ચિત કરવા માટે કંપની પાસે આયુષ મંત્રાલયની મંજૂરી (ડી એન્ડ સી એક્ટ, શેડ્યૂલ ટી હેઠળ) અને જીએમપી (ગુડ મેન્યુફેક્ચરિંગ પ્રેક્ટિસિસ) જેવા તમામ જરૂરી પ્રમાણપત્રો છે. ગુણવત્તા સાથે કોઈ સમજૂતી ન થાય તે માટે કંપની એક કડક થ્રી-ટાયર એટલે કે ત્રણ સ્તરીય ગુણવત્તા પ્રક્રિયા અનુસરે છે, જેમાં સીધા ખેડૂતો પાસેથી ખરીદવામાં આવતી કાચી જડીબુટ્ટીઓનું પરીક્ષણ, ઉત્પાદન દરમિયાન સ્વચ્છતાની ચકાસણી અને પેકિંગ પહેલાં દરેક બેચનું લેબોરેટરી ટેસ્ટિંગ સામેલ છે.

શરૂઆતમાં ગુજરાત, મહારાષ્ટ્ર અને ભારતના કેટલાક રાજ્યોમાં મજબૂત પકડ બનાવ્યા બાદ, ભારે ડિમાન્ડને પગલે હવે કંપની પોતાના ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક અને ઈ-કોમર્સના માધ્યમથી તેને સમગ્ર ભારતમાં ઉપલબ્ધ કરાવી રહી છે. હાલમાં કંપની સાથે સેંકડો વિતરકો અને હજારો રિટેલ મેડિકલ તથા આયુર્વેદિક સ્ટોર્સ જોડાઈ ચૂક્યા છે. ગ્રાહકો ઘરે બેઠા સરળતાથી ખરીદી કરી શકે તે માટે 'સ્વદેશી હર્બલ ઈનહેલર' કંપનીની સત્તાવાર વેબસાઈટ (Shreejeeayurveda.com) ઉપરાંત એમેઝોન અને ફ્લિપકાર્ટ જેવા અગ્રણી ઈ-કોમર્સ પ્લેટફોર્મ્સ પર પણ ઓનલાઈન ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે.

# બરોડા બીએનપી પારિબા મ્યુચ્યુઅલ ફંડે ભારતની ઝડપથી વિકસતી સર્વિસીસ ઈકોનોમીનો લાભ મેળવવા માટે સર્વિસીસ ફંડ લોન્ચ કર્યું

બરોડા બીએનપી પારિબા મ્યુચ્યુઅલ ફંડે બરોડા બીએનપી પારિબા સર્વિસીસ ફંડ લોન્ચ કર્યું છે. આ સર્વિસીસ થીમ પર આધારિત ઓપન-એન્ડેડ ઈક્વિટી સ્કીમ છે, જેનો હેતુ રોકાણકારોને ભારતની ઝડપથી વિસ્તરી રહેલી સર્વિસીસ ઈકોનોમીના લાંબા ગાળાના વિકાસમાં ભાગીદાર બનવાની તક આપવાનો છે.

આ ન્યૂ ફંડ ઓફર (એનએફઓ) ૧૪ જુલાઈ, ૨૦૨૬ના રોજ ખુલશે અને ૨૮ જુલાઈ, ૨૦૨૬ના રોજ બંધ થશે.

ભારતનું સર્વિસીસ સેક્ટર દેશના આર્થિક વિકાસનું સૌથી મોટું એન્જિન બનીને ઉભરી આવ્યું છે. ગ્રોસ વેલ્યુ એડેડ (જીવીએ)માં યોગદાનની દ્રષ્ટિએ આ ક્ષેત્રે સતત ઉત્પાદન અને કૃષિ ક્ષેત્ર કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું છે. બરોડા બીએનપી પારિબા એસેટ મેનેજમેન્ટ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર સંજય ગ્રોવરે જણાવ્યું હતું કે, "ડિજિટલાઈઝેશન, લોકોની વધતી આવક, નાણાંકીય સમાવેશ, હેલ્થકેર સેવાઓની વધતી માંગ અને ગ્રાહકોના વધતા ખર્ચને કારણે સર્વિસીસ ઈકોનોમી આગામી સમયમાં પણ ભારતના લાંબા ગાળાના વિકાસનો મહત્વપૂર્ણ આધારસ્તંભ બની રહેશે."

બરોડા બીએનપી પારિબા સર્વિસીસ ફંડનું લોન્ચિંગ કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭માં રજૂ કરાયેલા વિઝનને પણ અનુરૂપ છે, જેમાં વર્ષ ૨૦૪૭ સુધીમાં વૈશ્વિક સર્વિસીસ નિકાસમાં ભારતનો ૧૦ ટકા હિસ્સો હાંસલ કરીને દેશને વૈશ્વિક સર્વિસીસ ક્ષેત્રની મહાશક્તિ તરીકે સ્થાપિત કરવાનો મહત્વાકાંક્ષી લક્ષ્યાંક રજૂ કરવામાં આવ્યો છે.

શ્રી ગ્રોવરે વધુમાં જણાવ્યું હતું કે, "ભારતમાં થઈ રહેલું ડિજિટલ પરિવર્તન સર્વિસીસ આધારિત વ્યવસાયો માટે આગામી ઘણા દાયકાઓ સુધી વિકાસની મોટી તક ઊભી કરી રહ્યું છે. ઈન્ટરનેટનો વ્યાપક ઉપયોગ ભારતને વિશ્વની સૌથી મોટી ડિજિટલ રીતે જોડાયેલી વસ્તી ધરાવતા દેશોમાં સ્થાન અપાવી રહ્યો છે. આ મજબૂત ડિજિટલ માળખું સર્વિસીસ ક્ષેત્રના વિકાસના આગામી તબક્કાને ગતિ આપી રહ્યું છે."

એક જ ક્ષેત્રમાં રોકાણ કરતા સેક્ટર ફંડથી વિપરીત, બરોડા બીએનપી પારિબા સર્વિસીસ ફંડ ભારતની બદલાતી સર્વિસીસ ઈકોનોમીથી લાભ મેળવી શકે તેવી વિવિધ કંપનીઓના વૈવિધ્યસભર પોર્ટફોલિયોમાં રોકાણ કરશે. આ ફંડનું રોકાણ ક્ષેત્ર વિવિધ માર્કેટ કેપમાં પણ ફેલાયેલું રહેશે. નિફ્ટી ૫૦૦ ઈન્ડેક્સમાં અંદાજે ૧૯૫ કંપનીઓનો સમાવેશ થાય છે, જેમાં લાર્જ-કેપ, મીડ-કેપ અને સ્મોલ-કેપ કંપનીઓનો સમાવેશ થાય છે.

આ રોકાણની તક અંગે સમજાવતા સ્કીમના ફંડ મેનેજર રોહન કોર્ડેએ જણાવ્યું હતું કે, "ભારત જેવી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થામાં પણ સર્વિસીસ ફંડ ઐતિહાસિક રીતે ઊંચો વિકાસ નોંધાવતા ક્ષેત્રો જેમ કે બેંકિંગ અને ફાઈનાન્સિયલ સર્વિસીસ (બીએફએસઆઈ), આઈટી, હેલ્થકેર અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ધ્યાન કેન્દ્રિત કરે છે. વ્યક્તિદીઠ આવકમાં વધારો થતાં આ ક્ષેત્રોમાં નફાની તકો અને જીડીપીમાં યોગદાન સામાન્ય રીતે ઝડપી ગતિએ વધે છે, જેના કારણે આ ક્ષેત્રો પરંપરાગત ઉત્પાદન અને અન્ય બિન-સર્વિસીસ ક્ષેત્રો કરતાં વધુ સારું પ્રદર્શન કરે છે."

બરોડા બીએનપી પારિબા સર્વિસીસ ફંડ ખાસ કરીને એવા રોકાણકારો માટે તૈયાર કરવામાં આવ્યું છે, જેમનો રોકાણનો સમયગાળો ત્રણ વર્ષથી વધુનો હોય અને જેઓ વ્યવસાયિક રીતે સંચાલિત થીમ આધારિત પોર્ટફોલિયો દ્વારા ભારતની લાંબા ગાળાની વિકાસયાત્રામાં ભાગીદાર બનવા ઈચ્છતા હોય.

એક જ ઉદ્યોગમાં રોકાણ કરવાને બદલે સર્વિસીસ ઈકોનોમીના વિવિધ ક્ષેત્રોમાં રોકાણ કરીને આ ફંડ થીમ આધારિત રોકાણની વિકાસ ક્ષમતા સાથે વૈવિધ્યસભર રોકાણના લાભો પણ ઉપલબ્ધ કરાવવાનો પ્રયાસ કરશે. કોર્ડેએ વધુમાં જણાવ્યું હતું કે, "ભારતની અર્થવ્યવસ્થા હવે ટેક્નોલોજી, નાણાંકીય સેવાઓ, હેલ્થકેર, કમ્યુનિકેશન અને કન્ઝ્યુમર સર્વિસીસ દ્વારા વધુને વધુ આગળ વધી રહી છે. આવા સમયમાં આ ફંડ રોકાણકારોને એવા વ્યવસાયોમાં કેન્દ્રિત રીતે રોકાણ કરવાની તક આપશે, જે ભારતના આર્થિક વિકાસના આગામી તબક્કાને આકાર આપવાની સંભાવના ધરાવે છે."

એનએફઓ દરમિયાન રોકાણકારો રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા દરેક યુનિટમાં ઓછામાં ઓછા રૂ. ૧,૦૦૦ના એકસામટા રોકાણ દ્વારા અથવા દર મહિને રૂ. ૫૦૦ની એસઆઈપી અથવા દર ત્રિમાસિક રૂ. ૧,૫૦૦ની એસઆઈપી દ્વારા રોકાણ કરી શકશે.

**આયુર્વેદ સંકુલ**

નિઃશુલ્ક નિદાન અને રાહતદરે સારવાર, વૈદ્યરાજ હરિનાથ ઝા દ્વારા શ્રી હરિ આગમન સુવર્ણ મહોત્સવ પ્રસંગે વિનામૂલ્યે નિદાન. અને ઓછા ખર્ચે સારવાર ૧ વર્ષ સુધી આપવામાં આવશે.

સ્થળ : આયુર્વેદ સંકુલ, અંબિકા ચોક, નવા બસ સ્ટેન્ડ પાછળ, આણંદ.

Mo.98250 89524

# સાબરકાંઠામાં સાંસદ શોભના બારૈયાની અધ્યક્ષતામાં ડિસ્ટ્રીક્ટ ડેવલપમેન્ટ કો-ઓર્ડિનેશન એન્ડ મોનિટરિંગ કમિટી (દિશા)ની બેઠકો યોજાઈ

હિંમતનગર,તા.૧૯

સાબરકાંઠા જિલ્લામાં સાંસદશ્રી શોભનાબેન બારૈયાની અધ્યક્ષતામાં ડિસ્ટ્રીક્ટ ડેવલપમેન્ટ કો-ઓર્ડિનેશન એન્ડ મોનિટરિંગ કમિટી (દિશા)ની બેઠકો જિલ્લા પંચાયત સભાખંડ ખાતે યોજાઈ હતી. """આ બેઠકમાં સાંસદશ્રી શોભનાબેન બારૈયાએ જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારની લોકાભિમુખ યોજનાઓના લાભો છેવાડાના માનવી સુધી સમયસર અને પારદર્શક રીતે પહોંચે તે સુનિશ્ચિત કરવું એ આપણી પ્રાથમિક ફરજ છે. તેમણે તમામ વિભાગોના અધિકારીઓને



પરસ્પર સંકલન સાધીને વિકાસ કાર્યોની ગુણવત્તા જાળવવા અને નિયત સમયમર્યાદામાં પ્રોજેક્ટ્સ પૂર્ણ કરવા તાકીદ કરી હતી."""" આ બેઠક દરમિયાન વિવિધ સરકારી યોજનાઓની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી હતી, જેમાં ખાસ કરીને પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, સ્વચ્છ ભારત મિશન, જલ જીવન મિશન અંતર્ગત ઘર-ઘર નળ કનેકશનની કામગીરી, પ્રધાનમંત્રી આવાસ યોજના તેમજ ગ્રામીણ રોજગારી અને આરોગ્ય ક્ષેત્રે ચાલી રહેલા પ્રકલ્પોની ભૌતિક અને નાણાકીય પ્રગતિ ચકાસવામાં આવી હતી. """સાંસદશ્રી અને ઉપસ્થિત ધારાસભ્યશ્રીઓએ અમલીકરણ અધિકારીઓ પાસેથી પ્રગતિ હેઠળના કાર્યોનો ચિતાર મેળવી નડતરરૂપ પ્રશ્નોના ત્વરિત ઉકેલ માટે જરૂરી દિશાનિર્દેશો આપ્યા હતા, જેથી જિલ્લાના સર્વાંગી વિકાસને વધુ ગતિ આપી શકાય."""આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી રીનાબેન પટેલ, ધારાસભ્યશ્રી વી ડી ઝાલા, ઈડર ધારાસભ્યશ્રી રમણલાલ વોરા, જિલ્લા કલેક્ટરશ્રી લલિત નારાયણ સિંઘ, સાંદુ,જિલ્લા વિકાસ અધિકારી શ્રી એચ. પી.પટેલ,નગરપાલિકા પ્રમુખશ્રી, તાલુકા પંચાયત પ્રમુખશ્રીઓ,ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રી પાટીદાર,પ્રાયોજના વહીવટદાર શ્રી વિશાલ સકસેના, સહિત વિવિધ પદાધિકારીશ્રીઓ, અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. "




# સુરેન્દ્રનગર જિલ્લાના સર્વાંગી વિકાસને વેગ આપવા વિકેન્દ્રીત જિલ્લા આયોજનની સમીક્ષા બેઠક યોજાઈ

સુરેન્દ્રનગર,તા.૧૯

સુરેન્દ્રનગર જિલ્લાના સર્વાંગી વિકાસને વધુ ગતિશીલ બનાવવા અને વહીવટી કામગીરીને વધુ સઘન કરવાના હેતુથી, જિલ્લા કલેક્ટરશ્રી જી.એચ.સોલંકીના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે વિકેન્દ્રીત જિલ્લા આયોજનની સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં વિકેન્દ્રીત જિલ્લા આયોજન હેઠળ કાર્યરત વિવિધ વિકાસલક્ષી યોજનાઓની વિસ્તૃત ચર્ચા અને સમીક્ષા કરવામાં આવી હતી.

"""બેઠકમાં ઉપસ્થિત અધિકારીઓને સંબોધતા જિલ્લા કલેક્ટરશ્રી જી.એચ. સોલંકીએ જણાવ્યું હતું કે, સરકારના તમામ જનકલ્યાણના કાર્યો સંપૂર્ણ ગુણવત્તાસભર બને અને તેનો સીધો લાભ સમાજના છેવાડાના માનવી સુધી સુપેરે પહોંચે તે ખૂબ જ અનિવાર્ય છે. વધુમાં, તેમણે તમામ જનહિતના વિકાસકામોનું સુદ્રઢ આયોજન કરી, તેને નિયત સમય-મર્યાદામાં જ પૂર્ણ કરવા સંબંધિત અધિકારીઓને કડક દિશાનિર્દેશ આપ્યા હતા."""બેઠકની કાર્યવાહી દરમિયાન, વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમની તમામ યોજનાઓ, જનપ્રતિનિધીશ્રીઓની ગ્રાન્ટ (ફંડ) તેમજ ATVT યોજના હેઠળ પ્રગતિમાં રહેલા કામોની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી હતી. આ ઉપરાંત, વિકાસશીલ તાલુકા યોજના અંતર્ગત મંજૂર થયેલા વિવિધ લોકઉપયોગી કાર્યોની વર્તમાન સ્થિતિ અને પ્રગતિની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. આ તમામ કામગીરીને વધુ વેગવંતી અને પરિણામલક્ષી બનાવવા અંગે કલેક્ટરશ્રી દ્વારા અધિકારીઓને જરૂરી અને ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી કે.એસ.યાજ્ઞિક, મ્યુનિસિપલ કમિશનર શ્રી જે.કે.જાદવ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રી ભાવેશ દવે, તમામ પ્રાંત અધિકારીશ્રી, જિલ્લા આયોજન અધિકારીશ્રી અલ્પેશ પટેલ, જિલ્લાના તમામ અમલીકરણ અધિકારીશ્રીઓ, તમામ તાલુકાના તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ તેમજ તમામ નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### *તુલસીશ્યામ રેન્જમાં સિંહનું મોત*

# ભાવનગરમાં સિંહના હુમલાથી બચવા માટે ઝાડ ઉપર ચઢી ગયો પશુપાલક

પ્રતિનિધિ દ્વારા

અમરેલી, તા.૧૯

અમરેલી જિલ્લાના ખાંભા નજીક આવેલી તુલસીશ્યામ રેન્જના રબારીકા રાઉન્ડ વિસ્તારમાં એક સિંહનું મોત નીપજ્યું હોવાની ઘટના સામે આવી છે.

વન વિભાગના જણાવ્યા અનુસાર, અંદાજે ૧૫ વર્ષની ઉંમર ધરાવતા આ નર સિંહનું મોત વૃદ્ધાવસ્થાના કારણે કુદરતી રીતે થયું છે. ઘટનાની જાણ થતાં જ વન વિભાગની ટીમ દોડી ગઈ હતી અને સિંહના મૃતદેહને પોસ્ટમોર્ટમ (પી.એમ.) ની પ્રક્રિયા માટે જસાધાર એનિમલ કેર સેન્ટર ખાતે લઈ જવામાં આવ્યો છે.

બીજી તરફ, ભાવનગર જિલ્લાના સિહોર પંથકમાં વન્ય પ્રાણી સિંહના હુમલાની ઘટનાઓ સતત બેકાબૂ બની રહી છે. ગઈકાલે સિહોર તાલુકાના ટોડા ગામે સિંહે ફરી એકવાર આતંક મચાવીને એક પશુપાલકના પશુનું મારણ કર્યું હતું. સીમમાં પશુ ચરાવી રહેલા રતુભા રઘુભા ગોહિલ નામના પશુપાલકની ભેંસ પર સિંહે અચાનક હુમલો કરીને તેને મોતને ઘાટ ઉતારી દીધી હતી. સિંહને પોતાની તરફ ધસતો જોઈને ગભરાયેલા પશુપાલકે સમયસૂચકતા વાપરી નજીકના વૃક્ષ પર ચઢી જઈને જેમ-તેમ કરીને પોતાનો જીવ બચાવ્યો હતો. આ વિસ્તારમાં સિંહના ત્રાસ અંગે ગામના સરપંચ દ્વારા વન વિભાગને અનેક વખત લેખિત તથા મૌખિક રજૂઆતો કરવામાં આવી છે, પરંતુ વન વિભાગ દ્વારા હજુ સુધી કોઈ નક્કર પગલાં ભરવામાં ન આવ્યા હોવાનો આક્ષેપ ગ્રામજનો કરી રહ્યા છે જેને કારણે સ્થાનિકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

૧૧ જુલાઈ ખાતે જૂનાગઢના ગિરનાર પર્વત પર હૃદયદ્રાવક ઘટના સામે આવી હતી. ગિરનારની યાત્રા દરમિયાન માત્ર ૫૦ જેટલા પગથિયા ચઢ્યા બાદ ૧૨ વર્ષના એક કિશોર પર સિંહે અચાનક હુમલો કર્યો હતો. ઘટનાની ગંભીરતા એટલી હતી કે સિંહ બાળકને પરિવારના સભ્યોના હાથમાંથી જ ખેંચીને નજીકના જંગલ તરફ લઈ ગયો હતો.

ઘટનાની જાણ થતાં જ વન વિભાગની ટીમ અને સ્થાનિક તંત્ર તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયું હતું. જંગલ વિસ્તારમાં વ્યાપક શોધખોળ હાથ ધરવામાં આવી હતી. બાદમાં જંગલમાંથી બાળકના અવશેષો મળી આવ્યા હતા, જેના કારણે સમગ્ર વિસ્તારમાં શોકનું મોજ ફરી વળ્યું હતું મૃતક બાળક ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાના મોડજ ગામનો રહેવાસી હોવાનું સામે આવ્યું હતું. પરિવાર સાથે ગિરનાર દર્શન માટે આવેલા બાળકનું આ રીતે કરુણ મોત થતાં પરિવારજનો પર આભ ફાટી પડ્યું હતું.

# સાબરકાંઠા જિલ્લામાં ૧૮ જુલાઈએ લોક અદાલતનું આયોજન કરાયું

હિંમતનગર,તા.૧૯

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, (NALSA) ના આદેશ અનુસાર નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ હેઠળના કેસો, ખાસ કરીને કલમ ૧૩૮ (ચેક ડિશોનર) સંબંધિત બાબતો માટે એક ખાસ લોક અદાલત ૧૮ જુલાઈ, ૨૦૨૬ ના રોજ આયોજન કરવામાં આવેલ. જેના ભાગરૂપે નામદાર ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદ ના આદેશાનુસાર સાબરકાંઠા જીલ્લાની તમામ અદાલતોમાં જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ના અધ્યક્ષશ્રી અને મુખ્ય જીલ્લા ન્યાયાધીશ સાહેબશ્રી ના માર્ગદર્શન હેઠળ તથા સચિવ શ્રી સી.પી.ચારણ સાહેબનાઓની અધ્યક્ષતામાં સાબરકાંઠા જીલ્લામાં ૧૮ જુલાઈ, ૨૦૨૬ નારોજ સ્પેશિયલ લોક અદાલતનું આયોજન કરાયેલ હતું.જેમાં સાબરકાંઠા જીલ્લામાં હિંમતનગર તથા તાલુકા કોર્ટના બાર એસોસિયેશન ના પ્રમુખશ્રી તેમજ વકીલશ્રીઓ, પક્ષકારો, અદાલતમાં ફરજ બજાવતા કર્મચારી મિત્રો સહભાગી થઈને સ્પેશિયલ લોકઅદાલત ને સફળ બનાવવામાં પૂરતું યોગદાન આપ્યું. ઉપરોક્ત નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ હેઠળના કેસો ની સ્પેશિયલ લોક અદાલતમાં કુલ-405ssssss કેસોનો સમાધાનથી નિકાલ કરીને ૭,૮૮,૭૧,૬૪૨/- ના કેસોનું સુખદ સમાધાનથી નિકાલ થયેલ છે.

# ખેડા જિલ્લાનાં કઠલાલ નજીક હાઈવે પર કાર બસ સ્ટોપમાં ઘુસી

ખેડા, તા.૧૯

ખેડા જિલ્લાના કઠલાલ નજીક અમદાવાદ-ઈન્દોર નેશનલ હાઈવે પર પૂરપાટ ઝડપે દોડતી એક અનિયંત્રિત કાર અચાનક રોડની સાઈડમાં આવેલા બસ સ્ટોપ સાથે ધડાકાભેર અથડાઈ હતી.

આ ટક્કરમાં બસ સ્ટોપ પર ઊભેલા એક અજાણ્યા રાહદારી અને કારમાં સવાર એક વ્યક્તિ સહિત કુલ બે લોકોના ઘટનાસ્થળે મોત નીપજ્યા હતા, જ્યારે અન્ય એક વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે.

મળતી માહિતી અનુસાર, કારની સ્પીડ એટલી વધારે હતી કે ચાલક સ્ટીયરીંગ પરથી કાબૂ ગુમાવી બેઠો હતો. ડ્રાઈવર બ્રેક મારે તે પહેલાં જ કાર હાઈવેના કિનારે મુસાફરોની સુવિધા માટે બનાવેલા પાકા બસ સ્ટોપમાં ઘૂસી ગઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે બસ સ્ટોપનો એક મોટો હિસ્સો તૂટી પડ્યો હતો. આ દરમિયાન એક અજાણ્યો વ્યક્તિ ત્યાં બસની રાહ જોઈને ઊભો હતો, જેના પર આ બેફામ કાર સીધી ચઢી ગઈ હતી. કાર નીચે કચડાવાના કારણે આ રાહદારીનું અને કારની અંદર સવાર એક વ્યક્તિનું ગંભીર ઈજાઓ થવાના કારણે ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો.અકસ્માતનો અવાજ સાંભળીને આસપાસના ગ્રામજનો અને હાઈવે પરથી પસાર થતા અન્ય વાહનચાલકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. લોકોએ ભારે જહેમત બાદ કારની અંદર ફસાયેલા અન્ય એક વ્યક્તિને ગંભીર હાલતમાં બહાર કાઢ્યો હતો. ઈજાગ્રસ્ત યુવકને તાકીદે એમ્બ્યુલન્સ મારફતે નજીકની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે, જ્યાં તેની સ્થિતિ હજુ પણ નાજુક હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે બંને મૃતકોના શવને પોસ્ટમોર્ટમ માટે મોકલીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### *ભુજ પોક્સો કોર્ટનો ઐતિહાસિક ચુકાદો*

# કચ્છના ચકચારી લવ જેહાદ અને દુષ્કર્મ કેસના આરોપીને આજીવન સખ્ત કેદની સજા

કચ્છ,તા.૧૯

કચ્છમાં લવ જેહાદ અને પોક્સો કેસમાં ભુજ કોર્ટે મોટો ચુકાદો આપ્યો છે. મહારાષ્ટ્રના જીયાદ ઉર્ફે સમીર શેખને અંતિમ શ્વાસ સુધી સખત આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. આરોપીએ સગીરાને 'ફ્રી ફાયર' ગેમ દ્વારા ફસાવી, દુષ્કર્મ આચર્યું અને ધર્મ પરિવર્તન માટે દબાણ કર્યું હતું. કોર્ટે ૪૫ દસ્તાવેજી પુરાવા અને ૧૬ સાક્ષીઓના આધારે આ નિર્ણય આપ્યો, જેમાં આરોપીને ૧ લાખનો દંડ પણ કરાયો.

કચ્છમાં લવ જેહાદ અને પોક્સો ગુનાના આરોપીને ભુજ કોર્ટે અંતિમ શ્વાસ સુધી સખત આજીવન કેદની સજા ફટકારી છે. વર્ષ ૨૦૨૪ના ગુનામાં પોલીસે ૪૫ દસ્તાવેજ પુરાવા અને ૧૬ સાક્ષીઓ સાથે પોક્સો કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી. સમગ્ર મામલે કોર્ટે આરોપીને આજીવન સખત કેદની સજા અને અન્ય બે સહઆરોપીને નિર્દોષ જાહેર કર્યા છે.પોલીસ ફરિયાદ મુજબ, મહારાષ્ટ્રમાં ઘણા સમયથી રહેતા પરિવારની અને મૂળ માંડવીની સગીરા 'ફ્રી ફાયર' ગેમ્સના માધ્યમથી જીગર નામની નકલી આઈડી ધરાવતા મહારાષ્ટ્રના જીયાદ ઊર્ફે સમીર લતીફ શેખ(ઉં.વ.૨૨)ના સંપર્કમાં આવી હતી. જેમાં જીયાદે પોતાની ઓળખ છૂપાવીને સગીરાને પ્રેમજાળમાં ફસાવ્યા બાદ લગ્નની લાલચ આપીને દુષ્કર્મ આચર્યું હતું. આરોપી સગીરાના આપત્તિજનક ફોટોગ્રાફ વાઈરલ કરવાની ધમકી આપીને ધર્મ પરિવર્તન કરવા દબાણ કરતો હતો. અંતે કંટાળીને પીડિતાનો પરિવાર મહારાષ્ટ્રથી કચ્છ પરત ફર્યો હતો.આ પછી છેલ્લા બે વર્ષથી કચ્છમાં રહેતા પરિવાર પીડિતાની એક યુવક સાથે સગાઈ નક્કી કરી હતી. જો કે, આ દરમિયાન આરોપી જીયાદે પીડિતાના ફોટોગ્રાફ્સ વાઈરલ કરતાં તેની સગાઈ તૂટી ગઈ હતી. આ ઉપરાંત, માંડવીના ગોધરાના સહઆરોપી કાસમ ઓસમાણ હિંગોરજા અને અલ્તાફ જુમા લાખાની મદદથી આરોપી પીડિતાના ઘર અને પરિવારની રેકી કરતો હતો. અંતે પીડિતાએ ૧૬ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ ભુજમાં બોર્ડર રેન્જ સાયબર ક્રાઈમમાં જીયાદ શેખ, કાસમ હિંગોરજા અને અલ્તાફ લાખા સામે ફરિયાદ નોંધાવી હતી.

સમગ્ર મામલે પોલીસે ધર્મ પરિવર્તન અધિનિયમ, પોક્સો એક્ટ, એટ્રોસિટી એક્ટ, આઈટી એક્ટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધીને મહારાષ્ટ્ર પોલીસની ટીમની મદદથી મુખ્ય આરોપી જીયાદની ધરપકડ કરી હતી. જેમાં એસસી-એસટી સેલના ડીવાયએસપીએ આરોપી વિરુદ્ધ ૪૫ દસ્તાવેજ પુરાવા અને ૧૬ સાક્ષીઓ સાથે ભુજની પોક્સો કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી. સમગ્ર મામલે કોર્ટે આરોપીને આજીવન સખત કેદની સજાની સાથે ૧ લાખનો દંડ ફટકાર્યો છે. તેમજ પીડિતાને રૂ.૪ લાખનું વળતર ચૂકવવા ડીએલએસએને ભલામણ કરી છે. જ્યારે કેસના અન્ય બે સહઆરોપીને કોર્ટે નિર્દોષ ઠેરવ્યા છે.

# ભુજના કોલેજ રોડ પર આવેલાં કોમ્પ્લેક્સમાં શોર્ટ સર્કિટથી આગ

ભુજ,તા.૧૯

ભુજ શહેરના વ્યસ્ત કોલેજ રોડ પર આવેલા એક કમર્શિયલ કોમ્પ્લેક્સમાં શનિવારે બપોરે શોર્ટ સર્કિટના કારણે આગ લાગવાની ઘટના સામે આવી હતી. આગ બિલ્ડિંગના મુખ્ય એક્ઝિટ ગેટ નજીક લાગી હોવાથી થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં જ ભુજ નગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને ઝડપી કાર્યવાહી કરીને આગને વધુ ફેલાતી અટકાવી દીધી હતી. સદનસીબે ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજાની માહિતી સામે આવી નથી.

પ્રાથમિક માહિતી મુજબ, કોમ્પ્લેક્સના વાયરિંગ અથવા ઈલેક્ટ્રિકલ કંટ્રોલ પેનલમાં અચાનક શોર્ટ સર્કિટ થતાં તણખા ઉડ્યા હતા. થોડી જ વારમાં આગે આસપાસના ભાગને ઝપેટમાં લઈ લીધો હતો. આગ મુખ્ય નિકાસ દ્વાર પાસે લાગતાં કાળા ધુમાડાના ગોટેગોટા ઊઠતા જોવા મળ્યા હતા, જેના કારણે બિલ્ડિંગમાં હાજર વેપારીઓ, કર્મચારીઓ અને ગ્રાહકોમાં ભયનો માહોલ ફેલાયો હતો.

### *વરિષ્ઠ આગેવાનો, સાંસદ-ધારાસભ્યોની ઘોર અવગણના*

# બિરસા મુંડા યુનિવર્સિટી કમિટી મુદ્દે ભાજપ સાંસદ મનસુખ વસાવા નારાજ

પ્રતિનિધિ દ્વારા

નર્મદા,તા.૧૯

નર્મદાની બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીની કમિટીની જાહેરાત થતાં ભાજપમાં આંતરિક અસંતોષ ભભૂક્યો છે. સાંસદ મનસુખ વસાવાએ સ્થાનિક આગેવાનોની અવગણનાનો આક્ષેપ કરી પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માને પત્ર લખ્યો છે. તેમણે કમિટીમાં સ્થાનિક સાંસદો, ધારાસભ્યો અને વરિષ્ઠ આગેવાનોને વિશ્વાસમાં ન લેવાયાનું જણાવ્યું. શિક્ષણ જગત સાથે સંબંધ ન ધરાવતા નામો સામેલ કરવા પર પણ સવાલો ઉઠાવ્યા છે.

નર્મદા જિલ્લામાં આવેલી પ્રતિષ્ઠિત બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીની કમિટીની જાહેરાત થતાં જ ભાજપમાં મોટો આંતરિક અસંતોષ સપાટી પર આવ્યો છે. ભાજપના સાંસદ મનસુખ વસાવાએ નવી જાહેર થયેલી એજ્યુકેટિવ કાઉન્સિલ કમિટીમાં સ્થાનિક આગેવાનોની અવગણના થઈ હોવાનો ગંભીર આક્ષેપ કર્યો છે. આ મુદ્દે નારાજગી વ્યક્ત કરીને તેમણે ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માને પત્ર લખ્યો છે, જેને પગલે રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.સાંસદ મનસુખ વસાવાએ પત્રમાં જણાવ્યું છે કે, નર્મદા જિલ્લાને મળેલી બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીની ભેટ દેશને વિકસિત ભારત બનાવવા માટે ખૂબ મહત્ત્વની સાબિત થશે. પરંતુ, તાજેતરમાં જાહેર થયેલી એજ્યુકેટિવ કાઉન્સિલ કમિટીના મહત્ત્વના હોદ્દાઓની વહેંચણીમાં સ્થાનિક સાંસદ સભ્યો, ધારાસભ્યો અને પાર્ટીના વરિષ્ઠ આગેવાનોને બિલકુલ વિશ્વાસમાં લેવામાં આવ્યા નથી.

એટલું જ નહીં, ડેડીયાપાડા, સાગબારા, ચીકદા તાલુકાઓ તેમજ ભરુરૂચ જિલ્લામાંથી આ કમિટીમાં સભ્ય તરીકે કોઈને પણ સ્થાન આપવામાં આવ્યું નથી.

મનસુખ વસાવાએ કમિટીના સભ્યોની યોગ્યતા સામે પણ સીધા સવાલો ઉઠાવ્યા છે. તેમણે પત્રમાં આક્ષેપ કર્યો છે કે, 'કમિટીમાં જે નામો જાહેર થયા છે તેને શિક્ષણ જગત સાથે કોઈ લેવાદેવા જ નથી. નર્મદા જિલ્લા ભાજપ પ્રમુખ નિલ રાવના ધર્મપત્ની પ્રેમપ્યારીનું નામ કમિટી સભ્ય તરીકે મૂકવામાં આવ્યું છે. તેમનું કે તેના પરિવારનું પાર્ટીમાં કોઈ યોગદાન નથી, તેમજ તેઓને શિક્ષણની વહીવટી બાબતોનું પણ કોઈ નોલેજ નથી.'ભાજપ સાંસદ મનસુખ વસાવાએ પત્રમાં આક્રોશ પૂર્વક પૂછ્યું છે કે, 'પક્ષમાં બીજા બધા કાર્યકરોને નિયમો નડે છે, તો શું જિલ્લા પ્રમુખ નીલ રાવ અને તેમના પત્નીને આ નિયમો લાગુ નથી પડતા? કમિટી જાહેર થયા બાદ શિક્ષણ જગત સાથે જોડાયેલા લોકોમાં આ બાબતને લઈને ભારે ટીકા થઈ રહી છે અને આમ પ્રજામાં પણ ભારે નારાજગી ઊભી થઈ છે.' પોતાની પીડા ઠાલવતા વરિષ્ઠ સાંસદે પત્રના અંતે લખ્યું છે કે, 'નર્મદા જિલ્લા અને ભરુચ જિલ્લામાં ભાજપ પાર્ટીને ઊભી કરવા માટે અમે અમારી આખી જિંદગી ખર્ચી નાખી છે. તેમ છતાં યુનિવર્સિટીના આવા મહત્ત્વના નિર્ણયો લેવામાં અમને જ વિશ્વાસમાં લેવામાં આવતા નથી, જે બિલકુલ યોગ્ય નથી.'

હવે જોવાનું એ રહેશે કે સાંસદ મનસુખ વસાવાના આ આકરા પત્ર બાદ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા દ્વારા આ મામલે કેવા પગલાં લેવામાં આવે છે.

### *૫૦૦થી વધુ ખેડૂતો મોરચામાં જોડાયા*

# સુરતમાં ખેડૂતોનો બળવો: પાવરગ્રીડ લાઈનની કામગીરી સામે આક્રોશ

સુરત,તા.૧૯

સુરત જિલ્લામાં પાવરગ્રીડ લાઈન સામે ખેડૂતોનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. આજે ૫૦૦થી વધુ ખેડૂતોએ સુરત કલેક્ટર કચેરી બહાર સરકારના ચાર જુલાઈના પરિપત્રની હોળી કરી વિરોધ નોંધાવ્યો. ઓલપાડ, માંગરોળ, કામરેજ સહિતના તાલુકાના ખેડૂતો "વળતર નહીં તો ટાવર નહીં"ના સૂત્રોચ્ચાર સાથે ઉમટી પડ્યા હતા. ખેડૂતો બજાર કિંમતના ચાર ગણા વળતર અથવા ટાવર દીઠ ૨ કરોડ રૂપિયાની માંગ કરી રહ્યા છે.

સુરત જિલ્લામાં પાવરગ્રીડ લાઈનની કામગીરી સામે ખેડૂતોનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. ખાનગી કંપની દ્વારા ખેડૂતોની જમીનમાં પાવરગ્રીડ લાઈન માટે ટાવર ઊભા કરવાની કામગીરી સામે અસરગ્રસ્ત ખેડૂતોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. આજે શનિવારે સુરત જિલ્લા કલેક્ટર કચેરી ખાતે મોટી સંખ્યામાં ખેડૂતો મોરચો લઈને પહોંચ્યા હતા અને કલેક્ટર કચેરીની બહાર જ સરકારના ૪ જુલાઈના પરિપત્રની હોળી કરીને પોતાનો રોષ વ્યકત કર્યો હતો.પાવરગ્રીડ લાઈનના ટાવર ઊભા કરવાથી જમીનને થઈ રહેલા નુકસાન સામે સુરત જિલ્લાના વિવિધ તાલુકાના ખેડૂતો એકઠા થયા હતા. ઓલપાડ, માંગરોળ, કામરેજ, બારડોલી, મહુવા અને પલસાણા સહિતના વિસ્તારોમાંથી ૫૦૦થી વધુ ખેડૂતો આ વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા. ખેડૂતોએ 'વળતર નહીં તો ટાવર નહીં'ના સૂત્રોચ્ચારો સાથે કલેક્ટર કચેરી ગજવી મૂકી હતી.સરકાર દ્વારા પાવરગ્રીડના ટાવર ઊભા કરવા બદલ અસરગ્રસ્ત ખેડૂતોને યોગ્ય વળતર મળી રહે તે માટે ૪ જુલાઈના રોજ એક પરિપત્ર જાહેર કરવામાં આવ્યો હતો. જોકે, ખેડૂતોના મતે આ પરિપત્રમાં નક્કી કરાયેલું વળતર ખૂબ જ ઓછું છે અને તેનાથી ખેડૂતોને મોટું નુકસાન થઈ રહ્યું છે.



# જેનિફર વિંગેટે સિંગાપોરનાં બિઝનેસમેન વિલિયમ ઈસ્માએલ સાથે લગ્ન કર્યા

લંડન,તા.૧૯

ટીવી ઈન્ડસ્ટ્રીની લોકપ્રિય અને સુંદર અભિનેત્રી જેનિફર વિંગેટે બીજા લગ્ન કર્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી તેના બીજા લગ્નની અટકળો ચાલી રહી હતી પરંતુ હવે અભિનેત્રી જેનિફર વિંગેટેૈહજંટ્ટક્ષટ્ટિદ્ઘ પર લગ્નનો વીડિયો શેર કરીને કન્ફર્મ કરી દીધું છે કે તેણે બિઝનેસમેન વિલિયમ ઈસ્માએલ સાથે લગ્ન કર્યા છે. જેનિફર વિંગેટે ડિવોર્સના ૧૨ વર્ષ પછી બીજા લગ્ન કર્યા છે.

એક્ટ્રેસ જેનિફર વિંગેટે ૈહજંટ્ટક્ષટ્ટિદ્ઘ પર એક શોર્ટ પણ સુંદર વીડિયો શેર કર્યો છે. વિડીયોના કેપ્શન માં તેણે લખ્યું છે કે અંતે અમારા ભાગ્યના સિતારા મળી ગયા. વીડિયોમાં જેનિફરની ડ્રીમી વેડિંગની ઝલક દેખાડવામાં આવી છે. સોશિયલ મીડિયા પર જેનિફરના લગ્નનો વિડીયો વાયરલ થઈ રહ્યો છે. આ પોસ્ટ પર એક્ટ્રેસના મિત્રો અને ચાહકો કોમેન્ટ કરીને તેને શુભેચ્છા પાઠવી રહ્યા છે.

જેનિફર વિંગેટે સફેદ રંગનું સુંદર ક્રિસ્ચન વેડિંગ ગાઉન પહેરેલું છે, જ્યારે વિલિયમ સુટમાં સજ્જ જોવા મળે છે. બંનેએ ક્રિશ્ચિયન રીત રિવાજ પ્રમાણે લગ્ન કર્યા છે. વીડિયોમાં પણ જેનિફર વિંગેટે લખ્યું છે કે ઓફિશિયલી તે પોતાના હસબન્ડ વિલ સાથે મુલાકાત કરાવી રહી છે.

જેનિફર વિલિયમ ઈસ્માએલ સાથે લગ્ન કર્યા છે. જેનિફરનો પતિ સિંગાપુરનો જાણીતો બિઝનેસમેન અને ફાઈનાન્સ પ્રોફેશનલ છે. વિલિયમ સાથે જેનિફરે યુકેમાં લગ્ન કર્યા છે. જેનિફર અને વિલિયમે તેમના રિલેશનશીપની વાતને પ્રાઈવેટ લગ્ન સુધી રાખી હતી.

જણાવી દઈએ કે જેનિફર વિંગેટના આ બીજા લગ્ન છે. વર્ષ ૨૦૧૨માં જેનિફર વિંગેટે કરણ સિંહ ગ્રોવર સાથે લગ્ન કર્યા હતા. પરંતુ આ લગ્ન બે વર્ષની અંદર જ તૂટી ગયા અને તેમણે ડિવોર્સ લીધા. તે સમયે વાત એવી સામે આવી હતી કે કરણ સિંહ ગ્રોવરે જેનિફરને ચીટ કરી હતી જેથી લગ્ન તૂટ્યા. ત્યાર પછી કરણ સિંહ ગ્રોવરે બિપાશા બાસુ સાથે લગ્ન કર્યા. જો કે જેનિફર વિંગેટે ડિવોર્સના ૧૨ વર્ષે પછી હવે એક બિઝનેસમેન સાથે બીજા લગ્ન કર્યા છે.

# સલમાનની ફરહાન સાથેની ફિલ્મ રાકેશ ઓમપ્રકાશ મહેરા ડિરેક્ટ કરશે

મુંબઈ, તા.૧૯

સલમાન ખાન આગામી વર્ષોમાં મોટા અને મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સ તરફ ગળ વધી રહ્યો છે. તાજેતરમાં એવી ચર્ચાઓ ચાલી રહી હતી કે તે પહેલી વખત એક્સેલ એન્ટરટેઈન્મેન્ટ સાથે એક ભવ્ય પિરિયડ ફિલ્મ માટે હાથ મિલાવવા જઈ રહ્યો છે. હવે સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર આ અહેવાલોમાં તથ્ય હોવાનું સામે આવ્યું છે.માહિતી મુજબ, સલમાન ખાન હાલમાં એક મોટા બજેટની ઐતિહાસિક ફિલ્મ માટે એકસેલ એન્ટરટેઈનમેન્ટ સાથે મહત્વના તબક્કાની ચર્ચાઓ કરી રહ્યા છે. આ ફિલ્મનું ડિરેક્શન રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા ફિલ્મમેકર રાકેશ ઓમપ્રકાશ મહેરા કરશે.સૂત્રોના જણાવ્યા અનુસાર, સલમાને ફિલ્મની સ્ક્રિપ્ટ સાંભળી છે અને તેમાંનાં પોતાના પાત્રથી ખૂબ પ્રભાવિત થયો છે. અહેવાલ મુજબ તે ભારતીય ઈતિહાસના સૌથી લોકપ્રિય યોદ્ધાઓમાંના એકનું પાત્ર ભજવશે. આ ભૂમિકા માટે તે પોતાનાં દેખાવ અને બૉડી સ્ટ્રક્ચરમાં પણ મોટો ફેરફાર કરશે. સુત્રે જણાવ્યું હતું, “સલમાનને લાગે છે કે રાકેશ ઓમપ્રકાશ મહેરાની આ ફિલ્મ તેની મોટી સ્ટાર ઈમેજ અને સ્ક્રીન પ્રેઝન્સને સંપૂર્ણ ન્યાય આપશે. તેનાં પાત્રમાં ભાવનાત્મક ઊંડાણ અને ભવ્યતા બંને છે.”હાલમાં ફિલ્મ માટે ફાઈનલ કોન્ટ્રાક્ટ થયો નથી. સલમાન અને એક્સેલ એન્ટરટેઈનમેન્ટ વચ્ચે શૂટિંગના દિવસો, શીડ્યુલ અને ફી સહિતનાં વિવિધ મુદ્દાઓ પર ચર્ચા ચાલી રહી છે. જો બધું આયોજન મુજબ આગળ વધશે તો સલમાન ખાન ૨૦૨૭ના ઉનાળામાં આ ફિલ્મનું શૂટિંગ શરૂ કરશે. તે પહેલાં તે રાજ અને ડીકેની સુપરહીરો કોમેડી ફિલ્મનું કામ પૂર્ણ કરશે. સુત્રોના જણાવ્યા પ્રમાણે, આ પ્રોજેક્ટ અંગે વધુ સ્પષ્ટતા વર્ષ ૨૦૨૬ના અંત સુધીમાં મળી શકે છે. સલમાન કોઈપણ નિર્ણય ઉતાવળમાં લેવા માંગતો નથી અને દરેક પાસાની વિગતવાર ચર્ચા કર્યા બાદ જ સત્તાવાર રીતે ફિલ્મ સાઈન કરશે.જો આ પ્રોજેક્ટ સાકાર થશે, તો તે સલમાન ખાનની કારકિર્દીની સૌથી પડકારજનક અને મહત્ત્વાકાંક્ષી ફિલ્મોમાંની એક બની શકે છે, જેમાં દર્શકો તેને એક ઐતિહાસિક યોદ્ધાના અવતારમાં જોશે.

# ફરાહ ખાને લૉન્ચ કરેલી અભિનેત્રીઓ નસીબદાર રહી છે : દિયા મિર્ઝા

દિયા મિર્ઝા ફરાહ ખાનના યુટ્યુબ વ્લોગ પર દેખાઈ. તેણીએ તેના કરિયરના શરૂઆતના દિવસોને યાદ કર્યા અને કહ્યું કે તે દિવસમાં ૨૮ કલાક કામ કરતી હતી. દીપિકાનું નામ લીધા વિના, તેણીએ તેના પર કટાક્ષ કરતા કહ્યું કે ફરાહ દ્વારા લોન્ચ કરાયેલી અભિનેત્રીઓ નસીબદાર છે.

છેલ્લા કેટલાક દિવસોથી, સ્ટાર્સ કામના કલાકોનો મુદ્દો ઉઠાવી રહ્યા છે. ગયા વર્ષે, દીપિકા પાદુકોણે આ મુદ્દો જોરદાર રીતે ઉઠાવ્યો હતો. ગયા વર્ષે, અભિનેત્રીને "સ્પિરિટ" અને "કલ્કી ૨૮૯૮ એડી" માંથી કાઢી મૂકવામાં આવી હતી, જેના કારણે ફિલ્મ ઉદ્યોગમાં કલાકારો માટે નિશ્ચિત કામના કલાકો અંગે ચર્ચા શરૂ થઈ હતી. જોકે, એક દાયકા કરતાં વધુ સમય પહેલાં, કલાકારો ઘણીવાર કંટાળાજનક સમયપત્રક પર કામ કરતા હતા. લાંબા કલાકો સુધી શૂટિંગ અને અનેક શિફ્ટ્સ સ્ટાર્સને થાકી દેતા હતા, છતાં તેઓ ફરિયાદ વિના ટકી રહેતા હતા. અભિનેત્રી દિયા મિર્ઝાએ તાજેતરમાં યાદ કર્યું કે કેવી રીતે, નવોદિત કલાકાર હોવા છતાં, તે સ્ક્રિપ્ટ વિના દિવસમાં ૨૭ થી ૨૮ કલાક કામ કરતી હતી. દિયા મિર્ઝા તાજેતરમાં ફરાહ ખાનના યુટ્યુબ વ્લોગ પર દેખાઈ હતી.

ફિલ્મ નિર્માતા અને કોરિયોગ્રાફર ફરાહ ખાને તાજેતરમાં દિયાના ઘરે મુલાકાત લીધી હતી, જે અભિનેત્રીએ કહ્યું હતું કે તેણીએ ૧૯ વર્ષની ઉંમરે ખરીદ્યું હતું. વાતચીત દરમિયાન, ફરાહે "રહા હૈ તેરે દિલ મેં" અને "તુમકો ના ભૂલ પાયેંગે" માં દિયાના અભિનયની પ્રશંસા કરી. તેણીએ કહ્યું કે દિયા ખૂબ જ આત્મવિશ્વાસુ દેખાતી હતી અને ક્યારેય સ્ક્રીન પર નવોદિત દેખાતી નહોતી. પછી દિયાએ કહ્યું, "જ્યારે હું તમારા કહેવા મુજબના લોકો પાસેથી વાર્તાઓ સાંભળું છું, ત્યારે હું હંમેશા તમારા પ્રેમ, સંભાળ અને ધ્યાનથી ખૂબ પ્રભાવિત થઈ છું. તમે તેમના માટે વર્કશોપ ચલાવ્યા, વર્ગોનું આયોજન કર્યું, તેમને અભિનયના શિષ્ટાચાર શીખવ્યા, અને તેમના માટે નૃત્ય વર્ગોનું આયોજન કર્યું. તમે તેમને વર્કશોપ, વર્ગોમાં નોંધણી કરાવી, તેમને યોગ્ય શિષ્ટાચાર શીખવ્યો, અને અભિનયમાં ખરેખર શું શામેલ છે તે શીખવ્યું. તમે તેમના માટે નૃત્ય વર્ગો અને ડિક્શન કોચિંગની પણ વ્યવસ્થા કરી. મારી પાસે એવું કંઈ નહોતું."તેણીએ આગળ કહ્યું, "મને સીધી પાંચ ફિલ્મોમાં કામ કરવા માટે મોકલવામાં આવી હતી, દિવસના ૨૪ કલાક, ૨૭ કલાક, ૨૮ કલાક, નોનસ્ટોપ." મેં હંમેશા કહ્યું, એકવાર તમે પૂજા ફિલ્મ્સ સાથે કામ કરી લો, પછી તમે દેશના કોઈપણ પ્રોડક્શન હાઉસ સાથે કામ કરવા માટે તૈયાર છો. કારણ કે અમે ખૂબ મહેનત કરી. અમને કોઈ સ્ક્રિપ્ટ મળી નહીં. મને ઓનલાઈન કહેવામાં આવ્યું હતું કે આ ફિલ્મ સુપરહિટ થવાની છે, બસ કરો (મને તરત જ એક સાથે પાંચ ફિલ્મોમાં કામ કરવા માટે મોકલવામાં આવ્યો હતો, દિવસમાં ૨૪ કલાક, ૨૭, ૨૮ કલાક, નોનસ્ટોપ). મેં હંમેશા કહ્યું હતું કે એકવાર તમે પૂજા ફિલ્મ્સ સાથે કામ કરો છો, તો તમે દેશના કોઈપણ પ્રોડક્શન હાઉસ સાથે કામ કરવા માટે તૈયાર છો કારણ કે અમે ખૂબ મહેનત કરી છે. અમને ક્યારેય સ્ક્રિપ્ટ પણ મળી નથી. તેઓ ફક્ત ફોન પર વાર્તા કહેતા અને કહેતા, 'આ સુપરહિટ થવાની છે, બસ કરો.')

# 'ઈથા'માં શ્રદ્ધા કપૂરનો અત્યાર સુધીનો સૌથી દમદાર અવતાર

એજન્સી દ્વારા

મુંબઈ, તા.૧૯

શ્રદ્ધા કપૂરની ફિલ્મ 'ઈથા'નું ટીઝર આખરે ડિજિટલ પ્લેટફોર્મ્સ પર રિલીઝ થઈ ગયું છે. ટીઝરે દર્શકોને શ્રદ્ધાનાં કેરિયરના સૌથી પડકારજનક અને અલગ અવતારના પાત્રની પહેલી ઝલક મળી છે. લક્ષ્મણ ઉટેકરના દિગ્દર્શનમાં બનેલી અને મેડોક ફિલ્મ્સ દ્વારા નિર્મિત આ ફિલ્મમાં શ્રદ્ધા મહારાષ્ટ્રનાં સુપ્રસિદ્ધ તમાશા કલાકાર વિઠાબાઈ નારાયણગાંવકરની ભૂમિકામાં જોવા મળશે.ફિલ્મ ૨૮ ઓગસ્ટે રક્ષાબંધન વીકએન્ડ દરમિયાન સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. 'ઈથા'નું ટીઝર સૌથી પહેલા મેડોક ફિલ્મ્સની 'કોકટેલ ૨' સાથે ૧૯ જૂને થિયેટરોમાં દર્શાવવામાં આવ્યું હતું. ટીઝરને મળેલા જબરદસ્ત પ્રતિસાદ અને સોશિયલ મીડિયા પર વધતી ચર્ચાઓને ધ્યાનમાં રાખીને હવે તેને સત્તાવાર રીતે ઓનલાઈન રિલીઝ કરવામાં આવ્યું છે. ૨ મિનિટ અને ૧૮ સેકન્ડ લાંબું ટીઝર એક ઉત્સાહભર્યા વાતાવરણ સાથે શરૂ થાય છે, જ્યાં મોટી સંખ્યામાં લોકો 'ઈથા' નામનાં કલાકારના પરફોર્મન્સની રાહ જોઈ રહ્યા છે. શરૂઆતમાં ટીઝર કોઈ પરંપરાગત સ્ટાર એન્ટ્રીનો અહેસાસ કરાવે છે, પરંતુ થોડી જ વારમાં શ્રદ્ધા કપૂરની એન્ટ્રી સમગ્ર માહોલ બદલી નાખે છે. તેમનો દેખાવ, હાવભાવ અને બોડી લેંગ્વેજ તરત જ દર્શાવે છે કે આ પાત્ર માટે શ્રદ્ધાએ ભારે મહેનત કરી છે. ટીઝરમાં શ્રદ્ધા કપૂરના ઊર્જાસભર ડાન્સ, મજબૂત સ્ટેજ પ્રેઝન્સ અને અસરકારક અભિનયની ઝલક જોવા મળે છે. તેની રજૂઆત મહારાષ્ટ્રની લોકપ્રિય તમાશા અને લાવણી પરંપરાથી ગાઢ રીતે જોડાયેલી જણાય છે.વિઠાબાઈ નારાયણગાંવકરને મહારાષ્ટ્રની લોકકલા જગતની એક દંતકથા સમાન કલાકાર માનવામાં આવે છે અને ટીઝર સૂચવે છે કે ફિલ્મ તેમના સંઘર્ષ, લોકપ્રિયતા અને કળા પ્રત્યેના સમર્પણને મોટા પડદા પર ભવ્ય રીતે રજૂ કરશે.ટીઝર રિલીઝ થવાના થોડા કલાકો પહેલાં જ નિર્માતાઓએ શ્રદ્ધાના કેટલાક આકર્ષક પોસ્ટર્સ પણ જાહેર કર્યા હતાં. એક પોસ્ટરમાં શ્રદ્ધા પીળા રંગની પરંપરાગત સાડીમાં, ઘુંઘરુઓથી સજ્જ થઈને દીવડાઓ અને દર્શકોની ભીડ વચ્ચે ચાલતી જોવા મળે છે. આ દ્રશ્યો વિઠાબાઈનાં ભવ્ય વ્યક્તિત્વ અને તમાશાની રંગીન દુનિયાની ઝલક આપે છે, જેને ફિલ્મમાં જીવંત બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. 'ઈથા' દ્વારા દિગ્દર્શક લક્ષ્મણ ઉટેકર અને નિર્માતા દિનેશ વિજાન ફરી એકવાર સાથે આવ્યા છે. બંનેએ અગાઉ સફળ ફિલ્મ 'છાવા' આપી હતી. ફિલ્મનું સંગીત લોકપ્રિય સંગીતકાર જોડી અજય-અતુલે તૈયાર કર્યું છે.ટીઝર પરથી સ્પષ્ટ થાય છે કે 'ઈથા' માત્ર ભવ્ય સંગીત અને નૃત્યથી ભરપૂર ફિલ્મ નહીં, પરંતુ એક ભાવનાત્મક અને પ્રેરણાદાયી સફર પણ હશે. ફિલ્મમાં વિઠાબાઈના વ્યકિતગત જીવન, તેમના સંઘર્ષો અને લોકકલા જગતમાં તેમનાં અસાધારણ યોગદાનને રજૂ કરવામાં આવશે.



# સ્ટાર અભિનેત્રી પ્રિયંકા ચોપડા ૬૬૦ કરોડની માલકિન છે : રિપોર્ટ

મુંબઈ,તા.૧૯

પ્રિયંકા ચોપડા જોનસ બોલીવુડની સફળ અને અમીર અભિનેત્રીઓમાંથી એક છે. પ્રિયંકા ચોપડા ગ્લોબલ આઈકન બની ચુકી છે. મિસ વર્લ્ડ બનવાથી પ્રિયંકા ચોપડાની સફર શરુ થઈ હતી અને હવે પ્રિયંકા હોલીવુડમાં પણ ખાસ ઓળખ ધરાવે છે. પ્રિયંકા સફળ અભિનય ઉપરાંત બિઝનેસ અને સોશિયલ સર્વિસમાં પણ એક્ટિવ છે. પ્રિયંકા ચોપડા જોનસ તેની લકઝરી લાઈફસ્ટાઈલ માટે ફેમસ છે. પ્રિયંકા ચોપડાના ૪૪ માં જન્મદિવસે ચાલો તમને જણાવીએ દેશી ગર્લ પ્રિયંકા કેટલી અમીર છે?

પ્રિયંકા ચોપડા જોનસની નેટવર્થ અંગે મળતી જાણકારી અનુસાર નિક જોનસ અને તેની કુલ સંયુકત સંપત્તિ ૧૨૦૦ કરોડથી વધુની છે. આ સંપત્તિમાં પ્રિયંકા ચોપડાનો શેર ૪૬ ટકાથી વધુનો છે. આ હિસાબે પ્રિયંકા ચોપડાની કુલ નેટવર્થ ૫૮૦ કરોડથી વધુની થાય છે જ્યારે નિક જોનસની સંપત્તિ ૬૬૦ કરોડથી વધુની છે.

પ્રિયંકા ચોપડા જોનસ બોલીવુડમાં સૌથી વધુ ફી લેતી અભિનેત્રીઓમાંથી એક છે. રિપોર્ટ અનુસાર પ્રિયંકાની આગામી ફિલ્મ વારાણસીમાં તેને ૩૦ કરોડ રુપિયા ફી ચુકવવામાં આવી છે. આ સિવાય તેણે વેબ સીરીઝ સિટાડેલ માટે ૪૧ કરોડ રુપિયા ફી લીધી હતી. જાણવા મળતી માહિતી અનુસાર પ્રિયંકા સીરીઝના દરેક એપિસોડ માટે ૫ લાખ અમેરિકી ડોલર સુધી ચાર્જ કરે છે.

બોલીવુડ ફિલ્મો અને સીરીઝ ઉપરાંત પ્રિયંકાની કમાણીનો મોટો સોર્સ બ્રાંડ એન્ડોર્સમેન્ટ છે, તે એક બ્રાંડ પાસેથી ૫ કરોડ જેટલી ફી લે છે. પ્રિયંકા ચોપડાની એક પ્રોડકશન કંપની પણ છે જેનું નામ છે પર્પલ પેબલ પિક્ચર્સ. આ કંપની ભારત અને વિદેશોમાં ફિલ્મ અને કંટેંટ તૈયાર કરે છે. આ સિવાય પ્રિયંકા ચોપડાએ ટેકનોલોજી અને લાઈફસ્ટાઈલ સંબંધિત ઘણા સ્ટાર્ટઅપ્સમાં રોકાણ પણ કર્યુ છે. જેનાથી પણ તેને સારી આવક થાય છે. પ્રિયંકા ચોપડા અને નિક જોનસ તેની લકઝરી લાઈફસ્ટાઈલ માટે ફેમસ છે. તેમની સંપત્તિ પણ કરોડોની છે.

સૌથી ખાસ છે તેમનું લોસ એંજેલિસનું ઘર. આ ઘર તે સમયે ૧૭૧ કરોડનું હતું. ભારતમાં મુંબઈ અને ગોવામાં પણ પ્રિયંકાના ઘર છે. પ્રિયંકાનું કારનું કલેકશન પણ શાનદાર છે.

# બ્યુટી ટ્રેન્ડના નામે કોઈની નકલ બનવાને બદલે પોતાની ઓળખ બનાવો : શ્રીયા સરન

એજન્સી દ્વારા

મુંબઈ, તા.૧૯

સોશિયલ મીડિયાના યુગમાં જ્યાં દરરોજ નવા ફેશન અને બ્યુટી ટ્રેન્ડ્સ શરૂ થાય છે અને ઝડપથી બદલાઈ જાય છે, ત્યાં શ્રીયા સરન માને છે કે વ્યકિતએ પોતાની આગવી ઓળખ ગુમાવવી ન જોઈએ. તેનાં મતે ફેશનનો અર્થ ટ્રેન્ડ્સને અનુસરવું નથી, પરંતુ પોતાનાં વ્યક્તિત્વને વ્યકત કરવાની એક રીત છે.તાજેતરમાં એક ખાસ ફોટોશૂટ દરમિયાન શ્રીયાએ પોતાની સ્ટાઈલ સેન્સ, ફેશન પ્રત્યેના અભિગમ અને ભારતીય હસ્તકલાપ્રત્યેના પ્રેમ અંગે વાત કરી હતી. તેણે જણાવ્યું કે વર્ષો દરમિયાન પોતાને વધુ સારી રીતે સમજવાનું અને પોતાની જાતને પ્રેમ કરવાનું શીખ્યું છે.શ્રીયાએ કહ્યું, “સ્ટાઈલ એ તમે કોણ છો તેનું પ્રતિબિંબ છે. સમય સાથે હું વિકસતી ગઈ છું, નવી બાબતો શીખી છું અને લોકો શું વિચારે છે તેની ચિંતા ઓછી કરતી ગઈ છું. આજે મને લાગે છે કે મેં મારી પોતાની સ્ટાઈલ બનાવી છે.”શ્રીયાનું માનવું છે કે દરેક વ્યક્તિએ પોતાના માટે શું યોગ્ય છે તે સમજવું જોઈએ.શ્રીયાએ જણાવ્યું, “હું ટ્રેન્ડ્સને અનુસરવામાં માનતી નથી. હું એ સમજવામાં વિશ્વાસ રાખું છું કે મારા માટે શું કામ કરે છે. ફેશન મારા માટે પોતાને બદલવાનો પ્રયાસ નથી, પરંતુ હું જે છું તેને વ્યક્ત કરવાનો વિકલ્પ છે.” ભારતીય પરંપરા અને હસ્તકલાપ્રત્યેનો પ્રેમ શ્રીયાની પસંદગીમાં સ્પષ્ટ જોવા મળે છે. ખાસ કરીને રાજસ્થાની હેન્ડપ્રિન્ટેડ કપડાં, પરંપરાગત કારીગરી અને હેન્ડલૂમ સાડીઓ તેને ખૂબ પસંદ છે. તેણે કહ્યું કે જ્યારે પણ તે સાડી પહેરે છે, ત્યારે પોતાનાં મૂળ સાથે ફરી જોડાયા હોવાની અનુભૂતિ થાય છે. સાડી વિશે વાત કરતાં શ્રીયાએ કહ્યું, “મારાં માટે સાડી કરતાં વધુ ગ્લેમરસ કે વધુ આકર્ષક કંઈ નથી. સાડી માત્ર એક કપડું નથી, પરંતુ તેમાં પરંપરા, કળા અને એક કલાકારની મહેનત છુપાયેલી હોય છે. દરેક સાડી પોતાની એક અલગ કહાની કહે છે.”ફાસ્ટ ફેશનના વધતા પ્રભાવ અંગે ચિંતા વ્યક્ત કરતાં લોકોને ગુણવત્તાસભર અને લાંબા સમય સુધી ટકી રહે તેવા કપડાં ખરીદવાની સલાહ આપી. “મને પાંચ સારા કપડાં રાખવા ગમે છે, પરંતુ તે વર્ષો સુધી ચાલે તેવા હોવા જોઈએ. આજકાલ લોકો ઝડપથી બદલાતા ટ્રેન્ડ્સ પાછળ દોડે છે, જેના કારણે પરંપરાગત કારીગરી અને હસ્તકલાઓ ધીમે ધીમે ગાયબ થઈ રહી છે.” તેમણે લોકોને હેન્ડવૂવન કોટન, હેન્ડમેડ એમ્બ્રોઈડરી અને ભારતીય હસ્તકલાને પ્રોત્સાહન આપવાની અપીલ પણ કરી. “નકલ ખરીદવાને બદલે અસલ કારીગરીને ટેકો આપો. આ રીતે જ આપણે આપણી પરંપરાગત કલાઓને જીવંત રાખી શકીશું.”અંતમાં આજકાલના બ્યુટી ટ્રેન્ડ્સ અંગે વાત કરતાં શ્રીયાએ ચિંતાજનક વલણ તરફ ધ્યાન દોર્યું. તેણે કહ્યું, “આજકાલ દરેક વ્યક્તિ સંપૂર્ણ દેખાવા માંગે છે અને એક સમયે એવું લાગે છે કે બધા લોકો એકબીજાની નકલ જેવાં દેખાવાં લાગ્યાં છે. ટ્રેન્ડ્સને અનુસરવું ખોટું નથી, પરંતુ તે પ્રક્રિયામાં પોતાની ઓળખ ગુમાવી દેવી યોગ્ય નથી.”

# IND vs ENG 3rd ODI : ઈંગ્લેન્ડે ટોસ જીતી પહેલા બેટિંગ પસંદ કરી, બુમરાહ પ્લેઈંગ 11માંથી બહાર

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી ત્રીજી નિર્ણાયક વનડે મેચમાં ઈંગ્લેન્ડે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય કર્યો છે. ભારતના ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ લૉર્ડ્સમાં રમાનારી ત્રીજી વનડે મેચમાંથી બહાર થઈ ગયા છે. બુમરાહ ફિટનેસ ટેસ્ટમાં પાસ ન થવાના કારણે ત્રીજી વનડેમાંથી બહાર થયા છે.




**ઈંગ્લેન્ડનો ટોસ જીતીને બેટિંગનો નિર્ણય**

ઈંગ્લેન્ડે લૉર્ડ્સ વનડેમાં ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય કર્યો છે. લૉર્ડ્સમાં 2021 થી અત્યાર સુધી રમાયેલી તમામ વનડે મેચોમાં પહેલા બેટિંગ કરનારી ટીમે જીત મેળવી છે, જે ઈંગ્લેન્ડ દ્વારા પહેલા બેટિંગ પસંદ કરવાનું એક મોટું કારણ હોઈ શકે છે. ભારતની ટીમ પહેલા બોલિંગ કરશે.

**જસપ્રીત બુમરાહના બહાર થવા પર કેપ્ટનનું અપડેટ**

ટીમ ઈન્ડિયાના કેપ્ટન શુભમન ગિલે ટોસ સમયે જસપ્રીત બુમરાહના ન રમવા અંગે અપડેટ આપ્યું. ગિલે જણાવ્યું કે કાર્ડિફમાં બીજી વનડે મેચમાં ફિલ્ડિંગ કરતી વખતે જસપ્રીત બુમરાહના ડાબા ઘૂંટણમાં ઈજા થઈ હતી. ડાબા ઘૂંટણમાં સોજાના કારણે તે ત્રીજી વનડે માટે સિલેક્શન માટે ઉપલબ્ધ નહોતો. એટલે કે, મેચ ફિટનેસ હાંસલ ન કરવાના કારણે મેનેજમેન્ટે તેને આ મુકાબલામાં ન રમાડવાનો નિર્ણય લીધો છે.

**બંને ટીમોની પ્લેઈંગ 11**

**ભારત:** રોહિત શર્મા, શુભમન ગિલ (કેપ્ટન), વિરાટ કોહલી, ઈશાન કિશન, શ્રેયસ અય્યર, કેએલ રાહુલ, અક્ષર પટેલ, પ્રિન્સ યાદવ, ગુરનૂર બ્રાર, અર્શદીપ સિંહ, પ્રસિદ્ધ કૃષ્ણા.

**ઈંગ્લેન્ડ:** બેન ડકેટ, જેકબ બેથેલ, જો રૂટ, હેરી બ્રુક (કેપ્ટન), સેમ કરન, જોસ બટલર, વિલ જેક્સ, ગસ એટકિન્સન, જોફ્રા આર્ચર, આદિલ રશીદ, જોશ ટંગ.



# IND vs ENG : લોર્ડ્સની પિચ પર કોણ કરશે રાજ? જાણો પિચ રિપોર્ટ

ભારત બનામ ઈંગ્લેન્ડ વનડે સિરીઝ કોણ જીતશે? તેનો નિર્ણય આજે થશે. સિરીઝનો ત્રીજો અને નિર્ણાયક મુકાબલો આજે લૉર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાશે. રોહિત શર્મા માટે રન બનાવવા મહત્વપૂર્ણ છે, કારણ કે તે ઘણા સમયથી સંઘર્ષ કરી રહ્યો છે અને આ સિરીઝની શરૂઆતી બંને મેચોમાં ફ્લોપ રહ્યો છે. તેને ટીમમાંથી બહાર કરવાની વાતો ચાલી રહી છે, એવામાં તે પોતાના બેટથી આલોચકોને જવાબ આપવા ઈચ્છશે. એવામાં પિચનો રોલ મહત્વપૂર્ણ થઈ જશે. ભારતીય ક્રિકેટ ટીમે લૉર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર 9 વનડે મેચ રમી છે, જેમાંથી 4 મેચ જીતી છે. જો કે ભારતે આ ગ્રાઉન્ડ પર છેલ્લી વનડે 2004 માં જીતી હતી, તે પછી રમાયેલી 4 મેચોમાંથી 3 માં હાર મળી છે અને એક ટાઈ થઈ હતી. અહીં થયેલી છેલ્લી 11 વનડે મેચોમાં પહેલા બેટિંગ કરનારી ટીમ જીતી છે, લક્ષ્યનો પીછો કરતા છેલ્લી વખત સાઉથ આફ્રિકા 2017 માં જીત્યું હતું.

લૉર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ સામાન્ય રીતે ફાસ્ટ બોલરો માટે મદદરૂપ રહે છે. અહીં 2.5 મીટર સ્લોપ હોવાના કારણે બોલરોને સીમ અને વધારાની સ્વિંગ મળે છે, જે બેટ્સમેનો માટે મુશ્કેલી ઊભી કરે છે. પેવેલિયન એન્ડથી બોલરોને વધુ મદદ રહે છે. બેટ્સમેનો માટે પડકાર રહે છે. જો કે બેટ્સમેન જો બાઉન્સ બોલ પર સારું રમતો હોય તો અહીં મોટો સ્કોર કરી શકે છે. રોહિત શર્માને ગતિ પરેશાન નથી કરતી, આ કારણે તે આજે આ પિચ પર સારો સ્કોર કરી શકે છે. જોફ્રા આર્ચર કહેર વર્તાવી શકે છે, કારણ કે તે ગતિમાં મિશ્રણ કરે છે. અહીં ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય યોગ્ય રહેશે.

**ભારતીય સ્ક્વોડ :** શુભમન ગિલ (કેપ્ટન), શ્રેયસ અય્યર (વાઈસ કેપ્ટન), વિરાટ કોહલી, રોહિત શર્મા, ઈશાન કિશન (વિકેટકીપર), કેએલ રાહુલ (વિકેટકીપર), પ્રસિદ્ધ કૃષ્ણા, વોશિંગ્ટન સુંદર, શિવમ દુબે, પ્રિન્સ યાદવ, અક્ષર પટેલ, કુલદીપ યાદવ, જસપ્રિત બુમરાહ, અર્શદીપ સિંહ, ગુરનૂર બ્રાર.

**ઈંગ્લેન્ડનો સ્ક્વોડ :** હેરી બ્રુક (કેપ્ટન), જોસ બટલર (...વિકેટકીપર), ટોમ બેન્ટન (વિકેટકીપર), જો રૂટ, બેન ડકેટ, લિયામ ડોસન, આદિલ રશીદ, જોશ ટંગ, વિલ જેક્સ, ગસ એટકિન્સન, જેમ્સ કોલ્સ, જેકબ બેથેલ, સાકિબ મહમૂદ, બ્રાયડન કાર્સ, સેમ કરન, રેહાન અહેમદ, જોફ્રા આર્ચર.

# ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સ 2026માં ભારતનું નેતૃત્વ કરશે બે સ્ટાર દીકરીઓ

ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સ 2026માં ભારતનું નેતૃત્વ બે સ્ટાર મહિલા ખેલાડીઓ કરશે.ભારતીય ઓલિમ્પિક એસોસિએશન (IOA)એ વેઈટલિફ્ટર મીરાબાઈ ચાનુ અને સ્ટાર બોક્સર લવલીના બોર્ગોહેનને ઉદ્ઘાટન સમારોહ માટે



ભારતીય ટુકડીના ધ્વજવાહક તરીકે પસંદ કર્યા છે. બંને ખેલાડીઓ 23 જુલાઈએ યોજાનારા સમારોહમાં ત્રિરંગો સાથે 126 સભ્યોના ભારતીય દળનું નેતૃત્વ કરશે. IOA પ્રમુખ પીટી ઉષાએ આ નિર્ણયને સમગ્ર ભારતીય રમતજગત માટે ગર્વની ક્ષણ ગણાવી છે. તેમણે બંને ખેલાડીઓને અભિનંદન પાઠવતાં વિશ્વાસ વ્યક્ત કર્યો કે મીરાબાઈ અને લવલીના પોતાના પ્રદર્શનથી દેશનું ગૌરવ વધારશે તેમજ યુવા ખેલાડીઓને પ્રેરણા આપશે. મહિલા ખેલાડીઓને ધ્વજવાહક બનાવવાનો નિર્ણય તેમની સિદ્ધિઓનું વિશેષ સન્માન છે. મીરાબાઈ ચાનુ ભારતની સૌથી સફળ વેઈટલિફ્ટરોમાંની એક છે. તેણે ટોક્યો ઓલિમ્પિક 2020માં સિલ્વર મેડલ જીત્યો હતો, જ્યારે બર્મિંગહામ કોમનવેલ્થ ગેમ્સ 2022માં ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો હતો. પેરિસ ઓલિમ્પિક 2024માં તે મેડલથી થોડા અંતરે રહી ગઈ હતી, પરંતુ ગ્લાસગોમાં ફરી ગોલ્ડ જીતવાનો તેનો લક્ષ્ય રહેશે. લવલીના બોર્ગોહેન પણ ભારતની સૌથી સફળ મહિલા બોક્સરોમાં સ્થાન ધરાવે છે. તેણે ટોક્યો ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો અને 2023 વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. ઉપરાંત, 2023 એશિયન ગેમ્સમાં તેણે સિલ્વર મેડલ જીત્યો હતો. જોકે, કોમનવેલ્થ ગેમ્સમાં તે હજુ સુધી મેડલ જીતી શકી નથી અને આ વખતે તે આ અધૂરું સ્વપ્ન પૂરું કરવા ઉતરશે.

# BCCIનો મોટો નિર્ણય! ત્રીજી વનડે પહેલાં ટીમ ઈન્ડિયામાં સ્ટાર ઓલરાઉન્ડરની એન્ટ્રી

ઈંગ્લેન્ડ વિરુદ્ધ ત્રીજી વનડે મેચ માટે ભારતીય સ્ક્વોડમાં ફેરફાર થયો છે. BCCI એ જાહેરાત કરીને જણાવ્યું કે ત્રીજી વનડે માટે ઈજાગ્રસ્ત વોશિંગ્ટન સુંદરની જગ્યાએ હર્ષ દુબેને ટીમ ઈન્ડિયામાં સામેલ કરવામાં આવ્યો છે. સુંદરને બીજી વનડે મેચ દરમિયાન ઈજા થઈ હતી, જેના પછી તેને સિરીઝમાંથી બહાર થવું પડ્યું હતું. જો કે સુંદરની ઈજા કેટલી ગંભીર છે, તેના પર કોઈ સ્પષ્ટતા આપવામાં આવી નથી. હર્ષ દુબે ડાબા હાથે ઓફ-સ્પિન બોલિંગ કરે છે અને આ જ વર્ષે અફઘાનિસ્તાન વિરુદ્ધ વનડે મેચમાં પોતાનું ઈન્ટરનેશનલ ડેબ્યુ કર્યું હતું. તેણે અત્યાર સુધી 2 વનડે મેચોમાં 4 વિકેટ ઝડપી છે.



**ભારતનું અપડેટેડ સ્ક્વોડ :** શુભમન ગિલ (કેપ્ટન), રોહિત શર્મા, વિરાટ કોહલી, શ્રેયસ અય્યર (વાઈસ કેપ્ટન), કેએલ રાહુલ (વિકેટકીપર), ઈશાન કિશન (વિકેટકીપર), અક્ષર પટેલ, શિવમ દુબે, કુલદીપ યાદવ, જસપ્રિત બુમરાહ, પ્રસિદ્ધ કૃષ્ણા, અર્શદીપ સિંહ, ગુરનૂર બ્રાર, પ્રિન્સ યાદવ, હર્ષ દુબે.

ભારતીય ટીમ જ્યારે લૉર્ડ્સ મેદાન પર ઉતરશે ત્યારે 22 વર્ષથી ચાલી આવતા હારના દુષ્કાળનો અંત લાવવા ઈચ્છશે. અસલમાં ભારતીય ટીમને વનડેમાં લૉર્ડ્સ મેદાન પર છેલ્લી જીત વર્ષ 2004 માં મળી હતી. આ મુકાબલામાં રોહિત શર્મા પાસેથી સારી ઈનિંગ્સની આશા હશે, જે છેલ્લી 8 વનડે ઈનિંગ્સમાં માત્ર એક ફિફ્ટી ફટકારી શક્યો છે. બીજી તરફ વિરાટ કોહલી વનડેમાં ઈંગ્લેન્ડ વિરુદ્ધ સૌથી વધુ 50+ સ્કોરના વર્લ્ડ રેકોર્ડની બરાબરી કરવાથી માત્ર એક ફિફ્ટી દૂર છે. વિરાટે અત્યાર સુધી વનડેમાં ઈંગ્લેન્ડ વિરુદ્ધ ચૌદ વખત પચાસ કે તેથી વધુ સ્કોર કર્યો છે, જ્યારે કુમાર સંગાકારાએ 15 વખત આવું કર્યું હતું.

# IND vs ENG : રોહિત શર્મા બેટથી ટીકાકારોને ચૂપ કરાવશે! ત્રીજી વનડેમાં કોણ જીતશે?

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે લોડ્ર્સના ઐતિહાસિક મેદાન પર વનડે સીરિઝનો છેલ્લો અને નિર્ણાયક મુકાબલો રમાશે.ત્રણ મેચની આ સીરિઝ હાલ 1-1 ની બરાબરી પર છે.પ્રથમ મેચ ભારતે જીતી હતી.જ્યારે બીજી મેચમાં ઈંગ્લેન્ડે વળતો પ્રહાર કરીને સીરિઝ રોમાંચક મોડ પર લાવી દીધી છે.

સિરીઝની પ્રથમ બે મેચમાં કેપ્ટન રોહિત શર્માનું બેટ શાંત રહ્યું છે, જેના કારણે 2027ના વનડે વર્લ્ડ કપમાં તેની જગ્યાને લઈને પણ ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. આ નિર્ણાયક મેચમાં રોહિત મોટી ઈનિંગ રમીને આલોચકોની બોલતી બંધ કરવાના ઈરાદા સાથે ઉતરશે.

બીજી તરફ વિરાટ કોહલી શાનદાર ફોર્મમાં છે. ગત મેચમાં તે સદી તરફ વધી રહ્યો હતો, પણ જોફ્રા આર્ચરના બોલ પર આઉટ થતાં જ ભારતનો મિડલ ઓર્ડર પત્તાની જેમ વિખેરાઈ ગયો હતો. કેએલ રાહુલની ગેરહાજરીમાં ઈશાન




કિશન શોર્ટ પિચ બોલ સામે સંઘર્ષ કરતો જોવા મળ્યો, જ્યારે શ્રેયસ અય્યરે સ્પિનરો સામે સારો ભરોસો જીત્યો છે.

વોશિંગ્ટન સુંદરની હેમસ્ટ્રિંગ ઈજાએ ટીમ મેનેજમેન્ટની ચિંતા વધારી છે. આવી સ્થિતિમાં ચાઈનામેન બોલર કુલદીપ યાદવની પ્લેઈંગ-11 માં વાપસી નક્કી માનવામાં આવી રહી છે. અક્ષર પટેલે રવિન્દ્ર જાડેજાની ખોટ વર્તાવા દીધી નથી, પરંતુ ભારતીય બોલરો સામે સૌથી મોટો પડકાર ઈંગ્લેન્ડના ફોર્મમાં ચાલી રહેલા જો રૂટને રોકવાનો રહેશે.

**રેકોર્ડમાં ભારતનું પલ્લું ભારે**

છેલ્લી 5 વનડે મેચોના આંકડા જોઈએ તો ટીમ ઈન્ડિયા ઈંગ્લેન્ડ પર ભારે પડી છે. ભારતે 5 માંથી 4 મેચ જીતી છે, જ્યારે ઈંગ્લેન્ડને માત્ર 1 મેચમાં જીત મળી છે. હવે જોવાનું એ રહેશે કે લોડ્ર્સના ઐતિહાસિક મેદાન પર કઈ ટીમ બાજી મારે છે!

# મોહમ્મદ સિરાજ અંગે આકાશ ચોપડાએ અગરકરનો લીધો ઉધડો,



ભારતીય ટીમ મેનેજમેન્ટે 2027ના ODI વર્લ્ડ કપ માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે.જ્યારે યુવા ખેલાડીઓને સતત તકો મળી રહી છે,ત્યારે ટીમના સૌથી અસરકારક ફાસ્ટ બોલરોમાંના એક મોહમ્મદ સિરાજ ODI ટીમમાંથી બહાર છે.ભૂતપૂર્વ ક્રિકેટર આકાશ ચોપરાએ ટીમ મેનેજમેન્ટ અને મુખ્ય પસંદગીકાર અજિત અગરકર પાસેથી ODI ટીમમાંથી સિરાજની ગેરહાજરી અંગે સ્પષ્ટતા માંગી છે.આકાશ ચોપરા કહે છે કે મોહમ્મદ સિરાજને શાંતિથી દરવાજો બતાવી દેવામાં આવ્યો છે.તે પહેલાથી જ T20 ટીમમાંથી બહાર છે અને જૂના બોલ સાથે તેની બિનઅસરકારકતાને કારણે ODI ટીમમાંથી બહાર કરવામાં આવ્યો છે.

આકાશ ચોપરાએ પોતાની યુટ્યુબ ચેનલ પર પસંદગીકારોને જવાબદાર ઠેરવતા કહ્યું,તેને ODI ટીમમાંથી બહાર કરવામાં આવ્યો હતો, કારણ કે તે જૂના બોલ સાથે તેની બિનઅસરકારકતાનો ઉલ્લેખ કરે છે. તે T20 ક્રિકેટમાંથી બહાર હતો, પરંતુ વર્લ્ડ કપમાં રમ્યો હતો. જોકે, તેણે વર્લ્ડ કપની પહેલી જ મેચમાં ત્રણ વિકેટ લીધી હતી. તે દિવસે, તેણે પ્લેયર ઓફ ધ મેચ પ્રદર્શન કર્યું હતું, અને હવે તે ODI ટીમમાં પણ નથી.મોહમ્મદ સિરાજે છેલ્લે ન્યુઝીલેન્ડ સામેની ઘરઆંગણેની સીરિઝમાં ODI રમી હતી. ત્યારબાદ, અફઘાનિસ્તાન અને પછી ઈંગ્લેન્ડ સીરિઝમાં તેની અવગણના કરવામાં આવી હતી. ચોપરાએ આશા વ્યક્ત કરી હતી કે સિરાજને આગામી સીરિઝમાં તક મળવી જોઈએ.

જ્યારે ચેમ્પિયન્સ ટ્રોફી 2025 માટે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી ત્યારે મોહમ્મદ સિરાજનું નામ ટીમમાં સામેલ કરવામાં આવ્યું ન હતું. તેની બાદબાકી ખરેખર એક આઘાતજનક નિર્ણય હતો. દુર્ભાગ્યપૂર્ણ છે કે સિરાજ એક સમયે વિશ્વનો નંબર 1 ODI બોલર હતો, પરંતુ હવે એવું લાગે છે કે તે 2027 ODI વર્લ્ડ કપ માટેની યોજનાઓમાં સામેલ નથી. છે.

# FIFA World Cup : 10 ગોલની થ્રિલર! ફ્રાન્સ સામે 6-4થી જીત્યું ઈંગ્લેન્ડ, સાકાની શાનદાર હેટ્રિક

બુકાયો સાકાના ત્રણ ગોલની મદદથી ઈંગ્લેન્ડે ત્રીજા સ્થાનના રોમાંચક પ્લે ઓફ મુકાબલામાં શનિવારે 6-4 થી જીત મેળવી જ્યારે કિલિયન એમ્બાપ્પેએ બીજા હાફમાં બે ગોલ કરીને ફૂટબોલ વિશ્વ કપમાં લિયોનેલ મેસ્સીના સર્વાધિક ગોલના રેકોર્ડને પાછળ છોડી દીધો અને ગોલ્ડન બૂટની રેસમાં સૌથી આગળ નીકળી ગયો.



આ 1982 માં હંગેરીની અલ સલ્વાડોર પર 10-1 ની જીત પછી વર્લ્ડ કપમાં સૌથી વધુ ગોલવાળી મેચ હતી. ત્રીજા સ્થાનની મેચમાં 10 ગોલ અત્યાર સુધીના સૌથી વધુ ગોલ છે. સાકાએ 37મી મિનિટ અને પહેલા હાફની ઈન્જરી ટાઈમમાં ગોલ કર્યા પછી 87મી મિનિટમાં પેનલ્ટીથી પોતાનો ત્રીજો ગોલ કરીને ઈંગ્લેન્ડ માટે પોતાના કરિયરની બીજી હેટ્રિક પૂરી કરી. ઈંગ્લેન્ડ માટે ડેકલાન રાઈસ અને એઝરી કોન્સાએ પણ પહેલા હાફમાં ગોલ કર્યા જેનાથી હાફ ટાઈમ સુધી ઈંગ્લેન્ડની ટીમ 4-0 થી આગળ થઈ ગઈ. રોમાંચક બીજા હાફમાં પણ ઈંગ્લેન્ડે પોતાની લીડ જાળવી રાખી અને વર્લ્ડ કપમાં પોતાનું બીજું સૌથી સારું પરિણામ મેળવ્યું. ઈંગ્લેન્ડે પોતાનો એકમાત્ર ખિતાબ 1966 માં જીત્યો હતો.

ઈંગ્લેન્ડ માટે છઠ્ઠો ગોલ જુડ બેલિંગહામે બીજા હાફના ઈન્જરી ટાઈમની આઠમી મિનિટમાં કર્યો જે ટૂર્નામેન્ટમાં તેનો સાતમો ગોલ હતો. વર્લ્ડ કપમાં એમ્બાપ્પેના ગોલની સંખ્યા 22 થઈ ગઈ જે અર્જેન્ટીનાના કેપ્ટન કરતાં એક વધુ છે. આ સ્ટાર સ્ટ્રાઈકરે વર્તમાન વર્લ્ડ કપમાં પોતાના અભિયાનનો અંત 10 ગોલ સાથે કર્યો. તે ગોલ્ડન બૂટની રેસમાં મેસ્સીથી બે ગોલ આગળ ચાલી રહ્યો છે જેના નામે આઠ ગોલ છે. મેસ્સીને એમ્બાપ્પેથી આગળ નીકળવાની એક છેલ્લી તક ત્યારે મળશે જ્યારે તે અને વર્તમાન ચેમ્પિયન અર્જેન્ટીના રવિવારે ન્યૂ જર્સીના ઈસ્ટ રધરફોર્ડમાં ફાઈનલમાં સ્પેનનો સામનો કરશે. ફ્રાન્સ માટે અન્ય ગોલ બેડલી બારકોલા અને ઓસ્માન ડેમ્બેલેએ પણ કર્યા.

# FIFA World Cup 2026 Final : ફાઈનલની પ્રથમ 55 મિનિટ મેસ્સી માટે કેમ નિર્ણાયક રહેશે?

ફિફા વર્લ્ડ કપ 2026ની ફાઈનલનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે.સ્પેન સામેની ફાઈનલ મેચમાં આર્જેન્ટિનાના કેપ્ટન લિયોનેલ મેસ્સી માટે રમતની પ્રથમ 55 મિનિટ ઘણી મહત્વની બની રહી છે.તેના તાર ગોલ્ડન બૂટની રેસ સાથે જોડાયેલા છે.જેમાં ફ્રાન્સના Mbappéએ મજબૂત પકડ બનાવી છે.ઈંગ્લેન્ડ સામે ત્રીજા સ્થાનની મેચમાં એક આસિસ્ટ અને બે ગોલ સાથે, Mbappe હવે મેસ્સીને પાછળ છોડી ગયો છે.આ જ કારણ છે કે ફાઈનલમાં પ્રથમ 55 મિનિટની રમત હવે મેસ્સી માટે મહત્વપૂર્ણ બની ગઈ છે.

મેસ્સી પાસે હવે ગોલ્ડન બૂટની રેસમાં Mbappeને હરાવવા માટે ત્રણ રસ્તાઓ છે, જેમાંથી એક ફાઈનલમાં પ્રથમ 55 મિનિટની રમત સાથે સંબંધિત છે. જો મેસ્સી ફાઈનલમાં પહેલી 55 મિનિટ કે તેનાથી ઓછા સમયમાં બે ગોલ કરશે તો તે ગોલ્ડન બૂટની રેસમાં Mbappeને પાછળ



છોડી દેશે. મેસ્સી માટે Mbappe ને હરાવવાનો બીજો રસ્તો હેટ્રિક ફટકારવા સાથે સંબંધિત છે. જો, FIFA વર્લ્ડ કપ 2026 માં તેની પ્રથમ મેચની જેમ, તે ફાઈનલમાં પણ હેટ્રિક ફટકારે છે, તો આ તેના કુલ ગોલની સંખ્યા 11 પર લઈ જશે અને તે ગોલ્ડન બૂટની રેસમાં મેસ્સીથી આગળ નીકળી જશે. ત્રીજો વિકલ્પ એ છે કે મેસ્સી 2 ગોલ કરે છે અને સ્પેન સામે ફાઈનલમાં ઓછામાં ઓછો એક સહાય કરે છે. આ સાથે તેના ગોલની સંખ્યા Mbappéની બરાબર રહેશે. પરંતુ તેની સહાય Mbappé કરતાં એક વધુ હશે.

ફ્રાન્સના Mbappe છેલ્લા 56 વર્ષમાં પ્રથમ ખેલાડી છે અને FIFA વર્લ્ડ કપમાં 10 કે તેથી વધુ ગોલ કરનાર એકંદરે ચોથો ખેલાડી છે. ગોલ્ડન બૂટ જીતવાની સાથે લિયોનેલ મેસ્સી પાસે સ્પેન સામેની ફાઈનલમાં તેના વિસ્ફોટક પ્રદર્શનથી વર્લ્ડ કપમાં 10 ગોલ કરવાની ક્લબમાં સામેલ થવાની તક પણ હશે. તે આ યાદીમાં સ્થાન મેળવનાર 5મો ખેલાડી બની શકે છે. જો કે, જો મેસ્સી 2026 FIFA વર્લ્ડ કપનો ગોલ્ડન બૂટ નહીં જીતે તો Mbappe ચોક્કસપણે એવો પહેલો ખેલાડી બની જશે કે જેની પાસે એક જ સિઝનમાં લા લિગા ગોલ્ડન બૂટ, ચેમ્પિયન્સ લીગ ગોલ્ડન બૂટ અને ફિફા વર્લ્ડ કપ ગોલ્ડન બૂટ જીતવાનો રેકોર્ડ હશે.

# સેમસંગમાં મોટાપાયે છટણી, યુએસમાં 800થી વધુ કર્મચારીઓની નોકરી પર સંકટ



યુએસમાં આ કારણે ગઈ અનેક લોકોની નોકરી

વૈશ્વિક ટેકનોલોજી ક્ષેત્રે અગ્રણી નામ સેમસંગ ઈલેક્ટ્રોનિક્સ દ્વારા અમેરિકામાં એક મોટા પુનર્ગઠનની જાહેરાત કરવામાં આવી છે. કંપની તેના મોબાઈલ, ડિસ્પ્લે, ટીવી અને કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ વિભાગોમાં નોંધપાત્ર સંખ્યામાં છટણી કરી રહી છે. આ નિર્ણય મુખ્યત્વે કંપનીના અમેરિકન મુખ્યાલયને ન્યુ જર્સીથી ટેક્સાસ ખસેડવાના વ્યૂહાત્મક નિર્ણય સાથે જોડાયેલો છે. આ ફેરફારને કારણે અંદાજે ૮૦૦થી વધુ કર્મચારીઓ પ્રભાવિત થયા છે, જેમાં ન્યુ જર્સીની એન્ગલવુડ ક્લિફ્સ ઓફિસના 739 અને ટેક્સાસની પ્લાનો ઓફિસના આશરે 100 કર્મચારીઓનો સમાવેશ થાય છે.

કંપનીના જણાવ્યા અનુસાર, મુખ્યાલય ટેક્સાસ ખસેડવાની યોજના હેઠળ ઘણા કર્મચારીઓને નવી જગ્યાએ કામ કરવાની ઓફર કરવામાં આવી હતી. જોકે, જે કર્મચારીઓ અંગત કારણોસર સ્થળાંતર કરવા માટે અસમર્થ છે અથવા તૈયાર નથી, તેમની નોકરી પર સીધી અસર પડી છે. સેમસંગે ભલે નોકરી ગુમાવનારાઓની કુલ સંખ્યા જાહેર કરી નથી, પરંતુ સૂત્રોના મતે આ ફેરફાર હજુ પણ આગળ વધી શકે છે.

આ છટણી પાછળનું મુખ્ય કારણ કંપનીની બદલાતી પ્રાથમિકતાઓ છે. હાલમાં સેમસંગનો ચિપ બિઝનેસ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ની વધતી માંગને કારણે રેકોર્ડ નફો કરી રહ્યો છે. આ જ કારણે કંપની કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સને બદલે AI ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને નવી ચિપ ફેક્ટરીઓમાં અબજો ડોલરનું રોકાણ કરી રહી છે.

**આ ફેરફારને કારણે અંદાજે ૮૦૦થી વધુ કર્મચારીઓ પ્રભાવિત થયા છે, જેમાં ન્યુ જર્સીની એન્ગલવુડ ક્લિફ્સ ઓફિસના 739 અને ટેક્સાસની પ્લાનો ઓફિસના આશરે 100 કર્મચારીઓનો સમાવેશ થાય છે**

બીજી તરફ, કંપનીના મોબાઈલ અને હોમ એપ્લાયન્સ બિઝનેસ પર ભારે દબાણ જોવા મળી રહ્યું છે. એક તરફ એપલ જેવી કંપનીઓ સાથેની તીવ્ર સ્પર્ધા છે, તો બીજી તરફ TCL અને Hisense જેવી ચીની કંપનીઓ સસ્તા અને આધુનિક સાધનો દ્વારા બજાર કબજે કરી રહી છે. વધુમાં, AI ટેકનોલોજીના કારણે ઉત્પાદન ખર્ચમાં થયેલો વધારો કંપનીના નફાના માર્જિનને અસર કરી રહ્યો છે.

સેમસંગનું આ પગલું એકલવાયું નથી. ગૂગલ, માઈક્રોસોફ્ટ, એમેઝોન, મેટા અને ટેસ્લા જેવી દિગ્ગજ ટેક કંપનીઓએ પણ તાજેતરના સમયમાં હજારો કર્મચારીઓને છૂટા કર્યા છે. આ કંપનીઓ હવે પરંપરાગત વ્યવસાયોને બદલે AI અને ક્લાઉડ ટેકનોલોજી જેવી ભવિષ્યની જરૂરિયાતો પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. આ બદલાવ વૈશ્વિક ટેક ઉદ્યોગમાં એક નવા યુગની શરૂઆત સૂચવે છે, જ્યાં કાર્યબળનું માળખું અને કંપનીઓની પ્રાથમિકતાઓ ઝડપથી બદલાઈ રહી છે. સેમસંગ માટે આ સ્થળાંતર આવનારા વર્ષોમાં સ્પર્ધાત્મક રહેવા માટેનો એક અનિવાર્ય કદમ માનવામાં આવે છે.

# પપૈયાના બીજનો આ રીતે કરો ઉપયોગ, બધા ખીલ દૂર થઈ જશે અને સ્કીન થશે 'માખણ'જેવી

પિમ્પલ્સની સમસ્યા તમારા માટે ખૂબ જ પરેશાન કરી શકે છે, જરૂરી નથી કે તમે ફક્ત મોંઘા ઉપચારથી જ તેનો ઈલાજ કરો, પપૈયાના બીજનો યોગ્ય ઉપયોગ પણ તમને તેનાથી છુટકારો મેળવવામાં મદદ કરી શકે છે.



પપૈયાનું સેવન ફક્ત તમારા પેટ માટે જ સારું નથી, પરંતુ તેના ત્વચા માટે પણ ઘણા ફાયદા છે. પપૈયા અને તેની છાલમાંથી બનેલા ફેસ પેકનો ઉપયોગ કરવાથી ત્વચાને થતા ફાયદાઓ વિશે તમે ઘણું સાંભળ્યું હશે. પરંતુ શું તમે જાણો છો કે પપૈયાના બીજ તમારી ત્વચાને પણ ઘણા ફાયદા કરી શકે છે. પપૈયાના બીજમાં પણ ઘણા છુપાયેલા સ્વાસ્થ્ય લાભો છે. જેને આપણે સામાન્ય રીતે અવગણીએ છીએ. પપૈયાના બીજનો ઉપયોગ ખીલ દૂર કરવા અને ત્વચાને કડક બનાવવા માટે ખૂબ જ અસરકારક રીતે કરી શકાય છે. ચાલો જાણીએ કે પપૈયાના બીજને આપણી ત્વચાની સંભાળમાં કેવી રીતે સામેલ કરી શકાય.

**પપૈયાના બીજમાં આ ગુણો હોય છે :** પપૈયાના બીજમાં પેપેઈન નામનું એન્ઝાઈમ હોય છે, જે ત્વચાના મૃત કોષોને દૂર કરવામાં, મૃત ત્વચાને સાફ કરવામાં અને ત્વચાની ભેજ જાળવવામાં મદદ કરે છે. વધુમાં બીજમાં એન્ટીઑક્સિડન્ટ, વિટામિન સી અને એ હોય છે, જે ત્વચાને ચમકતી અને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે અને તમારી ત્વચાના સ્વાસ્થ્યને જાળવવામાં મદદ કરે છે.

**પપૈયાના બીજની પેસ્ટ બનાવો :** પપૈયાના બીજ ખીલની સમસ્યાથી છુટકારો મેળવવામાં મદદ કરે છે. તેથી પપૈયાના કેટલાક બીજ પીસીને પેસ્ટ તૈયાર કરો. તેને ચહેરા પરના ખીલ પર લગાવો. બીજમાં હાજર એન્ટી-બેક્ટેરિયલ ગુણધર્મો ખીલની બળતરા અને ચેપ ઘટાડવામાં મદદ કરશે. તેને 15-20 મિનિટ માટે રહેવા દો અને પછી તેને હૂંફાળા પાણીથી ધોઈ લો.

**પપૈયાના બીજનો સ્ક્રબ :** આ બીજમાંથી બનેલું સ્ક્રબ ત્વચા માટે પણ ફાયદાકારક સાબિત થાય છે. તેથી પપૈયાના બીજને પીસીને તેમાં થોડું પાણી અથવા મધ ઉમેરીને સ્ક્રબ તૈયાર કરો. આ સ્ક્રબને હળવા હાથે ચહેરા પર સારી રીતે માલિશ કરો. આ સ્ક્રબ ખીલને રોકવામાં મદદ કરશે. કારણ કે પપૈયાના બીજમાં એન્ટીબેક્ટેરિયલ ગુણધર્મો હોય છે. વધુમાં તે ત્વચાને ચુસ્ત અને યુવાન રાખવામાં મદદ કરે છે. તમારી ત્વચાને નરમ અને ચમકદાર રાખે છે.

**પપૈયાના બીજ અને મધનું મિશ્રણ :** ત્વચાને કડક બનાવવા માટે પપૈયાના બીજનો ઉપયોગ ઘણી જગ્યાએ થાય છે. તેથી પપૈયાના બીજની પેસ્ટ બનાવો અને તેમાં મધ ઉમેરો. આ મિશ્રણને ચહેરા પર હળવા હાથે માલિશ કરો. મધ ત્વચાને ભેજયુક્ત બનાવે છે જ્યારે પપૈયાના બીજ ત્વચાને કડક બનાવવામાં મદદ કરે છે. તેને ચહેરા પર 20 મિનિટ સુધી રાખો અને પછી ધોઈ લો.

# *LPG : ભારતગેસના હળવા વજન વાળો LPG સિલિન્ડર થયો લોન્ચ, જાણો કોણ લઈ શકશે લાભ?*




રસોઈ ગેસનો ઉપયોગ કરતા લાખો ગ્રાહકો માટે ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ દ્વારા એક મોટી અને રાહતરૂપ જાહેરાત કરવામાં આવી છે. કંપનીએ 'ભારતગેસ લાઈટ ઝિપ' નામની એક નવી પ્રીમિયમ LPG સેવા શરૂ કરી છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રાહકોના રસોઈના અનુભવને વધુ સરળ અને આધુનિક બનાવવાનો છે. હાલમાં મુંબઈથી શરૂ થયેલી આ સેવા આગામી ૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ સુધીમાં દેશના 24 રાજ્યોના 100 શહેરોમાં ઉપલબ્ધ કરાવી દેવામાં આવશે. આ નવી સેવાની સૌથી મોટી વિશેષતા તેમાં વપરાતા 'કમ્પોઝિટ સિલિન્ડર' છે. પરંપરાગત સ્ટીલના ભારેખમ સિલિન્ડરની સરખામણીએ આ સંયુક્ત સિલિન્ડર અત્યંત હળવા હોય છે. તેના ઓછા વજનને કારણે તેને ઘરમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવાનું અત્યંત સરળ બની ગયું છે, જે વૃદ્ધો અને મહિલાઓ માટે ખૂબ જ ફાયદાકારક છે. આ સિલિન્ડર કાટ-પ્રતિરોધક (rust-proof) હોવાથી તેમાં કાટ લાગવાની સમસ્યા રહેતી નથી, પરિણામે તેની ટકાઉપણું વધે છે અને જાળવણીનો ખર્ચ ઘટે છે.

આ સિલિન્ડરની સૌથી અનોખી લાક્ષણિકતા તેની પારદર્શક ડિઝાઈન છે. ગ્રાહકો હવે સિલિન્ડર ખોલ્યા વગર જ અંદર કેટલો ગેસ બાકી છે તે જોઈ શકશે. આ સુવિધાને કારણે ગેસ અચાનક પૂરો થઈ જવાની સમસ્યાનો અંત આવશે અને ગ્રાહક સમયસર નવું બુકિંગ કરાવી શકશે. કંપનીના દાવા મુજબ, આ નવા સિલિન્ડરો સુરક્ષાના તમામ માપદંડોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યા છે, જે તેને સામાન્ય સ્ટીલના સિલિન્ડર કરતા વધુ સુરક્ષિત બનાવે છે.

આધુનિક જીવનશૈલીને ધ્યાનમાં રાખીને BPCL એ 'ઝિપ' ડિલિવરી મોડલ અપનાવ્યું છે. હવે નવા ગેસ કનેક્શન માટે ગ્રાહકોએ લાંબી રાહ જોવી નહીં પડે. પ્રીમિયમ સેવા હોવાથી તેમાં એક્સપ્રેસ ડિલિવરીની સુવિધા પણ આપવામાં આવી છે, જેથી ગ્રાહકોને ઝડપથી અને સમયસર ગેસ સિલિન્ડર મળી રહે.

આગામી સમયમાં ઈન્ડિયન ઓઈલ, BPCL અને HPCL જેવી સરકારી તેલ કંપનીઓ ગ્રાહકોને આવી વધુ આધુનિક સુવિધાઓ પૂરી પાડવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. સ્પર્ધાત્મક બજારમાં આ પ્રકારની ટેકનોલોજીના ઉપયોગથી ગ્રાહકોને જ સૌથી મોટો ફાયદો થશે. વધુ સારી સેવા, આધુનિક ટેકનોલોજી અને સરળતા એ આ નવી પહેલના મુખ્ય સ્તંભો છે, જે આવનારા સમયમાં ભારતીય રસોડાની ઓળખ બદલી નાખશે.

# સલાડ ખાતી વખતે આ ભૂલ ન કરો, ફાયદો થવાની જગ્યાએ થશે નુકસાન

સલાડ ખાવું સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે. આરોગ્ય નિષ્ણાતો શક્ય તેટલું વધુ સલાડ ખાવાની ભલામણ કરે છે, ખાસ કરીને ઉનાળામાં. પણ શું તમે જાણો છો કે સલાડમાં શું ન ખાવું જોઈએ? આજે અમે તમને જણાવીશું કે સલાડ ખાતી વખતે કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ. કારણ કે સલાડમાં કેટલીક વસ્તુઓ ખાવાથી શરીર પર હાનિકારક અસર પડી શકે છે. સલાડ ખાવું શરીર માટે ફાયદાકારક છે. પરંતુ શું તમે જાણો છો કે સલાડમાં કઈ વસ્તુઓનો સમાવેશ ન કરવો જોઈએ, કારણ કે કેટલીક વસ્તુઓ શરીરને નુકસાન પહોંચાડે છે.

રાત્રિભોજન પહેલાં સલાડ ખાવું ફાયદાકારક છે. સ્વાસ્થ્ય નિષ્ણાતો પણ કહે છે કે સલાડ ખાવાથી ફાયદો થાય છે. શિયાળામાં, બીટ, ગાજર અને અન્ય મોસમી શાકભાજી સલાડમાં શામેલ કરવા જોઈએ, જ્યારે ઉનાળામાં, કાકડી, ટામેટા જેવા અન્ય શાકભાજી સલાડમાં શામેલ કરવા જોઈએ.

પરંતુ શું તમે જાણો છો કે સલાડમાં કઈ વસ્તુઓનો ઉપયોગ ન કરવો જોઈએ? કારણ કે સલાડમાં તમામ પ્રકારની શાકભાજીનો સમાવેશ કરવો પણ નુકસાનકારક હોઈ શકે છે. સલાડ ખાતી વખતે તમે જોયું હશે કે ઘણા લોકો લીંબુનો પણ ઉપયોગ કરે છે. પરંતુ પ્રશ્ન એ છે કે સલાડમાં લીંબુ ઉમેરવું જોઈએ કે નહીં. તમને જણાવી દઈએ કે સલાડને સ્વાદિષ્ટ બનાવવા માટે તેમાં કેટલીક એવી વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવે છે, જે શરીર માટે હાનિકારક હોઈ શકે છે. હા, આપણે લીંબુ અને મીઠા વિશે વાત કરી રહ્યા છીએ. ચાલો તમને જણાવી દઈએ કે આનાથી સ્વાદમાં સુધારો થાય છે, પરંતુ તેના વિશે ઘણી ગેરમાન્યતાઓ છે. તમને જણાવી દઈએ કે આયુર્વેદમાં પણ સલાડમાં લીંબુ અને મીઠું ન ઉમેરવાનું કહેવામાં આવ્યું છે. આનાથી સ્વાસ્થ્યને કોઈ ફાયદો થતો નથી. જોકે, એ વાત સાચી છે કે લીંબુમાં વિટામિન સી સારી માત્રામાં જોવા મળે છે. એટલા માટે તેને એન્ટીઑક્સિડન્ટ પણ માનવામાં આવે છે.

કાકડી અને ટામેટા ક્યારેય લીંબુ ભેળવીને ન ખાવા જોઈએ, તે નુકસાનકારક હોઈ શકે છે. તેથી જો તમે સલાડમાં લીંબુ અને મીઠું ઉમેરીને સ્વાદ વધારી રહ્યા છો, તો તમારે તેનાથી બચવું જોઈએ. આ ઉપરાંત, સલાડમાં મીઠું પણ ન ઉમેરવું જોઈએ. ખરેખર મીઠામાં સોડિયમ હોય છે. આ શરીર માટે બિલકુલ સારું નથી. કારણ કે જો શરીરમાં સોડિયમનું પ્રમાણ વધારે હોય તો બ્લડ પ્રેશરનું જોખમ વધી શકે છે. આ ઉપરાંત, ડોકટરો ખોરાકમાં મીઠું ઉમેરવાની પણ મનાઈ કરે છે. આરોગ્ય નિષ્ણાતોના મતે, આનાથી હાડકાં પણ નબળા પડી શકે છે. હા, શરીરમાં જેટલું વધુ સોડિયમ હશે, હૃદય રોગનું જોખમ એટલું જ વધારે હશે. તેથી, સલાડમાં ક્યારેય મીઠું અને લીંબુ ન ઉમેરવું જોઈએ.

## દિવસે સૂવું અને રાત્રે સૂવામાં શું ફરક હોય છે? નિષ્ણાંતે કહી મોટી વાત, હવે ના કરતા આવી ભૂલ

ઘણીવાર તમે જોયું હશે કે તમામ કામ પુરા કર્યા પછી કેટલીક મહિલાઓ દિવસ દરમિયાન આરામ લે છે. આ સમય દરમિયાન તે એક કે બે કલાક સૂવાનું પસંદ કરે છે. જ્યારે રાત્રે ઓફિસ શિફ્ટમાં કામ કરતા લોકો તેમની ઊંઘ પૂરી કરવા માટે દિવસનો સમય પસંદ કરે છે. પરંતુ શું દિવસ દરમિયાન સૂવું યોગ્ય છે? કુદરત મુજબ રાતનો અંધકાર સૂવા માટે છે અને દિવસનો પ્રકાશ જાગીને નવા દિવસની શરૂઆત કરવા માટે છે. આવી સ્થિતિમાં જે લોકો દિવસ દરમિયાન કલાકો સુધી ઊંઘે છે, તેઓએ જાણવું જ જોઈએ કે દિવસ અને રાતની ઊંઘમાં શું તફાવત છે. આવો, નિષ્ણાતો પાસેથી જાણીએ. દિવસ અને રાતના 7 કલાકની ઊંઘમાં ઘણો તફાવત છે. જ્યારે તમે સૂઈ જાઓ છો, ત્યારે તમારા બેક્ટેરિયા પણ ઊંઘે છે અને તમે જે ખોરાક લો છો તે આંતરડામાં રહેલા બેક્ટેરિયા દ્વારા પ્રક્રિયા કરવામાં આવે છે. આવી સ્થિતિમાં, જ્યારે તમે રાત્રે ખોરાક લો છો, ત્યારે બેક્ટેરિયા તમારા આંતરડામાંથી 15 ટકા કેલરી ચૂસી લે છે. ડૉક્ટર્સ કહે છે કે દિવસ અને રાતની ઊંઘમાં ઘણો તફાવત છે. જ્યારે તમે રાત્રે સૂઈ જાઓ છો, ત્યારે મેલોટોનિન વધે છે જે ઊંઘને પ્રેરિત કરે છે જેને અંધકારની જરૂર હોય છે. જો કે, તમે દિવસ દરમિયાન પાવર નેપ લઈ શકો છો. દિવસ-રાતની ઊંઘ અંગે ડોક્ટરે વધુમાં જણાવ્યું હતું કે કામના કારણે તમે રાત્રે જાગતા રહી શકો છો પરંતુ જો કોઈ કામ ન હોય તો સમયસર સૂવું વધુ સારું છે. તમે ઘણી વાર વાંચ્યું કે સાંભળ્યું હશે કે વ્યક્તિએ રાત્રે ઓછામાં ઓછી 7 થી 8 કલાકની ઊંઘ લેવી જોઈએ. પરંતુ આ માટે યોગ્ય સમયે સૂવું અને જાગવું જરૂરી છે. તબીબોનું કહેવું છે કે રાત્રે 10 વાગ્યાથી સવારના 4 વાગ્યા સુધી ઉંઘ સારી રહે છે. 4 નહીં તો 5 વાગે ઉઠો. આ પછી તમારી જાતને સંપૂર્ણ એક કલાક આપો. આ સમય દરમિયાન તમે કસરત કરી શકો છો અથવા ફરવા જઈ શકો છો.

# નવજાત બાળકોને કમળો કેમ થાય છે, તે કેટલું જોખમી છે?



નવજાત બાળકોમાં કમળો સામાન્ય છે. ડૉક્ટરની દેખરેખ હેઠળ તેને સરળતાથી નિયંત્રિત કરી શકાય છે, પરંતુ કેટલાક કેસ ગંભીર પણ હોઈ શકે છે. આ બાળકોના એકંદર આરોગ્ય પર નકારાત્મક અસર કરે છે. જો નવજાત શિશુમાં કમળાના લક્ષણો દેખાય તો તરત જ ડૉક્ટરનો સંપર્ક કરવો જોઈએ. નાના બાળકોમાં કમળો એ સામાન્ય સમસ્યા છે. જન્મ પછી, ઘણા બાળકોની આંખો પીળી દેખાવા લાગે છે. કારણ કે તેમના શરીરમાં વધારાનું બિલીરૂબિન બનવા લાગે છે, જે નવજાત શિશુમાં કમળાની સમસ્યાનું કારણ બને છે. સામાન્ય રીતે આ સમસ્યા થોડા દિવસોમાં ઠીક થઈ જાય છે, પરંતુ ક્યારેક તે ગંભીર પણ બની શકે છે. આવી સ્થિતિમાં નવજાત શિશુની કાળજી લેવી જરૂરી બની જાય છે. ખાસ કરીને માતા-પિતાએ આ બાબતે વધુ કાળજી લેવી જોઈએ. ચાલો જાણીએ નવજાત બાળકોમાં કમળો કેમ થાય છે.

નવજાત શિશુમાં કમળો થવાના ઘણા કારણો છે. આમાં, ગર્ભમાં રહેલા બાળકનો સંપૂર્ણ વિકાસ થતો નથી. સગર્ભા સ્ત્રીઓ યોગ્ય પોષણયુક્ત આહાર લેતી નથી. આવા ઘણા લક્ષણો હોઈ શકે છે. જન્મ પછી, બાળકનું લીવર યોગ્ય રીતે કામ કરવાનું શરૂ કરતું નથી, જેના કારણે શરીરમાં બિલીરૂબિન એકઠું થઈ જાય છે, જેના કારણે નવજાતમાં કમળો થાય છે.

નવજાત શિશુમાં, લાલ રક્તકણો બને છે અને વધુ તૂટી જાય છે, જેના કારણે બિલીરૂબિન વધે છે. જો નવજાત શિશુમાં બિલીરૂબિન વધે છે, તો કમળાનું જોખમ વધારે છે. ડો. વિપિન કહે છે કે કોઈપણ રોગ શરીર માટે ખતરનાક હોય છે, પરંતુ કમળો 1-2 અઠવાડિયામાં જાતે જ ઠીક થઈ જાય છે. પરંતુ કેટલીક પરિસ્થિતિઓમાં તે ગંભીર પરિસ્થિતિઓ પણ બનાવે છે. જો શરીરમાં બિલીરૂબિન ખૂબ વધી જાય તો તે બાળકના મગજને નુકસાન પહોંચાડે છે, જેનાથી માનસિક વિકાસમાં અવરોધ આવી શકે છે. જો કમળો લાંબા સમય સુધી ચાલુ રહે તો તે લીવરને અસર કરી શકે છે. બાળકને વારંવાર સ્તનપાન કરાવવાથી કમળો ઝડપથી મટી જાય છે. જો બાળકમાં કમળાના લક્ષણો (ત્વચા અથવા આંખોનું પીળું પડવું) જોવા મળે, તો ચોક્કસપણે ડૉક્ટરની સલાહ લો. આ બાબતમાં બેદરકાર ન રહો.

# શૂઝમાંથી આવતી સૌથી ખરાબ ગંધ મિનિટોમાં થઈ જશે ગાયબ, વગર ધોયે આ ટ્રિકથી મહેકશે શૂઝ

સામાન્ય રીતે બપોરે જમ્યા પછી મોટાભાગના લોકોને શરીરમાં આળસ અને સુસ્તીનો અનુભવ થાય છે. રાત્રે અધૂરી ઊંઘ અથવા સવારનો તણાવ આ માટે જવાબદાર હોઈ શકે છે. હેલ્થ એક્સપર્ટ્સના મતે, દિવસ દરમિયાન એક નાની ઝપકી (Nap) લેવી કોઈ ખોટી વાત નથી, કારણ કે તે મગજને ફરીથી સક્રિય કરે છે. મેદાંતા નોઈડાના શ્વસન અને સ્લીપ મેડિસિન વિભાગના ડૉ.ના જણાવ્યા અનુસાર, દિવસમાં 10 થી 30 મિનિટની નાની ઊંઘ અથવા ઝપકી લેવી સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે. તે તમારી પ્રોડક્ટિવિટી અને એકાગ્રતાને ઘણી ગણી વધારી દે છે. જો તમે રાત્રે પૂરતી ઊંઘ લો છો છતાં પણ આખો દિવસ થાક લાગે છે, જાગવામાં તકલીફ પડે છે અથવા બપોરે લાંબી ઊંઘ લેવાની જરૂર પડે છે, તો તે સામાન્ય નથી. મોટી ઉંમરના લોકોમાં દિવસ દરમિયાન વારંવાર અને અસમયે ઊંઘ આવવી તે નબળા સ્વાસ્થ્ય અને જોખમની નિશાની હોઈ શકે છે. દિવસ દરમિયાન વધુ પડતી ઊંઘ આવવાનું એક મુખ્ય કારણ 'ઓબ્સ્ટ્રક્ટિવ સ્લીપ એપનિયા' હોઈ શકે છે. આ બીમારીમાં ઊંઘતી વખતે શ્વાસ લેવામાં વારંવાર અવરોધ આવે છે, જેના કારણે રાતની ઊંઘ અધૂરી રહે છે અને દિવસે ગમે ત્યારે ઊંઘ આવી જાય છે.

## મગજથી લઈને હાર્ટ માટે ફાયદાકારક છે આ મસાલાનું પાણી, બસ રોજ સવારમાં ઉઠીને ખાલી પેટ પીવાનું શરૂ કરો

રસોડામાં રાખેલા કેટલાક મસાલાનો ઉપયોગ ફક્ત ખોરાકનો સ્વાદ વધારવા માટે જ નથી થતો, પણ આ મસાલા સ્વાસ્થ્ય માટે પણ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આવી જ એક વસ્તુ છે હળદર, ઘણા લોકો જાણે છે કે હળદર આપણા સ્વાસ્થ્ય માટે ફાયદાકારક હોય છે. ઘણા લોકો હળદરવાળું દૂધ પણ પીતા હશે. પણ દરરોજ સવારે ખાલી પેટે હળદરવાળું પાણી પીવાથી પણ સ્વાસ્થ્યને અનેક ફાયદાઓ થાય છે. તો ચાલો આજે જાણીએ હળદરનું પાણી પીવાના ફાયદાઓ વિશે. એન્ટીઑક્સિડન્ટ, એન્ટીબેક્ટેરિયલ, એન્ટીવાયરલ અને એન્ટીઈન્ફ્લેમેટરી ગુણથી ભરપૂર, હળદરનું પાણી હૃદયના સ્વાસ્થ્યને મજબૂત રાખવામાં અસરકારક સાબિત થઈ શકે છે. હૃદય સંબંધિત રોગોનું જોખમ ઘટાડવા માટે હળદરવાળું પાણી પણ પી શકાય. હળદરનું પાણી બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવામાં પણ અસરકારક સાબિત થઈ શકે છે. આ ઉપરાંત, હળદરના પાણીમાં જોવા મળતા બધા પોષક તત્વો રોગપ્રતિકારક શક્તિને ઘણી હદ સુધી વધારી શકે છે. હળદરનું પાણી પીવાથી મગજના સ્વાસ્થ્યમાં ઘણી હદ સુધી સુધારો થાય છે. યાદશક્તિ મજબૂત કરવા માટે હળદરનું પાણી પી શકાય છે. નિયમિત રીતે હળદરનું પાણી પીવાથી અલ્ઝાઈમર અને ડિમેન્શિયા જેવા રોગોનું જોખમ ઓછું થઈ શકે છે. આ ઉપરાંત, હળદરનું પાણી આંતરડાના સ્વાસ્થ્યને મજબૂત બનાવીને કબજિયાત, એસિડિટી અને પેટનું ફૂલવું જેવી સમસ્યાને દૂર કરવામાં પણ અસરકારક સાબિત થઈ શકે છે. સાંધાના દુખાવાથી છુટકારો મેળવવા માટે તો દરરોજ સવારે હળદરવાળું પાણી પીવાનું શરૂ કરો. હળદરનું પાણી પીવાથી હાડકાં અને સ્નાયુઓ મજબૂત બની શકે છે. હળદરના પાણીમાં મળતા તત્વો શરીરના ચયાપચયને વધારીને વજન ઘટાડવામાં મદદ કરે છે.

# Samosa vs Burger: બર્ગર પર ભારે પડ્યા સમોસા, McDonaldથી બમણો છે હલ્દીરામનો નફો

દરેક ભારતીય ખાવાનો ખૂબ શોખીન છે. મસાલેદાર ખોરાક એ ભારતની ઓળખ છે. છતાં, ભારતીયો ઘણીવાર વિદેશી ખોરાક પસંદ કરે છે. લોકો પિઝા, બર્ગર અને ચાઈનીઝ ખોરાક જેવા ખાદ્ય પદાર્થોના દિવાના હોય છે. છતાં જ્યારે ભારતીય ખોરાકની વાત આવે છે, ત્યારે તેનો કોઈ જવાબ જ નથી. તેથી જ બજારમાં બર્ગર પણ સમોસા કરતાં વધુ સારું પ્રદર્શન કરવામાં નિષ્ફળ ગયા છે. ચાલો સમજાવીએ કે કેવી રીતે?




### બર્ગર પર ભારે પડ્યા સમોસા

ખરેખરમાં પ્રખ્યાત ઉદ્યોગપતિ હર્ષ ગોયન્કા સોશિયલ મીડિયા પર ખૂબ એક્ટિવ રહે છે. તેઓ વારંવાર તેમના X એકાઉન્ટ દ્વારા પોસ્ટ્સ શેર કરે છે. એક પોસ્ટમાં તેમણે દાવો કર્યો હતો કે હલ્દીરામના સમોસા મેકડોનાલ્ડના બર્ગરને પાછળ છોડી દે છે. આ પોસ્ટ શેર કરતાં તેમણે કેપ્શન આપ્યું હતું, "ભારત VS અમેરિકા - ભારતમાં કોનો ખોરાક જીતે છે?"

### હલ્દીરામની કમાણી

તેમણે શેર કરેલી પોસ્ટમાં હલ્દીરામ અને મેકડોનાલ્ડના ભારતીય સ્ટોર્સ અને કમાણીની વિગતો છે. તેમાં જણાવાયું છે કે હલ્દીરામના ભારતમાં 400 થી વધુ સ્ટોર્સ છે. તેની આવક ₹8,000 કરોડ છે, જે ₹800 કરોડનો નફો કરે છે. દરેક સ્ટોર ₹20 કરોડ સુધી કમાય છે.

### મેકડોનાલ્ડ્સનો આવક

મેકડોનાલ્ડ્સ ભારતમાં 550 સ્ટોર્સ ધરાવે છે, જે ₹4,500 કરોડની આવક જનરેટ કરે છે. આ સ્ટોર્સથી ₹180 કરોડનો નફો થાય છે. મેકડોનાલ્ડ્સના એક જ સ્ટોરથી ભારતમાં ₹82 કરોડનો નફો થાય છે. આ આંકડા દર્શાવે છે કે હલ્દીરામનો સમોસા ખરેખર મેકડોનાલ્ડ્સ બર્ગર કરતાં સર્વોચ્ચ સ્થાન ધરાવે છે. જ્યારે ભારતીય ખોરાકની વાત આવે છે, ત્યારે દરેક ભારતીય પોતાના દેશને પ્રાથમિકતા આપે છે.

# વકીલો ક્લાયન્ટ મેળવવા હવે સોશિયલ મીડિયાનો ઉપયોગ નહીં કરી શકે : બાર કાઉન્સિલ

અમદાવાદ, તા.૧૯

સુપ્રીમ કોર્ટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર કાળો કોટ પહેરીને પ્રમોશનલ રીલ્સ, ડ્રામેટિક વીડિયો અને ડિજિટલ પ્રચાર દ્વારા ક્લાયન્ટ્સ આકર્ષતા વકીલો વિરુદ્ધ સુપ્રીમકોર્ટે લાલ આંખ કરતાં આખરે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા વકીલો, કાયદાના વિદ્યાર્થીઓ, ઈન્ટર્ન અને કાનૂની ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકો માટે સોશિયલ મીડિયા અને આવા પ્લેટફોર્મના ઉપયોગ અંગે ૩૭ પાનાની કડક આચારસંહિતા સાથેનો પરિપત્ર જારી કરવામાં આવ્યો છે. જેમાં વકીલો, લો સ્ટુડન્ટ્સ, ઈન્ટર્ન કે કાયદા ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોનો પ્રમોશનલ રીલ્સ, ક્લાયન્ટ્સ મેળવવાના પ્રયાસો અને કોર્ટના વીડિયો પર સંપૂર્ણપણે પ્રતિબંધ ફરમાવી દેવાયો છે.

સોશિયલ મીડિયા કે એઆઈનો દૂરૂપયોગ કરનારા વકીલ સામે પગલા લેવાશે. બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ આ પરિપત્ર દ્વારા સાફ જણાવી દીધું છે કે, આ આચારસંહિતાનો ભંગ કરનાર વકીલો, લો સ્ટુડન્ટ્સ, ઈન્ટર્ન કે કાયદાના ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકો કે આવા કાળા કોટવાળા સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર્સ વિરુદ્ધ એડવોકેટ્સ એક્ટ હેઠળ શિસ્તભંગની આકરી કાર્યવાહી કરવામાં આવશે.

દેશભરના વકીલો, લો સ્ટુડન્ટ્સ, ઈન્ટર્ન અને કાયદા ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકો પર લગામ કસતા બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના પરિપત્ર અંગે માહિતી આપતાં ગુજરાત બાર કાઉન્સિલના પૂર્વ ચેરમેન અને સિનિયર સભ્ય અનિલ સી. કેલ્લાએ જણાવ્યું હતું કે, સોશિયલ મીડિયા પર કાળો કોટ પહેરીને કે પ્રમોશનલ રીલ્સ, કાનૂની જાગૃતિ અને ડિજિટલ પ્રચાર દ્વારા ક્લાયન્ટ્સને આકર્ષતા વકીલો વિરુદ્ધ ગંભીર આક્ષેપો કરતી અને વ્યવસાયિક ગેરવર્તણૂકનો મુદ્દો ઉઠાવતી સુપ્રીમકોર્ટમાં એક પીઆઈએલ થઈ છે, જેમાં સુપ્રીમકોર્ટે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા અને દેશની તમામ સ્ટેટ બાર કાઉન્સિલો પાસેથી જવાબ માંગ્યો છે. સુપ્રીમકોર્ટના કડક અને ગંભીર વલણને પગલે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા ૩૭ પાનાની બહુ મહત્વની, ગંભીર અને કડક આચારસંહિતા સાથે એક પરિપત્ર જારી કર્યો છે. જે મુજબ, કાનૂની વ્યવસાય એ કોઈ જાહેરાતનું સાધન નહીં પરંતુ જાહેર સેવા છે., તેથી સોશિયલ મીડિયા પર વ્યક્તિગત પ્રચાર, ક્લાયન્ટ મેળવવાના પ્રયાસો અને કોર્ટ કાર્યવાહીનું સનસનાટીભર્યું પ્રદર્શન વ્યાવસાયિક નૈતિકતાનો ભંગ ગણાશે.

બીસીઆઈએ એ વાતની બહુ ગંભીર નોંધ લીધી છે કે, છેલ્લા કેટલાક સમયમાં વકીલો, કાયદાના વિદ્યાર્થીઓ અને અન્ય લોકો દ્વારા કોર્ટ કાર્યવાહી અંગે રીલ્સ, ટૂંકા વીડિયો, સંપાદિત ક્લિપ્સ અને વ્યક્તિગત ટિપ્પણીઓ પોસ્ટ કરવાની વૃત્તિ વધી રહી છે. પસંદગીના દ્રશ્યોને કાપીને અથવા સંદર્ભ વિના રજૂ કરવાથી ન્યાયતંત્ર પ્રત્યે લોકોનો વિશ્વાસ ઘટી શકે છે અને ન્યાયાધીશો, વકીલો તથા પક્ષકારોની પ્રીતિ ને નુકસાન પહોંચી શકે છે. જેના કારણે આવી પ્રવૃત્તિઓ સામે કડક માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે. આ આચારસંહિતાના ચુસ્ત અમલીકરણ માટે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ દેશની તમામ સ્ટેટ બાર કાઉન્સિલોને ડિજિટલ એથિક્સ કમિટી રચવાના પણ નિર્દેશો અપાયા છે.

# અદાણી CNGના ભાવમાં ફરી ૨ રૂપિયાનો તોતિંગ વધારો

અમદાવાદ, તા.૧૯

મોંઘવારીના માર વચ્ચે ગુજરાતના વાહનચાલકો માટે ફરી એકવાર માઠા સમાચાર સામે આવ્યા છે. અદાણી ગેસ દ્વારા સીએનજી (CNG)ના ભાવમાં પ્રતિ કિલો ૨ રૂપિયાનો ઝીંકાયો વધારો કરાયો છે.

આ ભાવ વધારા સાથે જ અમદાવાદ સહિત રાજ્યભરમાં ઝ્રદ્ગય્ વાહનધારકો અને રિક્ષાચાલકોના ખિસ્સા પર આર્થિક ભારણ વધવાનું નક્કી છે.

અદાણી કંપની દ્વારા કરવામાં આવેલા આ તાજા વધારા બાદ હવે અમદાવાદમાં ઝ્રદ્ગય્નો નવો ભાવ પ્રતિ કિલો ૯૦.૦૨ રૂપિયા (કેટલાક વિસ્તારોમાં રૂ.૯૦.૨૦) થઈ ગયો છે. આ અગાઉ પ્રતિ કિલો સીએનજીનો દર ૮૮.૨૦ રૂપિયા હતો, જેમાં ૨ રૂપિયાનો સીધો વધારો ઝીંકવામાં આવ્યો છે. નોંધનીય છે કે, ચાલુ વર્ષ ૨૦૨૬માં અદાણી સીએનજી દ્વારા વારંવાર ભાવ વધારો કરીને વાહનચાલકોની કમર તોડી નાખવામાં આવી છે. વર્ષ ૨૦૨૬માં પ્રતિ કિલો કૂલ ૧૦ રૂપિયાનો વધારો થયો છે. છેલ્લો વધારો ૨૭ મે, ૨૦૨૬ના રોજ ૨ રૂપિયાનો વધારો કરાયો હતો. આ અગાઉના વધારાના માત્ર ૩ મહિનાના ટૂંકા ગાળામાં જ ફરી એકવાર ગ્રાહકો પર મોંઘવારીનો કોરડો વીંઝાયો છે.

CNGના ભાવમાં સતત થઈ રહેલા આ ફેરફાર અને વધારાને કારણે મધ્યમ વર્ગ અને ખાસ કરીને સીએનજી પર નિર્ભર લાખો રિક્ષાચાલકો તેમજ કોમર્શિયલ વાહનચાલકો ભારે ચિંતામાં મુકાયા છે. "અગાઉ સરકારે ભાવમાં થોડો ઘટાડો કરીને રાહત આપી હતી, પરંતુ ત્યારબાદ સતત કરવામાં આવી રહેલા ભાવ વધારાથી સીએનજી વાહન રાખવું હવે પરવડે તેમ નથી. આનાથી અમારા રોજિંદા બજેટ પર સીધી અસર પડશે.

નોંધનીય છે કે, વારંવાર વધતા આ ભાવોને કારણે આગામી દિવસોમાં ટ્રાન્સપોર્ટેશન અને રિક્ષા ભાડામાં પણ વધારો થાય તેવી શક્યતાઓ નકારી શકાય તેમ નથી.

# ગુજરાતના શહેરોમાં હવે કમ્પ્લીટ સ્ટ્રીટ્સ, પાર્કિંગ મેનેજમેન્ટ માટે નવો પ્લાન બનાવાશે

ગાંધીનગર, તા.૧૯

અમદાવાદ સહિત રાજ્યના મહાનગરો-શહેરોમાં ટ્રાફિકની સમસ્યા હલ કરવા અને રાહદારીઓને સુરક્ષિત વાતાવરણ પૂરું પાડવા માટે રાજ્ય સરકાર ખાસ આયોજન કરી રહી છે. હવે રાજ્યના શહેરી વિસ્તારોના રસ્તાઓને માત્ર વાહનો દોડાવવા માટે નહીં પરંતુ પદયાત્રીઓ માટે અનુકૂળ, હરિયાળા અને સુવિધાજનક એટલે કે 'કમ્પ્લીટ સ્ટ્રીટ્સ' તરીકે વિકસાવવા અને હાલમાં રસ્તાઓ બનાવતી વખતે ફૂટપાથ, પાર્કિંગ અને ભૂગર્ભ સુવિધાઓનું યોગ્ય સંકલન ન થવાને કારણે સર્જાતી અંધાધૂંધીને રોકવા માટે આ નવો પ્લાન તૈયાર કરાશે. શહેરી આયોજન માટે બનેલી હાઈ-લેવલ કમિટીના અહેવાલ મુજબ, રસ્તાઓની ડિઝાઈનને મજબૂત કાયદાકીય પીઠબળ આપવા માટે મુખ્ય ૪ મહત્વની કેટેગરીમાં ભલામણો કરવામાં આવી છે.

જે મુજબ, (૧) ગુજરાત ટાઉન પ્લાનિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ-GTPUDA, ૧૯૭૬માં સુધારો કરવાની ભલામણ કરાઈ છે. એવી જ રીતે (૨) ડેવલપમેન્ટ પ્લાન-DP અને ટાઉન પ્લાનિંગ સ્કીમ-TPSમાં જ 'કમ્પ્લીટ સ્ટ્રીટ'નો સમાવેશ ફરજિયાત કરવા (૩) સુરક્ષિત અને સુવિધાજનક રસ્તાઓ માટે સ્ટ્રીટ ડિઝાઈન રેગ્યુલેશન તૈયાર કરી તેને CGDCRનો ભાગ બનાવવા (૪) રાજયના મુખ્ય શહેરોમાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે અમુક રસ્તાઓને વોકેબલ અને ગ્રીન બનાવવા માટે સરકારને ' કમ્પ્લીટ સ્ટ્રીટ્સ ચેલેન્જ ફંડ' ઊભું કરવાની સલાહ અપાઈ છે. હાલમાં ઉપલબ્ધ સ્ટ્રીટ ડિઝાઈન ગાઈડલાઈન્સ મરજિયાત હોવાથી નવા રસ્તાના બાંધકામમાં લાગુ થતી નથી પરંતુ હવેથી ગુજરાત પોતાની અર્બન સ્ટ્રીટ ડિઝાઈન ગાઈડલાઈન્સ (SDG) તૈયાર કરવાની ભલામણ કરાઈ છે.

આ રિપોર્ટ અનુસાર, ગુજરાત દેશનું એવું પ્રથમ રાજ્ય બનશે કે, જે પોતાની આગવી અર્બન સ્ટ્રીટ ડિઝાઇન ગાઇડલાઇન્સ-SDG જાહેર કરશે અને તેને સત્તાવાર રીતે અપનાવશે. હાલમાં દેશમાં IRC, ITDP અને MoUD જેવી સંસ્થાઓની ગાઈડલાઈન્સ ઉપલબ્ધ છે પરંતુ તે ફરજિયાત ન હોવાથી તેનો અમલ યોગ્ય રીતે થતો નથી. ગુજરાત સરકારની આ નવી પહેલથી હવે રસ્તાઓનું નિર્માણ માત્ર વાહનોને ધ્યાનમાં રાખીને નહીં, પરંતુ રાહદારીઓ અને નાગરિકોની સુવિધાને કેન્દ્રમાં રાખીને કરવામાં આવશે. રાજ્ય સરકાર જો આ રિપોર્ટની ભલામણોની અમલમાં મૂકે તો, ગુજરાત મ્યુનિસિપાલિટીઝ એક્ટ, ૧૯૬૩ અંતર્ગત તમામ મોટા શહેરો માટે કડક પાર્કિંગ મેનેજમેન્ટ પ્લાન લાગુ કરાશે. હવે રસ્તાઓ માત્ર ડામરની પટ્ટી નહીં રહે પણ તેમાં સ્પષ્ટ ઝોનિંગ કરાશે.

# સોલામાં બેડમિન્ટન કોચે ૧૩ વર્ષની સગીરા પર દુષ્કર્મ આચર્યું

અમદાવાદ, તા.૧૯

અમદાવાદના સોલા સાયન્સ સિટી રોડ પર આવેલી બેબીલોન ક્લબમાં આવેલી બેડમિન્ટન કોર્ટમાં ટેનીસ શીખવા આવતી સગીરા સાથે નિસર્ગ પંડ્યા નામના ટેનિસ કોચ દ્વારા શારીરિક અડપલા તેમજ દુષ્કર્મ કરવામાં આવ્યું હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. સોલા પોલીસે સગીરાના પિતાની ફરિયાદને આધારે આરોપી નિસર્ગ પંડ્યાની ધરપકડ કરીને તેની જેલ હવાલે કરીને કાર્યવાહી કરી છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે ટેનિસ કોચ સગીરાને લેવા મુકવા માટે જતો હતો. પોલીસે આ અંગે તપાસ શરૂ કરીને જરૂરી પુરાવા એકત્ર કર્યા છે.

મળતી માહિતી અનુસાર, ઘાટલોડિયા વિસ્તારમાં રહેતી ૧૩ વર્ષની સગીરાએ વેકેશન દરમિયાન ટેનિસની તાલીમ લેવા માટે સાયન્સ સિટી રોડ પર આવેલા બેબીલોન ક્લબમાં એડમિશન લીધું હતું. તેને નિસર્ગ પંડ્યા નામનો યુવક કોચિંગ આપતો હતો. માર્ચ ૨૦૨૬માં સગીરાને તેણે કોચિંગ આપવાનું શરૂ કર્યું હતું. તે કેટલીકવાર કારમાં મુકવા પણ જતો હતો. આ દરમિયાન તેણે તકનો ગેરલાભ લઈને આવતા જતા શારીરિક છેડછાડ શરૂ કરી હતી અને સગીરાના ઈન્સ્ટાગ્રામ પર પણ ગંદા મેસેજ કર્યા હતા.

ત્યારબાદ છ જૂનના રોજ તેણે બેબીલોન ક્લબના વોશરૂમની બાજુમાં લઈ જઈને તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું અને આ વાત કોઈને ન કહેવાની ધમકી આપી હતી. જો કે માતા પિતાને શંકા જતા વિશ્વાસમાં લઈને પૂછતા પુત્રીએ તેની સાથે બનેલી ઘટના અંગે જાણ કરી હતી. જેના આધારે સોલા પોલીસ મથકે ટેનિસ કોચ નિસર્ગ પંડ્યાની ધરપકડ કરી હતી.

સગીરાના નિવેદનમાં જાણવા મળ્યું હતું કે આરોપી બેબીલોન ક્લબથી સાયન્સ સિટી કનેક્ટિંગ રોડ તેમજ ગાંધીગ્રામ રેલવે સ્ટેશન પાસે આવેલા ટેનીસ કોર્ટથી સગીરાના ઘરે આવતા કારમાં તેની સાથે શારીરિક અડપલા કરતો હતો. આ અંગે પોલીસ ઈન્સ્પેક્ટર કે એન ભુકણે જણાવ્યું કે આ કેસમાં આરોપી નિસર્ગ પંડ્યાની ધરપકડ કરીને તેનો મોબાઇલ ફોન જપ્ત કરવામાં આવ્યો છે. સાથેસાથે આરોપીને હાલ જેલ હવાલે કરાયો છે.

## અમદાવાદ પોકસો કોર્ટનો ઐતિહાસિક ચુકાદો

# સગીર દીકરી પર દુષ્કર્મ ગુજારનાર પિતા અંતિમ શ્વાસ સુધી જેલના સળિયા ગણશે

અમદાવાદ, તા.૧૯

સમાજને કલંકિત કરતી એક અત્યંત ઘૃણાસ્પદ ઘટનામાં અમદાવાદની સ્પેશિયલ પોકસો કોર્ટે એક ઐતિહાસિક અને કડક ચુકાદો સંભળાવ્યો છે. પોતાની જ સગીર દીકરી પર હથિયારના જોરે વારંવાર દુષ્કર્મ આચરનાર સગા પિતાને કોર્ટે દોષિત ઠેરવીને જીવનના અંતિમ શ્વાસ સુધીની આજીવન કેદની સજા ફટકારી છે. આ સાથે જ કોર્ટે પીડિતાને થયેલી અસહ્ય શારીરિક અને માનસિક પીડાને ધ્યાનમાં રાખીને રૂ.૭ લાખનું આર્થિક વળતર ચૂકવવાનો પણ મહત્વપૂર્ણ આદેશ કર્યો છે.

આ ચકચારી કેસની વિગત એવી છે કે, વર્ષ ૨૦૨૪માં અમદાવાદના વટવા પોલીસ સ્ટેશનમાં નરાધમ પિતા વિરુદ્ધ IPC અને પોકસો એક્ટની વિવિધ ગંભીર કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. પીડિતાની માતા આશરે આઠ વર્ષ પહેલાં ઘર છોડીને જતી રહી હોવાથી તે પોતાના મજૂરી કામ કરતા પિતા અને ભાઈ-બહેન સાથે રહેતી હતી. પીડિતા જ્યારે ધોરણ-૧૦માં અભ્યાસ કરતી હતી, ત્યારે તે એક મિત્ર સાથે મોબાઈલ પર વાત કરતી હોવાની જાણ પિતાને થતા પ્રથમ તેને ઢોર માર મારવામાં આવ્યો હતો. સગીરાને ઢોર માર માર્યા બાદ તે જ રાત્રે ધાબે સૂવા ગયેલી સગીરાને નીચે બોલાવી, દાતરડા જેવા તીક્ષ્ણ હથિયારનો ભય બતાવીને પિતાએ બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હતું. આ નરાધમ પિતાએ દીકરીને ધમકી આપી હતી કે, જો તે આ અંગે કોઈને પણ વાત કરશે તો તેને જાનથી મારી નાખશે અને સમાજમાં બદનામ કરી દેશે. આ ડરના કારણે પિતા અવારનવાર દીકરીનું શારીરિક શોષણ કરતો રહ્યો અને પીડિતા લાંબા સમય સુધી મૌન રહી. આખરે ભયના ઓથારમાંથી બહાર આવીને સગીરાએ આ આપવીતી પોતાના એક મિત્રને જણાવી હતી અને હિંમત એકઠી કરીને વટવા પોલીસ મથકમાં નરાધમ પિતા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તત્કાલીન સમયે પીડિતાનું મેડિકલ પરીક્ષણ કરાવીને મજબૂત વૈજ્ઞાનિક અને દસ્તાવેજી પુરાવાઓ એકત્ર કર્યા હતા.

અદાલતમાં કેસની સુનાવણી દરમિયાન સરકારી વકીલ કમલેશ જી. જૈને ધારદાર દલીલો કરી હતી. તેમણે મહત્વના સાક્ષીઓ અને ૨૨ જેટલા મજબૂત દસ્તાવેજી પુરાવાઓ કોર્ટ સમક્ષ રજૂ કરીને ગુનો સાબિત કર્યો હતો.

સરકારી પક્ષે એવી દલીલ કરી હતી કે, પિતા-પુત્રીના પવિત્ર સંબંધને કલંકિત કરનારા આવા કિસ્સામાં સમાજમાં દાખલો બેસે અને ગુનેગારોમાં કાયદાનો ડર ઊભો થાય તેવી કડક સજા થવી અનિવાર્ય છે. બંને પક્ષોની દલીલો અને પુરાવાઓ ગ્રાહ્ય રાખ્યા બાદ, સ્પેશિયલ પોકસો કોર્ટના જજ એ.બી. ભટ્ટે આરોપી પિતાને તકસીરવાન ઠેરવ્યો હતો.

કોર્ટે માનવતા મરી પરવારી હોય તેવા આ કૃત્ય માટે આરોપીને મૃત્યુ સુધી જેલમાં રાખવાનો આદેશ કરવાની સાથે ?૨૦ હજારનો દંડ પણ ફટકાર્યો છે. બાળકીઓ વિરુદ્ધ થતા જાતીય ગુનાઓ સામે કાયદાનો આકરો કોરડો વીંઝતો આ નિર્ણય કાનૂની ક્ષેત્રે અત્યંત મહત્વનો માનવામાં આવી રહ્યો છે.

# મોંઘવારીની માર વચ્ચે ગૃહિણીઓનું બજેટ ખોરવાયું

રાજકોટ, તા.૧૯

તહેવારોની સીઝન નજીક આવી રહી છે ત્યારે જ સામાન્ય જનતાના ખિસ્સા પર મોંઘવારીનો મોટો માર પડ્યો છે.

સૌરાષ્ટ્રના મુખ્ય માર્કેટ ગણાતા રાજકોટમાં ખાદ્યતેલના ભાવમાં વધારાનો સિલસિલો સતત યથાવત રહ્યો છે. ગૃહિણીઓનું બજેટ ખોરવતા આ ભાવવધારામાં આજે ફરી એકવાર સીંગતેલ અને કપાસિયા તેલના ભાવમાં તોતિંગ વધારો ઝીંકાયો છે. બજારના સૂત્રોના જણાવ્યા અનુસાર, આજે ફરી એકવાર તેલના ડબ્બાના ભાવમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે, સીંગતેલના ડબ્બાના ભાવમાં રૂપિયા ૩૦નો વધારો નોંધાયો છે. જ્યારે કપાસિયા તેલના ડબ્બાના ભાવમાં રૂપિયા ૪૦નો વધારો થયો છે.

આ કોઈ એક દિવસનો આંચકો નથી, પરંતુ છેલ્લા અડધા મહિનાથી ખાદ્યતેલના ભાવ સતત વધી રહ્યા છે.

છેલ્લા માત્ર ૧૫ દિવસના ગાળામાં જ તેલના ભાવમાં થયેલો કુલ વધારો આંચકો આપનારો છે. છેલ્લા ૧૫ દિવસમાં સીંગતેલના ડબ્બે રૂપિયા ૧૬૫ વધી ગયા છે. કપાસિયા તેલના ડબ્બે છેલ્લા ૧૫ દિવસમાં રૂપિયા ૧૫૫ નો તોતિંગ વધારો થયો છે.

ખાદ્યતેલના વેપારીઓ અને બજારના વિશ્લેષકોના જણાવ્યા અનુસાર, આ વર્ષે મગફળી અને કપાસના વાવેતરમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. ઓછું વાવેતર થવાને કારણે બજારમાં કાચા માલની આવક મર્યાદિત છે, જેને પગલે ડિમાન્ડ સામે સપ્લાય ઓછી હોવાથી તેલના ભાવ સતત વધી રહ્યા છે.

# IMDના અમદાવાદ કેન્દ્રની આગાહી : ગુજરાતમાં આગામી ૭ દિવસ વરસાદી માહોલ

ગાંધીનગર, તા.૧૯

ભારત મોસમ વિજ્ઞાન વિભાગ-IMDના અમદાવાદ કેન્દ્ર દ્વારા આગામી ૭ દિવસ માટે ગુજરાત રાજ્ય, દીવ, દમણ અને દાદરા નગર હવેલી માટે હવામાનનું પૂર્વાનુમાન અને ચેતવણી જાહેર કરવામાં આવી છે. રાજ્યમાં આગામી દિવસોમાં હળવાથી મધ્યમ અને કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ થવાની સંભાવના છે.અમદાવાદ અને આસપાસના વિસ્તારોની સ્થિતિ

અમદાવાદ અને તેની આસપાસના વિસ્તારોમાં આગામી ૨૪ કલાક દરમિયાન સામાન્ય રીતે વાદળછાયું આકાશ રહેશે. આ સાથે જ શહેરમાં એક કે બે વાર વરસાદ અથવા ગાજવીજ સાથે ઝાપટાં પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૨૦મી,જુલાઈ દરમિયાન દક્ષિણ ગુજરાતના જિલ્લાઓ જેવા કે સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી તેમજ દમણ અને દાદરા નગર હવેલીમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદ પડવાની પ્રબળ સંભાવના છે ત્યારબાદ ૨૪થી ૨૫મી, જુલાઈ દરમ્યાનના ૬ દિવસ ગુજરાતના અન્ય વિસ્તારો જેવા કે અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહીસાગર અને છોટાઉદેપુરમાં પણ છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની ચેતવણી-યેલો એલર્ટ આપવામાં આવી છે.

૨૦મીએ ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર અને અમદાવાદ સહિતના તમામ જિલ્લાઓમાં થોડા સ્થળોએ હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે. જ્યારે ૨૧મીથી ૭ દિવસ સુધી ઉત્તર ગુજરાતમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદી આશંકા છે.

આગામી તમામ ૭ દિવસો દરમિયાન દક્ષિણ ગુજરાતના વડોદરા, ભરૂચ, સુરત અને વલસાડ સહિતના તમામ જિલ્લાઓમાં તથા દમણ, દાદરા નગર હવેલીમાં ઘણા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ-ગાજવીજ સાથે વરસાદ ચાલુ રહેશે.

સૌરાષ્ટ્ર અને કચ્છમાં શરૂઆતના ત્રણ દિવસ સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓ રાજકોટ, જામનગર, ભાવનગર અને દીવમાં થોડા સ્થળોએ વરસાદ પડશે. જે બાદમાં છૂટાછવાયો થઈ જશે. કચ્છમાં આગામી ૭ દિવસ દરમિયાન માત્ર છૂટાછવાયા સ્થળોએ જ હળવો વરસાદ થવાની સંભાવના છે.

# રામોલ ફટાકડા ફેક્ટરી બ્લાસ્ટનો મુખ્ય આરોપી ઝડપાયો

અમદાવાદ, તા.૧૯

અમદાવાદ શહેરમાં ગઈકાલે એક ગેરકાયદેસર ફટાકડાની ફેક્ટરીમાં ભયાનક આગ લાગ્યા બાદ પ્રચંડ બ્લાસ્ટ થયો હતો, જેમાં કુલ ૯ નિર્દોષ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. આ ચકચારી ઘટના અંગે અમદાવાદ શહેરના પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલોતે પત્રકાર પરિષદ યોજીને તપાસની વિગતો જાહેર કરી છે.

પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલોતે જણાવ્યું હતું કે, આ દુર્ઘટનામાં સૌથી વધુ પ્રભાવિત દાહોદના સંજેલી તાલુકાના ગોવિંદ તળાઈ ગામનો શ્રમિક પરિવાર થયો છે. ગણેશ ચતુર્થીના તહેવાર માટે ફટાકડા બનાવવાનો ઓર્ડર મળ્યો હોવાથી, છેલ્લા ૨૦થી ૨૫ દિવસથી જ દાહોદ તરફથી શ્રમિકો લાવીને અહીં કામ શરૂ કરાયું હતું. બ્લાસ્ટમાં એક જ પરિવારના ૭ લોકોના કાળમુખા મોતના સમાચારથી વતન દાહોદમાં માતમ છવાઈ ગયો છે.

મૃતકોમાં ૩૫ વર્ષીય રમીલાબેન ભરતભાઈ અને તેમના ૭, ૫, ૪ તેમજ ૩ વર્ષના માસૂમ બાળકો શામેલ છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આ ફેક્ટરી મેહુલ ડોડીયા નામનો શખ્સ ચલાવતો હતો અને તેની માતા રમીલાબેન તેનું સંચાલન કરતી હતી, જ્યારે સાદિક નામનો વ્યક્તિ તેનો ભાગીદાર છે. આ જગ્યાનો ઈતિહાસ પણ કાળો રહ્યો છે. વર્ષ ૨૦૧૪માં પણ જ્યારે રમીલા અહીં ફેક્ટરી ચલાવતી હતી, ત્યારે આગ લાગી હતી અને એક વ્યક્તિનું મોત થયું હતું. એ સમયે રમીલાના નામે લાયસન્સ રદ કરવામાં આવ્યું હતું, પરંતુ ત્યારબાદ સુધરવાને બદલે દીકરા મેહુલના નામે ફરી લાયસન્સ પ્રક્રિયા શરૂ કરીને આ કાળો કારોબાર ચાલુ રાખવામાં આવ્યો હતો.

પોલીસ કમિશનરના જણાવ્યા મુજબ, ફટાકડા ફેક્ટરીના લાયસન્સ માટે ફાયર એન.ઓ.સી. (ર્દ્ગંઝ્ર), જમીનની યોગ્ય ચકાસણી અને સ્ટેચર સર્ટિફિકેટ જેવા કાયદાકીય દસ્તાવેજો જરૂરી હોય છે, જે આ કેસમાં નેવે મૂકવામાં આવ્યા હતા. કામદારોનો કોઈ ઈન્સ્યોરન્સ પણ લેવાયો નહોતો અને ગેરકાયદેસર રીતે મજૂરો લાવવામાં આવ્યા હતા. આ ઘટનામાં જમીન માલિકની સંડોવણી પણ સામે આવી છે.

બ્લાસ્ટ વખતે મુખ્ય આરોપી મેહુલ ત્યાં હાજર હતો પરંતુ તે પોતે પણ ઈજાગ્રસ્ત થતા ત્યાંથી ભાગી છૂટ્યો હતો. તેણે તપાસ કરવા માટે તેના એક મિત્રને મોકલ્યો હતો. અમદાવાદ શહેર પોલીસની ૧૫ ટીમો તેની પાછળ લાગી હતી અને અંતે તેને સાબરમતી વિસ્તારમાંથી ઝડપી પાડવામાં આવ્યો છે. આ કેસમાં અત્યાર સુધી ૨ આરોપીઓની ધરપકડ થઈ ચૂકી છે. રામોલ વિસ્તારમાં આવેલી ૧૩ ફટાકડા ફેક્ટરીઓમાંથી નિયમોના ભંગ બદલ ૧૨ ફેક્ટરીના લાયસન્સ કેન્સલ કરાયા છે. હવે અમદાવાદ ગ્રામ્ય પોલીસ સાથે સંકલન સાધીને આવી તમામ ગેરકાયદેસર ફેક્ટરીઓ પર ડિમોલિશનની કાર્યવાહી કરવામાં આવશે.

## કાશ્મીરમાં ટ્રેનિંગ લીધેલા સુસાઈડ બોમ્બર્સનો ATSએ કર્યો પર્દાફાશ

# ગુજરાતમાંથી પકડાયેલા જૈશના આતંકીઓનો પ્લાનિંગના ચોંકાવનારા ખુલાસા બહાર આવ્યા

અમદાવાદ, તા.૧૯

ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (ATS) દ્વારા જૈશ-એ-મોહમ્મદ (JeM) ના આતંકી મોડ્યુલના પર્દાફાશ બાદ કંપાવી દેનારા ખુલાસાઓ સામે આવ્યા છે. પકડાયેલા આતંકીઓ ગુજરાતમાં મોટો આત્મઘાતી હુમલો અથવા કોઈ મોટી આતંકી ઘટનાને અંજામ આપવા માટે સંપૂર્ણ રીતે તૈયાર (રેડિકલ) થઈ ચૂક્યા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

ATSની તપાસ મુજબ, પકડાયેલા મુખ્ય આતંકી અહેમદ ગાજીવાલા અને ઈબ્રાહીમે કાશ્મીર જઈને એક બંધ જગ્યાએ ૮ મહિના સુધી AK-47 રાઈફલ અને પિસ્તોલ ચલાવવાની ઘાતક તાલીમ લીધી હતી. આ કાવતરામાં પાકિસ્તાન સ્થિત હેન્ડલર અબ્દુલ્લા, આફરીન કુરેશી અને એક અજાણ્યો કાશ્મીરી શખ્સ પણ સામેલ હતા. પાકિસ્તાની હેન્ડલર તરફથી આ આરોપીઓને રૂ. ૩ લાખ ફંડ મળ્યું હતું, જેમાંથી તેમણે કાર અને બાઈક ખરીદ્યા હતા. આ કાવતરાના ભાગરૂપે વડોદરા ખાતે કાશ્મીરી વ્યક્તિ સાથે આતંકીઓની ગુપ્ત બેઠકો પણ યોજાઈ હતી. છેલ્લા ૫ મહિનાથી આ નેટવર્ક ગુજરાતમાં સક્રિય થવાનો પ્રયાસ કરી રહ્યું હતું.

સૌથી ચોંકાવનારી બાબત એ છે કે આ આતંકીઓએ માત્ર હથિયારો જ નહીં, પરંતુ કેમિકલ બ્લાસ્ટ અને ઝેરી ગેસ બનાવવાની પણ તાલીમ મેળવી હતી.

આતંકી આમીન શેરા અને મોહમ્મદ અયુબની હાજરીમાં આરોપીઓએ કુલ ૮ ટાઈમર બોમ્બ બનાવ્યા હતા. આ બોમ્બના ટેસ્ટ બ્લાસ્ટ (ટ્રાયલ) સિદ્ધપુરના ખડિયાસણ નજીક નદીના પટમાં, ચાટાવાડા ગામ અને ટેબાવાડા ગામમાં આવેલા મહાકાળી માતાના મંદિર નજીક કરવામાં આવ્યા હોવાનો ખુલાસો થયો છે. બોમ્બ બનાવવાનું રો-મટીરીયલ સિદ્ધપુરની સ્થાનિક દુકાનમાંથી જ ખરીદાયું હતું, જ્યાં હાલ ATSએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. આ ઉપરાંત, આરોપીઓએ કાર્બન મોનોક્સાઈડ, મિથેન અને હાઈડ્રોજન સલ્ફાઈડ જેવા અત્યંત ઝેરી ગેસ બનાવીને અન્ય યુવાનોને પણ આ ટ્રેનિંગ આપી હતી.

હાલમાં પકડાયેલા ૫ મુખ્ય આરોપીઓ સહિત કુલ ૧૩ જેટલા શખ્સો કટ્ટરપંથી (રેડિકલ) બન્યા હોવાનું સામે આવ્યું છે. અહેમદ ગાજીવાલાના ઘરેથી આતંકી મસૂદ અઝહરના પુસ્તકો અને અન્ય જેહાદી સાહિત્ય મળી આવ્યું છે. ATSની રેડ દરમિયાન નીચે મુજબની સામગ્રી જપ્ત કરવામાં આવી છે. જેમાં શંકાસ્પદ પીળો અને કાળો પાવડર તથા Sodium Phosphate Dibasic કેમિકલ, બોમ્બ બનાવવા માટે વપરાતા વાયર, સેલ અને અન્ય સામગ્રી, જૈશ-એ-મોહમ્મદનો ઝંડો, જેહાદી પુસ્તકો, ડાયરી અને નોટબુકો, રોકડા રૂ. ૧.૩૦ લાખ અને શંકાસ્પદ ડિજિટલ પુરાવા (મોબાઈલ ફોન), એક આરોપી પાસેથી બીજા આરોપીને ટ્રાન્સફર કરાયેલ બાર બોરનો કારતૂસનો સમાવેશ થાય છે.


